# પંજાબરત્ન ગુરુદેવ
## (મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી ચરિત્ર)

**લેખક**
શ્રાવક પંડિત કુંવરજી આણંદજી

**પ્રકાશક**
ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ
**ગોધરા**

**ઈ. સ. ૨૦૧૩]          આવૃત્તિ-૪          [વિક્રમ સં. ૨૦૭૦**

# પંજાબરત્ન ગુરુદેવ
## (મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી ચરિત્ર)

**પ્રકાશક** : શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા

**નકલ** : ૫૦૦

**આવૃત્તિ** : માગ.શુદિ-૬, વિ. ૨૦૭૦, ઈ.સ. ૨૦૧૩

**પૃષ્ઠ** : ૧૨ + ૧૦૪ = ૧૧૬

**મૂલ્ય** : રૂા. ૮૦/-

**પ્રાપ્તિસ્થાન :**

૧. **શ્રીવિજયનેમિસૂરિ-સ્વાધ્યાયમન્દિર**
૧૨, ભગતબાગ સોસાયટી,
નવા શારદામંદિર રોડ, પાલડી,
અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૦૭૯-૨૬૬૨૨૪૬૫ (મો.) ૯૪૦૮૬૩૭૭૧૪

૨. **શ્રીસરસ્વતી પુસ્તક ભંડાર**
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨

**મુદ્રક : કિરીટ ગ્રાફિક્સ** - અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫

## પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

આ ચરિત્ર બનાવી છપાવીને બહાર પાડવાની અમારી સભાના સભાસદોના અંતઃકરણમાં બહુ ઉતાવળ હતી, પરંતુ સાંસારિક ઉપાધિઓને લીધે તેમાં અણધાર્યો વિલંબ થયો છે; તો પણ જ્યારે તૈયાર કરીને વાચકવર્ગની સન્મુખ મૂકવા શક્તિમાન થયા છીએ ત્યારે ઉક્ત મુનિરાજશ્રીના અમારી ઉપરના ઉપકારના કિંચિત્ અનૃણી થયા છીએ તેમ લાગવાથી અમને હર્ષ ઉત્પન્ન થાય છે.

આ ચરિત્ર કેટલીક છૂટક છૂટક નોંધોને આધારે અમારી સભાના સભાસદ શા. ઝવેરભાઈ ડાહ્યાભાઈ ધોલેરા-નિવાસીએ લખીને સભા તરફ મોકલાવ્યું હતું, પરંતુ તેમાં ભાષા વિગેરેનો કેટલોક ફેરફાર કરવાની ખાસ જરૂર જણાવાથી અમારી સભાના પ્રમુખ શા. કુંવરજી આણંદજીએ તેને આધારે આ ચરિત્ર નવું જ લખી કાઢ્યું અને તે સુધારીને છપાવવામાં આવ્યું છે. કેટલીક નોંધની અપૂર્ણતાને લીધે આમાં પૂરતી હકીકત આપી શકાતી નથી પરંતુ એકંદર રીતે ધારેલી ધારણા ફળીભૂત થઈ છે એમ જણાય છે.

આવાં ચરિત્રો વાંચનારને બહુ હિત કરે છે. પ્રસંગે પ્રસંગે લખાયેલ ઉપદેશક અને વિચારવા યોગ્ય વાક્યો બહુ મનન કરવા યોગ્ય છે. આવા મહાપુરુષો હયાતિમાં પરમ ઉપકાર કરે છે તેમજ ત્યારપછી તેમનાં ચરિત્રો પણ ઉપકારક થાય છે, માટે વાંચનાર જૈનબંધુઓએ માત્ર વાર્તા તરીકે વાંચી ન જતાં તેમાં આવતી પ્રશંસાપાત્ર વર્ત્તણૂક અને પ્રાસંગિક હિતોપદેશક વાક્યો લક્ષમાં લેવા જેથી સભાએ કરેલો પ્રયાસ ફળીભૂત થશે. કિં બહુના ?

મિતિ સંવત ૧૯૫૪ના ફાલ્ગુન વદિ ૧ — **અમરચંદ ઘેલાભાઈ**
મંત્રી, જૈ. ધ. પ્ર. સભા.

: શ્રુતભક્તિ :

**શ્રી ભાવનગર જૈન શ્વે. મૂ.પૂ. તપાગચ્છ સંઘે**

**આ પુસ્તકના પ્રકાશનમાં પોતાના જ્ઞાનખાતામાંથી લાભ લીધો છે.**

**શ્રી સંઘની શ્રુતભક્તિની અનુમોદના**

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના

આ પરમ ઉપકારી મહાપુરુષનું ચરિત્ર અમે ૩૬ વર્ષ અગાઉ (સં. ૧૯૫૪માં) પ્રગટ કરેલું હતું. તેની નકલો હાલ બિલકુલ મળી શકતી નથી. તેથી તેની બીજી આવૃત્તિ કરવાની આવશ્યકતા તો હતી જ. તેવામાં સં. ૧૯૮૯નું ચોમાસું આચાર્ય શ્રીવિજયનેમિસૂરીશ્વરે સપરિવાર ભાવનગરમાં કરતાં તેમના પરિવારની પ્રેરણાથી તરતમાં જ આ આવૃત્તિ કરવાનું મુકરર કરી આઠ દિવસની અંદર છપાવીને તૈયાર કરેલ છે.

મહારાજશ્રીનો સુંદર ફોટો ખાસ નવો બ્લોક કરાવીને મૂકવામાં આવેલ છે.

પહેલી આવૃત્તિના લખાણમાં પ્રાયઃ કોઈ કોઈ શબ્દ કે શબ્દરચના સિવાય કશો ફેરફાર આ આવૃત્તિમાં કરવામાં આવેલ નથી. તેમાં વાપરેલ વર્તમાનકાળ પણ તેમ જ રાખેલ છે તેથી તે વાંચતી વખત તે બનાવનો અથવા પહેલી આવૃત્તિ છપાયાનો સમય ધ્યાનમાં રાખવો.

મહારાજશ્રીના ગુરુભાઈઓમાંથી તો નાના કે મોટા કોઈ અત્યારે વિદ્યમાન નથી. તેમના મુખ્ય દશ શિષ્યોના નામ વિગેરે હકીકત ચરિત્રમાં પ્રાંતે આપેલ છે, તેમાંથી પણ માત્ર બે જ શિષ્ય મુનિ નેમવિજયજી (હાલ આ. શ્રીવિજયનેમિસૂરિ) અને મુનિ કર્પૂરવિજયજી જ વિદ્યમાન છે. પરંતુ તેમના શિષ્ય-પ્રશિષ્યાદિનો વિસ્તાર એટલો વૃદ્ધિ પામ્યો છે કે જેની સંખ્યા સુમારે ૧૨૫ થી ૧૫૦ સુધી થવા જાય છે. તદુપરાંત તે પરિવારમાં અત્યારે પાંચ આચાર્ય, ત્રણ ઉપાધ્યાય ને ચાર પંન્યાસ વિદ્યમાન છે. સાધ્વીના પરિવારની સંખ્યા ગણવામાં આવી નથી.

ગુરુભાઈના પરિવારમાં પણ મુનિરાજ શ્રીઆત્મારામજી (શ્રીવિજયાનંદસૂરિ)નો પરિવાર બહુ વૃદ્ધિ પામેલો છે. બીજા ગુરુભાઈઓનો પરિવાર અલ્પસંખ્યામાં જણાય છે.

શાસ્ત્રાભ્યાસ સંબંધી વિચાર કરતાં પણ તેઓ સાહેબના અને મુનિરાજ શ્રીઆત્મારામજી મહારાજના પરિવારમાં અત્યારે સારી સંખ્યામાં વિદ્વાન મુનિઓ સર્વ સિદ્ધાંતના તેમ જ અનેક ગ્રંથોના અભ્યાસી દૃષ્ટિગોચર થાય છે અને તેઓ શાસનને દીપાવી રહ્યા છે.

આ ચરિત્ર લક્ષપૂર્વક વાંચવાયોગ્ય છે. તેમાં પ્રસંગે પ્રસંગે લખાયેલ વર્ણન, હિતશિક્ષા, આપ્તવચનો વિગેરે એ ગુરુ-મહારાજના મુખમાંથી નીકળેલા નીઝરણાં જ છે. એમાં લેખકની ચતુરાઈ સમજવાની નથી. ગુરુમહારાજ શ્રીબુટેરાયજી

મહારાજને અને મુનિરાજ શ્રીમૂલચંદજી તેમજ વૃદ્ધિચંદજી મહારાજને કેવાં કેવાં સંકટોમાંથી પસાર થવું પડ્યું છે અને તેમાં તેમણે કેવી દીર્ઘદૃષ્ટિ વાપરી છે તે આ ચરિત્ર વાંચવાથી સહેજે સમજી શકાય તેમ છે. ખરી રીતે વિચારતાં તો શ્રીસત્યવિજયજી મહારાજે ક્રિયાઉદ્ધાર કર્યા પછી શિથિલતામાં વૃદ્ધિ અને સાધુસંખ્યામાં હાનિ થયેલી, તેનો ફરીને ઉદ્ધાર મુનિમહારાજ શ્રીબુટેરાયજીએ જ કરેલો છે. અત્યારે પણ સાધુ-સાધ્વીની મોટી સંખ્યા તેમના પરિવારની જ છે.

આવા મહાપુરુષોનાં ચરિત્રો અનુકરણ કરવાલાયક હોય છે. વ્યાધિના તીવ્ર ઉદયને વખતે કેવી રીતે સમાધિ ને શાંતિ જાળવવી એ વાત તે બન્ને ગુરુભાઈના પ્રાંત વખતના - વ્યાધિ સમયના વર્તનથી અનુભવમાં આવી શકે તેમ છે. તે સાથે શ્રીસંઘનો ભક્તિભાવ પણ તેવે પ્રસંગે વ્યક્ત થઈ શકે છે. 'મહાન્ પુરુષની ભક્તિ પણ અપૂર્વ જ હોવી જોઈએ.'

આ જૈનધર્મ પ્રસારક સભાની અત્યારે દશ્યમાન વૃદ્ધિવાળી સ્થિતિ એ મહાપુરુષની કૃપાદષ્ટિની વૃષ્ટિનું જ પરિણામ છે. એનાં બીજ પણ એમની કૃપાથી જ રોપાયેલાં છે. 'જૈન ધર્મ પ્રકાશ' માસિક પણ એમની શીતળ છાયામાં પ્રકાશિત થયેલ છે. સભાને ૫૩ અને માસિકને ૪૯ વર્ષ જે પ્રાયઃ નિર્વિઘ્નપણે વ્યતીત થયા છે તે એ કૃપાળુની મિષ્ટ દૃષ્ટિનું જ ઉત્તમ ફળ છે.

આ ચરિત્રમાં પ્રથમ એક ગુજરાતી પદ્યાત્મક અષ્ટક દાખલ કરેલું હતું. આ આવૃત્તિમાં બીજાં બે સંસ્કૃત પદ્યાત્મક અષ્ટકો અર્થ સાથે આપવામાં આવ્યા છે. એ પદ્યમાં ગુરુમહારાજની સ્તુતિ બહુ શ્રેષ્ઠ શબ્દોમાં તેના કર્ત્તાઓએ પ્રદર્શિત કરેલી છે.

પ્રાંતે એટલું જ ઈચ્છીને આ પ્રસ્તાવના સમાપ્ત કરવામાં આવે છે કે - એ વૃદ્ધિ સૂચવતા નામવાળા ગુરુમહારાજનો પરિવાર દિનપરદિન સંખ્યામાં, જ્ઞાનમાં અને ચારિત્ર વગેરેમાં વૃદ્ધિ પામો અને શાસનોદ્યોત કરવામાં સદા અપ્રમાદી રહો. તથાસ્તુ.

કાર્ત્તિક શુક્લ પૂર્ણિમા
સં. ૧૯૯૦

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.**
ભાવનગર

## સંવિગ્નતાનું શિખર

પૂજ્યપાદ શ્રીવૃદ્ધિચન્દ્રજી મહારાજ, પોતાના ગુરુ-મહારાજની જેમ જ પ્રખર વૈરાગી તથા સંવેગી સાધુ ભગવંત હતા. તેમને પણ, ગુરુમહારાજના સમાગમને લીધે તેમજ અધ્યયનને પરિણામે, સત્ય માર્ગ સમજાતાં, ગુરુની સાથે જ તેમણે પણ અસત્ પંથનો ત્યાગ કર્યો હતો, અને શુદ્ધ માર્ગ સ્વીકાર્યો હતો.

તેમનું જીવન કેટલું પવિત્ર હશે, અને તેમનું ચિત્ત વૈરાગ્યના રંગે કેવું રંગાયું હશે, તેની ઝાંખી તેમનું આ ચરિત્ર વાંચવાથી મળી રહે છે. પંડિત કુંવરજી આણંદજીએ લખેલું આ ચરિત્ર, વાસ્તવિક ચરિત્રચિત્રણરૂપ છે. આમાં નથી કોઈ ભાષાનો આડંબર કે નથી અતિશયોક્તિપૂર્ણ અને વગર જરૂરના અહોભાવની રજૂઆતો.

આવા વિવેકી, અભ્યાસુ અને શાસ્ત્રજ્ઞ શ્રાવક, હૃદયના સદ્ભાવ વગર કોઈનું ચરિત્ર લખે નહિ. લખે તેમાં પણ અનાવશ્યક વાતોને બઢાવી-ચઢાવીને - લંબાણપૂર્વક લખે નહિ. પોતાની સહજ સરળ-નિરાડંબર ભાષામાં, જે વાતો

પોતાને અસર કરી ગઈ હોય તેનું યથાતથ નિરૂપણ કરવામાં જ તેમના ચિત્તનો સદ્ભાવ અભિવ્યક્ત થઈ જતો હોય છે. તેવા સાદા નિરૂપણ થકી જ આવા ઉત્તમ સાધુજનના વૈરાગ્ય, સાધુતા, ભવભીરુતા, વાત્સલ્ય, બોધ ઈત્યાદિ ઉમદા ગુણો આપોઆપ પ્રતિપાદિત થઈ જતા હોય છે. આ વાતનો ખ્યાલ આ ચરિત્ર વાંચતાં તરત આવી શકશે.

મૂલચંદજી અને વૃદ્ધિચંદ્રજી - બે ગુરુભાઈઓ. એક પ્રતાપી ગચ્છનાયક, તો બીજા વત્સલ અને ભક્ત સાધુપુરુષ. બન્નેનું ચારિત્રપાલન એક આદર્શ રચી આપે તેવું હતું. બન્નેની ગુરુભક્તિ અજોડ હતી. બન્નેની શાસનદાઝ અનન્ય હતી. તો બન્નેનો એકબીજા માટેનો સ્નેહ અને આદર સગા ભાઈઓથી પણ અધિક હતો.

મૂલચંદજી મ.ના ચરિત્રમાં એક પ્રસંગ નોંધાયો છે, તે પ્રમાણે- એકવાર એક સાધુને તેના કોઈ મોટા અપરાધ સબબ મૂલચંદજી મ.એ માંડલીબહાર મૂક્યો. તે સાધુને બહુ લાગી આવ્યું. ખૂબ પસ્તાયો. તે વિહાર કરીને ભાવનગર ગયો, અને વૃદ્ધિચન્દ્રજી મ.નું શરણું લીધું. પોતાનો અપરાધ કબૂલીને ક્ષમા કરવા વિનવણી કરી. દયાળુ અને વત્સલ મહારાજજીનું હૃદય પીગળી ગયું, અને તેમણે તેને માફી આપી પાછો માંડલીમાં લઈ લીધો.

સમયાંતરે આ વાતની જાણ એક ગૃહસ્થે મૂલચંદજી મ.ને કરતાં કહ્યું કે ''સાહેબ ! આવું કેમ ચાલે ? આપ થાપો ને એ ઉથાપે ?''

ત્યારે મૂલચંદજીએ તેને કહ્યું : "જુઓ, મારું કરેલું હોય તેને વૃદ્ધિચંદ્રજી ફેરવી શકે છે, પણ તેમણે જે કર્યું હોય તેમાં ફેરફાર કરવાનો મને કોઈ અધિકાર નથી. તે જે કરતા હશે તે સમજીને જ કરે તેવા ઠરેલ અને વિવેકી છે. માટે આ બધી પંચાતમાં તમારે ન પડવું."

આ બનાવ ઉપરથી ખ્યાલ આવી જાય છે કે વૃદ્ધિચન્દ્રજી મ.ની ભીતરી ઊંચાઈ કેટલીબધી હશે !

વૃદ્ધિચન્દ્રજીની ગુરુભક્તિ પણ અસામાન્ય હતી. વડીલો પાસે સાંભળ્યું છે કે એકવાર ગોચરીમાં આવેલું દૂધ ગુરુદેવ બૂટેરાયજીએ મોંમાં લીધું અને તરત બોલ્યા કે "અરે મૂલા ! યે દૂધ તો કડુઆ લગતા હૈ !"

તત્ક્ષણ મૂલચંદજીએ તે દૂધનું પાત્ર ગુરુદેવના હાથમાંથી લઈ લીધું, અને "આપ ન પીશો, હું વાપરી જઉં છું." એમ કહીને તે ખારું-મીઠાવાળું દૂધ પોતે પીવા માંડ્યા. વૃદ્ધિચન્દ્રજી ત્યાં જ હતા. તેમણે તે પાત્ર તેઓના હાથમાંથી ખેંચી લીધું અને કહ્યું કે "મોટાભાઈ, તમારે આખો ગચ્છ અને શાસન સંભાળવાનાં છે, આ પીઓ તો તમે માંદા પડો, તો ગચ્છને કોણ સાચવશે ?" આમ કહીને તે દૂધ તેઓ જાતે વાપરી ગયા.

નાજુક કાયા અને નબળી તબિયત ધરાવતા મહારાજજી પર આવા ખારાઊખ દૂધની અસર બહુ જ માઠી પડી. તેમને સંગ્રહણીનો વ્યાધિ લાગુ પડી ગયો, જેમાં તેમને તેઓ જીવ્યા ત્યાં લગી હમેશાં ૪૦-૫૦ ઠલ્લા (ઝાડા) થતા રહ્યા. ઘણા

ઉપચારો છતાં તે વ્યાધિ ન જ મટ્યો. તે કારણે જ તેમણે પાછલાં ૧૧ વર્ષ ભાવનગરમાં જ સ્થિરવાસ સ્વીકારવો પડેલો.

આ આખોયે પ્રસંગ પોતાના બન્ને ગુરુજનો પ્રત્યેની તેઓની અપૂર્વ ભક્તિનો સંકેત આપનારો છે.

આવા સાધુપુરુષના જીવનચરિત્રનું અધ્યયન-વાંચન, હળુકર્મી તથા ભવભીરુ જીવો માટે અમૃતછલકાતું પ્રેરણાદાયી ભાથું પૂરું પાડશે તેવી શ્રદ્ધા સાથે આ પુસ્તકનું પુનઃ પ્રકાશન કરાવ્યું છે.

પૂ. બૂટેરાયજી મ., પૂ. મૂલચંદજી મ., પૂ. વૃદ્ધિચંદ્રજી મ.- એ પંજાબરત્ન ગુરુ-ત્રિપુટીનાં ચરિત્રોના ૩ ગ્રંથો એકીસાથે પ્રગટ થાય છે, અને તે પણ તેમના જ અનુગામી સાધુપુરુષ શાસનસમ્રાટ શ્રીવિજયનેમિસૂરિજી મહારાજના સ્મારકસ્વરૂપ 'શાસનસમ્રાટ-ભવન'ના ઉદ્ઘાટનના પુણ્ય પ્રસંગે થાય છે, તે પણ એક ધન્ય ક્ષણ છે.

આ ચરિત્રો આપણને સહુને સંવેગમાર્ગે દોરનારાં બનો તેવી પ્રાર્થના સાથે...

આસો શુદિ-૧૦, વિ.સં.૨૦૬૯ - **શીલચન્દ્રવિજય**
જૈન ઉપાશ્રય, સાબરમતી

## સકલમુનિમંડળશિરોમણિ શાંતમૂર્ત્તિ

# મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજી ચરિત્ર

वृष्ट्या यद्वचनामृतस्य सुचिरं सिक्तः प्रभावोल्लस-
द्धिष्णः सम्प्रति भाति भावनगरे श्रीसङ्घकल्पद्रुमः ।
चञ्चच्चन्द्रकलायते कुवलये यस्याऽस्ति चारित्रकं,
द्रष्टाऽर्हद्वचनस्य सोऽत्र जयति श्री**वृद्धिचन्द्रो** मुनिः ॥

સુશોભિત, રસાળ અને રમણીય **પંજાબ** દેશના **લાહોર** જિલ્લામાં **ચિનાબ** નદીના કિનારા ઉપર **રામનગર** નામનું શહેર છે. ત્યાં નીતિ અને ટેકમાં વખણાયેલી **ઓસવાળ** જ્ઞાતિના ધનાઢ્ય કુળમાં સંવત ૧૮૯૦ના પોષ શુદિ ૧૧ ને દિવસે શુભ મુહૂર્ત્તે આ પવિત્ર મહાત્માનો પુણ્યાનુબંધી પુણ્યને લીધે જન્મ થયો હતો. તેમના પિતાનું નામ **ધર્મજસ** અને માતાનું નામ **કૃષ્ણાદેવી** હતું. ગર્ભકાળથી ઉત્તમ દોહદ વડે અને જન્મ થયા પછી જણાયેલા પ્રભાવકપણાનાં ચિહ્નો વડે માતા-પિતાએ ગુણનિષ્પન્ન **કૃપારામ** એવું નામ રાખ્યું હતું.

શુભશીલસંપન્ન માતા કૃષ્ણાદેવીને પ્રથમ **લાલચંદ**, **મુસદ્દીમલ**, **વજીરીમલ્લ** અને **હેમરાજ** નામના ચાર પુત્રો અને **રાધાદેવી** નામની એક પુત્રી થયા પછી સૌથી નાના-છેલ્લા **કૃપારામ** પુત્ર થયા હતા; પરંતુ મૂલ્યવાન નાનું મણિ પણ મુગટમાં જડાઈને દેવાધિદેવના મસ્તકે આરૂઢ થાય તેમ અનેક ગુણો વડે અમૂલ્યતા સંપાદન કરીને તેઓ ચતુર્વિધ સંઘમાં પૂજ્યપદવીને પ્રાપ્ત થયા હતા. વળી લઘુતામાં જ પ્રભુતા રહેલી છે એમ પ્રત્યક્ષ જણાવવા માટે જ જાણે તેઓ બંધુવર્ગમાં લઘુ થયા હોય એમ જણાતું હતું.

જન્મથી જ તેમના શરીરનો બાંધો મજબૂત હતો. સુશોભિત વદનકમળ, અષ્ટમીના ચંદ્ર જેવું લલાટ, દીર્ઘ ભુજાઓ, સુકોમળ આંગળીઓ, કૂર્મોન્નત ચરણ, વિશાળ હૃદય, ઉજ્જ્વળ વર્ણ, મનરંજની ગતિ અને દેખતાં જ પ્રીતિ ઉત્પન્ન કરે એવો તેઓનો દેખાવ હતો. સામુદ્રિક લક્ષણોપેત ભાલસ્થળને જોતાં જ આ કોઈ પ્રભાવક પુરુષ થશે એમ નિમિત્તજ્ઞો કહેતા હતા. માતાપિતા અને વડીલ ભાઈ-બહેનોનું વાત્સલ્ય સ્વાભાવિક રીતે જ વિશેષ જણાતું હતું. બાલ્યાવસ્થાથી જ રમતગમત ઉપર ચિત્ત ઓછું હતું. ચંદ્રમાની કળાની પેઠે જેમ જેમ વય વૃદ્ધિ પામતી ગઈ તેમ તેમ ગુણરૂપી વૃક્ષ પણ અંકુરિત થઈને વૃદ્ધિ પામતું ગયું. તેમને યોગ્ય વયે ગામઠી નિશાળે અભ્યાસ કરવા બેસાડ્યા. ત્યાં વિદ્યાચાર્યની શક્તિના પ્રમાણમાં સાધારણ વિદ્યાભ્યાસ કરી વ્યવહારિક કાર્યમાં પ્રવર્ત્યા.

તેઓ પ્રારંભમાં તેમના વડીલ ભાઈ **મુસદ્દીમલ હેમરાજ**ના નામની શરાફી દુકાને ૧૪ વર્ષની ઉમ્મરે બેઠા. ત્યાં વ્યાપાર સોનું, રૂપું, કાપડ અને ઝવેરાત વગેરેનો હતો. બુદ્ધિ તીક્ષ્ણ હોવાથી તેમાં પ્રવેશ કરતાં તેમને વાર લાગી નહીં.

લઘુવયમાં જ **પીંડદાદલખાં** નામના શહેરમાં કુળવાન ઘરની કન્યા સાથે તેમનું વેવિશાળ થયું હતું, પરંતુ કોઈ કારણસર તે વેવિશાળ તૂટ્યું. ત્યારપછી બીજે વેવિશાળ થવાની તૈયારી થતી હતી તેવામાં તો તે વાત મુલત્વી રાખવામાં આવી. ''જ્યારે ભોગાવળી કર્મ ઓછું હોય છે, ત્યારે સ્વાભાવિક રીતે જ કારણો પણ સાનુકૂળ જ મળી આવે છે.''

આ વખતે પંજાબ દેશમાં ઘણે ભાગે ઢુંઢીઆ પંથનો પ્રચાર થઈ ગયો હતો. કોઈ કોઈ શહેરમાં જિનાલયો હતાં ખરાં, પરંતુ શ્રાવકવર્ગ ઢુંઢકમતિ રિખો (રિખો = ઋષિ, સાધુ)ના વિશેષ સંસર્ગથી મૂર્ત્તિપૂજા છોડી દઈને ઢુંઢકપંથી થઈ ગયેલ હોવાથી; તપગચ્છીય - મૂર્ત્તિપૂજા કરનારાઓની સંખ્યા બહુ સ્વલ્પ જણાતી હતી. કૃપારામના પિતાએ પણ એ જ માર્ગ સ્વીકારેલો હોવાથી કૃપારામ પણ કેટલીએક ક્રિયાઓ ઢુંઢકમતની જ કરતા હતા. એ તરફના ઢુંઢક રિખોમાં **અમરસિંહ** નામના રિખ તે વખતમાં મુખ્ય ગણાતા હતા.

તે વખતના લોંકાના યતિઓ ચિત્રેલી જિનપ્રતિમા પોતાની પાસે રાખતા હતા, પરંતુ અમરસિંહ ઢુંઢકે એ

બાબતનો પણ નિષેધ કર્યો. ''ઘણું તે થોડા માટે જ થાય છે.'' તે પ્રમાણે જ્યારે તેણે એટલું થોડું દ્વાર પણ બંધ કરવા ધાર્યું ત્યારે મોટો દરવાજો ઉઘડ્યો, જે દ્વાર વડે ઢુંઢકમતિના પાશમાં પડેલાઓ બહાર નીકળી શક્યા અને બીજાઓને તે દ્વારા શુદ્ધ માર્ગ જોવાને પ્રકાશ મળી શક્યો.

**બુટેરાવ** નામના એક ઢુંઢકમતી રિખ (ઋષિ, સાધુ) હતા, જેઓ બાલ્યાવસ્થાથી બ્રહ્મચર્યાદિ અનેક ગુણયુક્ત હોવા છતાં, સદ્‌ગુરુની જોગવાઈ ન હોવાથી, તેમજ આખા પંજાબદેશમાં તપગચ્છી મુનિઓનો વિહાર તે વખતમાં બિલકુલ ન હોવાથી, તેઓ સત્યશોધક છતાં, સંસારવાસ મહાદુઃખદાયક જાણીને પૂર્વે કેટલાએક રાજાઓ જેમ તાપસોના સહવાસ વડે તાપસી દીક્ષા ગ્રહણ કરતા હતા તેમ એમણે પણ ઢુંઢકમતની દીક્ષા ગ્રહણ કરી હતી.

ઢુંઢકો પણ શાસ્ત્રો તો જે તપગચ્છાદિમાં માન્ય છે તે જ માને છે. પરંતુ ૪૫ આગમ, તેની પંચાંગી અને સમુદ્ર-સરખા બુદ્ધિમાન્ અનેક આચાર્યોએ સિદ્ધાંતમાંથી ઉદ્ધરીને પૂર્વના ગંભીરાર્થવાળાં નાના શાસ્ત્રોમાંથી ગુરુગમ વડે તેમજ જ્ઞાનના ક્ષયોપશમ વડે વિસ્તૃત રહસ્ય પામીને, બાળજીવોના ઉપકારને નિમિત્તે, માગધીમાં તેમજ સંસ્કૃતમાં અનેક ગ્રંથો રચેલા છે, તે બધાં ન માનતાં માત્ર ૩૨ સૂત્રો મૂળ જ માને છે, અને તેના સત્ય અર્થને પ્રગટ કરનાર પૂર્વધર શ્રુતકેવળી વગેરેની કરેલી પંચાંગી, બાકીનાં સૂત્રો અને ગ્રંથો માનતા

નથી. ૩૨ સૂત્રોમાં પણ કેટલાએક પાઠ કે જે જિનપ્રતિમાનું માનનીયપણું સૂચવે છે તે પાઠ તેઓ ફેરવે છે, અને તેમાંનાં કેટલાંએક સૂત્રોના આલાવાના અર્થ પણ જુદી રીતે કરે છે. તેઓને સૂત્રના અર્થ કરવાનો આધાર માત્ર અલ્પમતિઓએ કરેલા સૂત્રો ઉપરના ટબા છે, કેમ કે તેઓ વ્યાકરણને કુશાસ્ત્ર કહીને તે ભણવાનો નિષેધ કરે છે અને મહા-બુદ્ધિશાળી આચાર્યોએ રચેલી ટીકા વગેરેમાં બતાવેલા અર્થ માનતા નથી તેમ વાંચતા પણ નથી. મહાન્ બુદ્ધિમાને કરેલા અર્થ ન માનવા અને અલ્પ બુદ્ધિમાને કરેલા અર્થ અંગીકાર કરવા એવી તેમની સમજણને સુજ્ઞ, વિદ્વાન્ અને વિચારવાન માણસો તો હસે છે. પરંતુ ધર્મની બાબત જ એવી છે કે માણસ ઊંડા ઊતરી વિચારતા નથી ને એક જ વાત ઉપર આગ્રહ કરી બેસે છે; પણ તે ભવભીરુનું લક્ષણ નથી. સંસારથી બીનારાઓ ઊંડા ઊતરી-વિચારી તત્ત્વ ગ્રહણ કરે છે અને અતત્ત્વની ઉપેક્ષા કરે છે. ઢુંઢીઆઓમાં આવી વિચારણાની બહુ જ ખામી દેખાય છે, અને તેથી પકડેલી વાત ઉપર તેઓ દઢ રહે છે. પણ તેથી તો તેવા પ્રાણીના કર્મની જ બલવત્તા દેખાય છે.

બુટેરાય રિખ જેમ જેમ તેમના સમુદાયમાં માન્ય કરવામાં આવેલાં ૩૨ સૂત્રો વાંચવા લાગ્યા તેમ તેમ તેમને પોતાના પક્ષવાળાના કરેલા અર્થ કેટલેક ઠેકાણે મનકલ્પિત લાગવા માંડ્યા. અને એ પ્રમાણે ઘણીવાર મનન કરવાથી એ બધો માર્ગ

તેમને કલ્પિત લાગ્યો. એટલે તેમણે સં. ૧૯૦૩માં સ્વયમેવ મુહપત્તિ તોડીને તપગચ્છ અંગીકાર કર્યો. ''બુદ્ધિમાનને સત્યની શોધ કાંઈ મુશ્કેલ નથી.'' મુનિ બુટેરાયજીને ઢુંઢકોના આચાર-વિચાર શાસ્ત્રવિરુદ્ધ અને અયોગ્ય જણાયા, તેમજ તેઓ વ્યાકરણને વ્યાધિકરણ માનીને ભણતા નહોતા તે વાતમાં પણ તેમનું, વ્યાકરણ ભણે તો ખરો અર્થ સમજે અને પોતાના ખોટા અર્થ ઉઘાડા પડી જાય, એવું પોકળ માલમ પડ્યું. પોતે તપગચ્છી થયા પછી બીજાં પણ કેટલાંએક શાસ્ત્રો વાંચ્યા અને ખરો માર્ગ વિશેષ પ્રકારે લભ્ય કર્યો.

પ્રથમ શ્રદ્ધા સુધર્યા પછી વિહાર કરતાં કરતાં તેઓ અનુક્રમે શીઆલકોટ નગરે આવ્યા હતા. ત્યાં કૃપારામના મામાની દીકરીના દીકરા મૂળરાજ નામે શ્રાવક રહેતા હતા. તેમને યોગ્ય જાણીને ઉપદેશ કરવાથી સંવત ૧૯૦૧માં તેમણે અને સંવત ૧૯૦૨માં પતિયાળાના રહેનાર પ્રેમચંદ નામના શ્રાવકને ઢુંઢકપણામાં જ દીક્ષા આપી હતી. તે જ અવસ્થામાં વિચરતાં સંવત ૧૯૦૨નું ચોમાસું તેમણે રામનગર કર્યું હતું. તે વખતે વેશ ઢુંઢકરિખનો હતો અને શ્રદ્ધા તપગચ્છની હતી. તેમના પ્રસંગમાં આ વખતે ધર્મજસનું આખું કુટુંબ આવ્યું અને બુટેરાયજીના નિર્મળ મનના ઉપદેશથી તે આખા કુટુંબની શ્રદ્ધા પ્રતિમા માનવાની થઈ. કૃપારામનો તેમની સાથે વિશેષ પ્રકારનો ધર્મરાગ જોડાયો અને શુદ્ધ જૈનમતનું બીજ આ વખતે તેમના મનમાં રોપાયું.

સંવત ૧૯૦૩માં બુટેરાયજી મહારાજે, મુનિ મૂલચંદજી તથા પ્રેમચંદજી સહિત મુહપત્તિ તોડી. પરંતુ એ વખતમાં આખા પંજાબમાં ઢુંઢકમત વ્યાપી રહેલ હોવાથી તે મતનું પરિબળ વિશેષ હતું. આહાર-વિહારાદિમાં પણ કષ્ટ વેઠવું પડતું હતું. તેવું કષ્ટ વેઠીને - પરીષહો સહન કરીને પણ સ્થાને સ્થાને ઉપદેશ આપીને મુનિરાજ શ્રીબુટેરાયજીએ પ્રતિમા માનવા-પૂજવાની શ્રદ્ધાવાળાની સંખ્યા વધારી. ઢુંઢકમતીરૂપ કાંટાવાળા ક્ષેત્રને સાફ કરી તેમાં ઉત્તમ ધર્મબીજ વાવવાનું કષ્ટવાળું પણ પ્રશંસનીય કાર્ય દેશપ્રસિદ્ધ મુનિરાજ શ્રીબુટેરાયજીએ કરેલું હોવાથી આખો પંજાબદેશ વાસ્તવિક રીતે તેમનો આભારી છે, અને એ સંબંધનું સર્વ પ્રકારનું માન પણ તેમને જ ઘટે છે.

બાળબ્રહ્મચારી, પુણ્યવાન્ કૃપારામનું પુણ્ય હવે જાગૃત થયું. તેણે પોતાના દયાળુ સ્વભાવ વડે ‘કૃપારામ’ (દયાનું ઘર) નામ સાર્થક કર્યું. ‘સર્વ જીવોને અભયદાન આપું અને સર્વ જીવની સાથે મૈત્રીભાવ રાખું’ એવા પવિત્ર વિચારો તેને થવા લાગ્યા. કુમતિઓનો સંગ છૂટ્યો ને સદ્‌ગુરુનો યોગ મળવાથી ધર્મની રુચિ વધી, જેથી તે પૌદ્‌ગલિક સુખને તૃણવત્ નિઃસાર ગણવા લાગ્યા. ઘટમાં જ્ઞાનદીપક પ્રકાશ આપવા લાગ્યો તેથી સંવેગરંગમાં રંગાણા. જગત બધું અનિત્ય અને સંબંધી સૌ સ્વાર્થતત્પર જણાયા. સાંસારિક સુખ વીજળીના ચમકારા જેવું ચલિત અને ક્ષણવિનાશી લાગ્યું, જેથી તેમને તેના ઉપભોગની

ઇચ્છા વડે મનુષ્ય-જન્મને નિરર્થક ન ગુમાવતાં ધર્મારાધન વડે સાર્થક કરવાની ઇચ્છા પ્રવર્ત્તી.

તેમણે બે વર્ષ દુકાનનું કામ લક્ષપૂર્વક હુંશિયારીથી કર્યું. પરંતુ વૈરાગ્ય ઉત્પન્ન થયા પછી દુકાનના કામમાં લક્ષ ઓછું રહેવા લાગ્યું. સંવત ૧૯૦૫ના વર્ષમાં દીક્ષા લેવાના શુભ અધ્યવસાય જાગૃત થયા. માતાપિતાની રજા માગી, પણ મળી નહિ, તેથી આરંભવાળા કાર્યમાં ઓછું ધ્યાન આપવા લાગ્યા અને કેટલાક વ્રત-નિયમ ગ્રહણ કરીને જળમાં કમળની જેમ - સંસારમાં છતાં પણ ન્યારા - ઉદ્વિગ્ન ચિત્તે રહેવા લાગ્યા. સ્ત્રી સંસારને વધારનારી છે એમ વિચારીને વૈરાગ્યમાં વિઘ્નભૂત વેવિશાળ ફરીને કરવા દીધું નહીં. વૈરાગ્યદશાયુક્ત સદ્વિચાર તાજા ને તાજા રહેવાથી દિન-પરદિન ઉદાસીનતા વૃદ્ધિ પામતી ગઈ. અનુક્રમે બે વર્ષે સર્વ કુટુંબીવર્ગને સમજાવીને દીક્ષા લેવાની તેમણે અનુમતિ મેળવી. આ વખતે સંસારનું વિષમ સ્વરૂપ ભવભીરુ કૃપારામની નજર સામે તરી રહ્યું હતું.

કેટલાએક મનુષ્યોને - દરિદ્ર અવસ્થા હોવાથી પૂરું ખાવાનું મળતું ન હોય; ઘણાં સંતાનો છતાં તેમનું ગુજરાન ચલાવવાની શક્તિ ન હોય; સ્ત્રી સુંદર છતાં અત્યંત ક્લેશી હોય; અંતરંગ સંબંધીનું અથવા મિત્રનું નાની અવસ્થામાં મરણ નીપજ્યું હોય; મહત્તાવાળી જગ્યાએ અત્યંત માન-

હાનિ થઈ હોય; એવાં અનેક કારણોને લીધે દુઃખગર્ભિત વૈરાગ્ય થાય છે, અને તેવા વૈરાગ્ય વડે દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા થાય છે. પરંતુ કૃપારામનો વૈરાગ્ય એવો નહોતો. કારણ કે એમની સંસારી સ્થિતિ ગર્ભશ્રીમંત હોવાથી કોઈ પ્રકારની ન્યૂનતા નહોતી. સ્ત્રીપુત્રની ઉપાધિ તો વળગાડી જ નહોતી. અને બીજું કોઈ પણ કારણ એવું નિષ્પન્ન થયેલું નહોતું. તેમના દિલમાં તો પૂર્વના ક્ષયોપશમથી અને ગુરુમહારાજના ઉપદેશથી નિરંતર એવા વિચાર આવ્યા કરતા હતા કે – સંસારીપણામાં પણ જેમની દેવેંદ્રો સેવા કરતા હતા એવા તીર્થંકરોએ અને ષટ્ખંડ રાજ્યના અધિપતિ ચક્રવર્તીઓએ પણ સંસારને અનિત્ય જાણીને રાજઋદ્ધિ અને કુટુંબ-પરિવારાદિકને છોડી ચારિત્ર અંગીકાર કર્યું તો તેઓ પરમાનંદ સુખના ભોક્તા થયા છે. પણ જેઓ વિષયસુખમાં મગ્ન રહી ક્ષણિક સુખમાં ખુંચી ગયા, રાજ્યસુખ છોડી શક્યા નહીં તેઓ ચક્રવર્ત્યાદિ છતાં પણ નરકની અતિ તીવ્ર અને અસહ્ય વેદના ભોગવવાવાળા થયા છે. ચક્રવર્ત્યાદિના સુખ આગળ આપણું સાધારણ મનુષ્ય પ્રાણીનું સુખ મહાસમુદ્રમાંના એક બિન્દુતુલ્ય નથી, તે છતાં તેમાં મોહ પામીને તેને છોડી શકતા નથી એ તેમની કેવી મૂઢતા છે ? આ સંસારનું સ્વરૂપ ઈન્દ્રજાળ, વિદ્યુત્‌ના ચમકાર અથવા સંધ્યાના રંગ જેવું ચપળ છે. આ પંચમ કાળમાં પ્રાયઃ ઘણા જીવો અલ્પ પુન્યવાન્ હોવાથી, જીવિતપર્યંત અવિચ્છિન્નપણે

સાંસારિક સુખ કોઈ પ્રાણીને હોતું નથી. કાં તો સ્ત્રીસંબંધી, કાં તો પુત્રસંબંધી, કાં તો દ્રવ્યસંબંધી અને કાં તો ઘર-હાટ-હવેલીસંબંધી, કાં તો સ્વજનસંબંધી અને કાં તો પોતાના દેહસંબંધી, તે તે વસ્તુના વિયોગાદિ વડે અથવા બીજી ઉપાધિ પ્રાપ્ત થવા વડે આ પ્રાણીને દુઃખ ઉત્પન્ન થવાનો સંભવ છે. કદી એક પ્રકારનું સુખ હોય તો બીજા પ્રકારનું દુઃખ હોય; એક ચિંતા નાશ પામે તો બીજી તેથી અધિક આવી પડે. આ પ્રમાણે ચક્રભ્રમણન્યાયે સુખ ને દુઃખ, આધિ, વ્યાધિ ને ઉપાધિ આવ્યા જ કરે છે. વળી સાંસારિક સ્વજનોનો સ્નેહ પ્રાંતે દુઃખદાયક છે; કારણ કે स्नेहमूलानि दुःखानि એવું આર્ષ વચન છે. પ્રાણીનું આયુષ્ય અંજળીજળની માફક પ્રતિક્ષણે ક્ષય પામ્યા કરે છે. લક્ષ્મીનો તો સ્વભાવ જ ચંચળ છે, તે કોઈ સ્થાનકે સ્થિર થઈને રહી નથી, રહેતી નથી અને રહેવાની નથી. મૂર્ખ પ્રાણી તેને સ્થિર માનીને તેના મદમાં છકી જાય છે, પણ તેનો મદ તે લક્ષ્મી જ ત્યાંથી જતી રહીને ઊતારે છે. અર્થાત્ જ્યારે લક્ષ્મી ચાલી જાય છે ત્યારે સ્વયમેવ મદાવસ્થા નષ્ટ થઈ જાય છે. આ પ્રમાણેના વિચારપૂર્વક કૃપારામનો વૈરાગ્ય હોવાથી તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય હતો.

જે વખતમાં કૃપારામે માતપિતાદિની દીક્ષા લેવા સંબંધી સમ્મતિ મેળવી, તે વખતે મુનિરાજ શ્રીબુટેરાયજી દિલ્હી હતા, તેથી કુટુંબની આજ્ઞા મેળવીને કૃપારામ દીક્ષા લેવા માટે દિલ્હી તરફ જવા નીકળ્યા. સર્વ કુટુંબ તે વખતે વિદાય

કરવા આવ્યું હતું અને તેમની માસીના દીકરાને તથા એક નોકરને સાથે મોકલ્યા હતા. મહારાજશ્રી ઉપર કાગળ લખી આપ્યો હતો, તેમાં એમ સૂચવ્યું હતું કે "હાલમાં કૃપારામને ગૃહસ્થવેશે રાખી અભ્યાસ કરાવવો અને ચાતુર્માસ ઊતર્યે દીક્ષા આપવી." કૃપારામ એ પ્રકારની ભલામણ સાથે મુનિરાજ શ્રીબુટેરાયજીની પાસે આવ્યા. તરતમાં તો ગૃહસ્થવેશે રહી અભ્યાસ કરવા માંડ્યો, પરંતુ દોઢેક માસ થયો એટલે તેમનો વૈરાગ્ય બહુ દેદીપ્યમાન લાગવાથી તેમજ મુહૂર્ત્ત સારું આવવાથી श्रेयांसि बहुविघ्नानि એ વાક્યને લક્ષમાં રાખીને ગુરુમહારાજાએ સંવત ૧૯૦૮ના અશાડ સુદિ તેરશે દીક્ષા આપવાનું નક્કી કર્યું.

મુકર્રર કરેલ દિવસે મોટા મહોત્સવસહિત ગુરુ પાસે આવીને સર્વ અસાર વસ્તુ-વસ્ત્રાલંકારાદિનો ત્યાગ કરી પરમ ગુરુ શ્રીબુટેરાયજી મહારાજના હાથથી ચારિત્ર અંગીકાર કર્યું. અગાર તજી અણગાર થયા. પંચ મહાવ્રતને ધારણ કરી અવિરતિભાવનો ઉચ્છેદ કર્યો. મનવાંચ્છિત સફળ થવાથી જેમ સંસારી જીવો હર્ષથી ઉભરાઈ જાય તેમ કૃપારામને પરમ આહ્લાદ થયો. પ્રારંભથી જ ધર્મની વૃદ્ધિ કરે એવા શુભ લક્ષણો જણાવાથી ધર્મવૃદ્ધિરૂપ ધારણા મનમાં રાખીને ગુરુમહારાજે **મુનિ વૃદ્ધિચંદ્રજી** નામ સ્થાપન કર્યું. તે ધારણા આત્મિક પ્રયત્ન વડે આગળ જતાં તેમણે પાર પાડી અને નામની પણ ગુણનિષ્પન્નતા સફળ કરી બતાવી. તે ચોમાસું

દિલ્હીમાં જ કર્યું અને ગુરુમહારાજના સંગમાં રહીને તીક્ષ્ણ બુદ્ધિ તથા પ્રબળ ગ્રાહ્યશક્તિ વડે સારી પેઠે જ્ઞાન સંપાદન કર્યું.

માતાપિતા તરફથી ઢીલ કરવાનું સૂચન છતાં ઉતાવળે દીક્ષા ગ્રહણ કરી હતી, પરંતુ ભવિતવ્યતા અનુકૂળ હોવાથી જે થયું તે સારું જ થયું હતું; કેમ કે જો ગુરુમહારાજે આ અવસરે દીક્ષા આપવાની કૃપા કરી ન હોત તો ચાતુર્માસમાં વિઘ્નનો સંભવ ઉત્પન્ન થયો હતો. ચોમાસાના બે મહિના વીત્યા પછી કૃપારામના એક મોટાભાઈનું મૃત્યુ થયું હતું. તેથી જો દીક્ષા લેવાણી ન હોત તો તરતને માટે કદાચ દીક્ષા લેવાની મુદત લંબાવવા જરૂર પડત; પરંતુ तादृशी जायते बुद्धिर्यादृशी भवितव्यता એટલે "જેવી ભવિતવ્યતા હોય તેવી જ બુદ્ધિ થાય છે," એ વાક્ય અહીં સફળ થયું હતું.

વ્યાકરણના અભ્યાસ ઉપર મૂળથી જ પ્રીતિ હતી તેથી સંસારીપણામાં પંચસંધિનો અભ્યાસ કર્યો હતો. બાકી પ્રથમ ચાતુર્માસમાં જ લગભગ પહેલી વૃત્તિ પૂર્ણ કરી અને સાધુની ક્રિયાનાં સૂત્રો કંઠે કર્યાં, તેમજ દશવૈકાલિકસૂત્ર ગુરુમહારાજ પાસે અર્થ સહ વાંચ્યું.

સ્થવિરકલ્પી મુનિઓને માટે સર્વજ્ઞે નવકલ્પી વિહાર કરવાની આજ્ઞા કરેલી છે તેને અનુસરીને ચાતુર્માસકલ્પ સંપૂર્ણ થવાથી તરત જ દિલ્હીથી વિહાર કરી ફરતાં ફરતાં જયપુર આવ્યા, અને સંવત ૧૯૦૯નું ચોમાસું ગુરુમહારાજ, મૂલચંદજી, પ્રેમચંદજી અને પોતે મળી ચાર મુનિઓએ

જયપુરમાં જ કર્યું. ચાતુર્માસમાં એક દિવસ સાંગાનેર દર્શન કરવા ગયા હતા. ત્યાં રાત્રિવાસો રહ્યા. તે રાત્રિએ મુનિરાજ શ્રીબુટેરાયજીને પગે એકાએક વ્યાધિ ઉત્પન્ન થયો અને તે વ્યાધિથી તરતમાં જ પગને તળીએ ફોલ્લા ઉપસી આવ્યા, જેથી મહારાજશ્રીની ચાલવાની શક્તિ બંધ થઈ ગયા જેવું થયું. સાંગાનેરથી ધીમે ધીમે ચાલ્યા ખરા પરંતુ સાંગાનેર ને જયપુર વચ્ચે નદી આવે છે તે ઊતરી શકાય એમ જણાયું નહીં, જેથી સુરજમલ વગેરે શ્રાવકો સાથે આવ્યા હતા તેમણે તથા ત્રણ સાધુઓએ મળી તેડી લઈ, મહારાજજીને નદી ઊતારી. આ વખતે ગુરુભક્તિ કરવામાં આહ્‌લાદિત ચિત્તવાળા મુનિ વૃદ્ધિચંદ્રજીએ સારૂં પરાક્રમ બતાવ્યું હતું. ''સજ્જનો પ્રસંગ પ્રાપ્ત થયે ગુરુભક્તિ કરવામાં પરિપૂર્ણ શક્તિને વ્યક્ત કરી બતાવે છે.''

જયપુરમાં હીરાચંદજી નામે એક વિદ્વાન યતિ હતા. મહારાજજી ઉપર તેમનો દૃઢ રાગ હતો અને મુનિ વૃદ્ધિચંદ્રજીને જોઈને તેમના ઉપર તેને પ્રીતિ ઉપજતી હતી. પુણ્યવંત પુરુષની આકૃતિમાં જ કાંઈક એવી અનુપમ મધુરતા રહેલી હોય છે કે જે જોનારને અમૃતના સ્વાદતુલ્ય લાગે છે. હીરાચંદજીએ વૃદ્ધિચંદ્રજીને ભણાવવા ઈચ્છા બતાવી એટલે ગુરુમહારાજની આજ્ઞાથી તેમની પાસે વ્યાકરણનો અભ્યાસ આગળ ચલાવ્યો અને પરચૂરણ અભ્યાસ પણ કર્યો.

ચોમાસું પૂર્ણ થયા પછી જયપુરથી વિહાર કરી કિશનગઢ અને અજમેર થઈને નાગોર ગયા. ત્યાં વિકાનેરના શ્રાવકો તેડવા આવવાથી ગુરુમહારાજ સાથે વિહાર કરી સંવત ૧૯૧૦નું ચોમાસું વિકાનેર કર્યું. ચારે મુનિરાજને અજમેરમાં જ તીર્થાધિરાજ શ્રીસિદ્ધાચળજી ભેટવાની અભિલાષા થઈ હતી, પણ મુનિ વૃદ્ધિચંદ્રજીના પગમાં વા આવવાથી તે વર્ષમાં ત્યાં સુધી પહોંચવા જેવી શક્તિ જણાઈ નહીં, એટલે તેઓ ગુરુમહારાજ સાથે નાગોર થઈને વિકાનેર પધાર્યા. મુનિ પ્રેમચંદજી નાગોરમાં જ રહ્યા અને મુનિ મૂલચંદજી ગુરુમહારાજની આજ્ઞાથી જંઘાબળની પૂર્ણતાને યોગે ગુજરાતમાં પધાર્યા. ત્યાંથી પાલીતાણે આવી શ્રીસિદ્ધાચળજીને ભેટી તે ચોમાસું પાલીતાણે જ કર્યું. મુનિ વૃદ્ધિચંદ્રજીને ઉત્તરાવસ્થામાં પગમાં આવેલા જે વાએ વિહાર કરવાની શક્તિ અટકાવીને એક જગ્યાએ સ્થિર રહેનારા બનાવી મૂક્યા તે વાનું મૂળ આ વર્ષમાં રોપાયું. ''પૂર્વોપાર્જિત કર્મ મહાપુરુષોને પણ છોડતા નથી.''

આ વખત મુનિરાજ શ્રીબુટેરાયજીની પ્રખ્યાતિ આખા મારવાડમાં પ્રસાર પામી ગઈ હતી, જેથી દરેક ઠેકાણે તેમનો સારો સત્કાર થતો હતો. તપગચ્છી મુનિનો વિહાર એ તરફમાં બિલકુલ ન હોવાથી શાસ્ત્રોના આધારને લઈને મુનિવેશ કેટલોએક તપગચ્છ પ્રમાણે થયો હતો અને પ્રવૃત્તિ પણ કેટલીક તેને જ અનુસરતી થઈ હતી; પરંતુ

ખરતરગચ્છી જતિઓ તેમજ સાધ્વીઓનો પરિચય વિશેષ હોવાથી કેટલીક ક્રિયાઓ તેમને અનુસરતી થતી હતી.

વિકાનેર શહેરમાં ૨૭૦૦ ઘર ઓશવાળ વાણિયાના છે. તેમાં અર્ધા ઢુંઢીઆ અને અર્ધા શ્રાવકો હતા. સંવેગી મુનિઓના વિહારનાં તો ત્યાં સ્વપ્નાં જ હતાં, પરંતુ જતિઓની સંખ્યા અને તેમના ઉપાશ્રય ત્યાં પુષ્કળ હોવાથી એટલું શ્રાવકપણું ટકી રહ્યું હતું. અહીંના ચાતુર્માસમાં તેમજ વિહારમાં પણ નવો અભ્યાસ તો શરૂ જ હતો, પરંતુ મુખ્યત્વે તો ગુરુમહારાજની પાસેથી બોલ-વિચાર સાંભળીને તેનો અનુભવ મેળવવાનું ચાલતું હતું, જેથી સિદ્ધાંતોની અને ગ્રંથોની કુંચીઓ સમજવામાં આવવાથી સિદ્ધાંતો અને ગ્રંથો વાંચવાનું સરલ થતું હતું.

સંવત ૧૯૧૦નું ચોમાસું પૂરું થયું એવામાં શ્રીઅજમેરથી ત્યાંના સંઘનો મુનિરાજ શ્રીબુટેરાયજી ઉપર કાગળ આવ્યો કે— ‘ઢુંઢીઆના પૂજ્ય રતનચંદ રિખ આપની સાથે પ્રતિમાસંબંધી ચર્ચા કરવાનું કહે છે માટે ચોમાસું ઊતર્યે આપસાહેબે આ તરફ પધારવું.’ જેથી ચોમાસું ઊતર્યે વિકાનેરથી વિહાર કર્યો. માર્ગમાં નાગોર આવતાં તે રતનચંદ રિખની જ બનાવેલી તેરાપંથીના ખંડનની ચર્ચાની પ્રત લીધી. એ ચર્ચામાં લખેલા તે રતનચંદનાં જ વાક્યોવડે તેનું ખંડન થઈ શકે એમ હતું. નાગોરથી તરત જ પરભાર્યા અજમેર આવ્યા, પરંતુ રતનચંદ

તો તેમના આવવાના ખબર સાંભળીને પ્રથમથી જ ત્યાંથી ચાલ્યા ગયા હતા. ''સૂર્ય પાસે અંધકાર કે સત્ય આગળ જૂઠ કદાપિ ટકી શકતું નથી.''

આમાં પણ માણસના મનની નબળાઈ જ જણાય છે. વૈરાગ્ય ધારણ કરી ઉપદેશક પદવી અંગીકાર કરી પોતાના મનમાં નિશ્ચય ન હોય તેવી વાતનો ઉપદેશ કરવો, એવા વર્તનને માટે, તેવા વૈરાગીઓની, ડાહ્યા માણસોમાં તો હાંસી જ થાય છે. પોતાની વાત સાચી લાગતી હોય અથવા વિચારમાં ચૂકતા હોઈએ તો સામા પક્ષકાર સાથે સરલ બુદ્ધિથી તે વિષયનો નિર્ણય કરવો અને સત્ય હોય તે અંગીકાર કરવું, પણ પોતાની હકીકત પોતાને સાચી ન લાગવા છતાં તેવો ઉપદેશ કરવો એ સમજણની બલિહારી !

ચર્ચાસંબંધી કાર્યની રોકાણ બંધ પડી એટલે તીર્થાધિરાજ શ્રીસિદ્ધાચળજીને ભેટવાની પૂર્વની વાંચ્છા પાછી દીપી નીકળી, તેથી તે બાબત પર ધ્યાન ગયું. એવામાં અજમેરથી એક બાઈ સંઘ કાઢીને શ્રીકેશરીયાજી યાત્રા કરવા જતી હતી તો આમંત્રણથી તેની સાથે ચાલ્યા. માર્ગમાં ઉદેપુર આવતાં ત્યાં સારો સત્કાર થયો. ખરતરગચ્છી યતિ આગ્રહ કરીને પોતાને ઉપાશ્રયે લઈ ગયા. જોરાવરમલ્લજીવાળાએ ઉદેપુરમાં રહેવા અને ચતુર્માસ કરવા આગ્રહ કર્યો; પરંતુ ઈચ્છા સિદ્ધાચળજી સન્મુખ ચાલવાની હોવાથી ત્યાં રોકાયા નહીં. બાઈના સંઘ સાથે કેસરીયાજી આવી, આનંદપૂર્વક

યાત્રા કરી. એવામાં ઈલોરવાળા શા. બેચરદાસ માનચંદનો સંઘ ત્યાં આવેલો તે પાછો સ્વદેશ-ગુજરાત આવવાનો હોવાથી તેની સાથે ગુજરાત ભણી વળ્યા. સંઘ ઈલોર પહોંચ્યા પછી સંઘવીને જણાવીને પોતે ગુરુમહારાજ સહિત પ્રાંતિજ આવ્યા. ત્યાં મુનિ નેમસાગરજીના શિષ્ય મુનિ કપૂરસાગર મળ્યા. કેટલીએક બાબતમાં તેમની સાથે ચર્ચા થઈ જેમાં તેઓ પરાસ્ત થયા. પ્રાંતિજનો શ્રાવકવર્ગ રાગી થયો. ત્યાંથી વિહાર કરી અમદાવાદ આવ્યા અને શહેર બહાર હઠીભાઈની વાડીએ નિવાસ કર્યો.

પ્રાતઃકાળે શહેરમાં અનેક જિનમંદિરોનાં દર્શનનો લાભ લેવા જતાં માર્ગમાં હેમાભાઈ શેઠ મળ્યા. પ્રથમની કાંઈપણ પિછાન ન હોવાથી 'કોઈ સાધારણ મુનિ આવ્યા હશે' એમ ધારી તેમણે વિશેષ પરિચય ન કર્યો; પરંતુ અજમેરવાળા ગજ્જરમલ લૂણીઆ જેઓ મોટા શ્રીમંત ગૃહસ્થ હતા, તેમની દુકાન અમદાવાદમાં હતી. તે દુકાને તેમનો ભાણેજ ચતરમલ્લ રહેતો હતો, તેની ઉપર ગજ્જરમલ્લે મહારાજજીના જ્ઞાનવૈરાગ્યાદિ ગુણની બહુ પ્રશંસા લખી હતી, અને ગુજરાત તરફ વિહાર કર્યાના ખબર પણ લખ્યા હતા. એ વાત ચતરમલ્લે હેમાભાઈ શેઠને કરેલી, તે આગળ ચાલતાં ઉજમબાઈની ધર્મશાળાએ પહોંચ્યા એટલે યાદ આવી. શુભ આકૃતિ અને સમભાવાદિ ગુણ જે પોતાના જોવામાં આવેલા તે ઉપરથી 'પોતે જોયેલ બે મુનિ તે જ હશે' એમ કલ્પના કરીને

હેમાભાઈ શેઠે ત્યાં તેડી લાવવા માણસ મોકલ્યું. મહારાજજીનો વિચાર પણ વાડીએ રહેવાનું છેટું પડવાથી શહેરમાં આવવાનો હતો તેથી તે માણસ સાથે ધર્મશાળાએ આવ્યા. તે વખતે મુનિ દાનવિમળજી ત્યાં વ્યાખ્યાન વાંચતા હતા. શેઠે મહારાજજીને બધી હકીકત પૂછી. સહજની વાતચીત થતાં જ પરમ સંતોષ થયો. "ગુણીના ગુણ ગુણગ્રાહી જનોને આહ્લાદ કર્યા વિના રહેતા નથી."

બીજે દિવસે હેમાભાઈ શેઠ મુનિ સૌભાગ્યવિજયજીના વ્યાખ્યાનમાં ડેલાને ઉપાશ્રયે નિત્યના રિવાજ મુજબ ગયા. તે પ્રસંગે ત્યાં "બે પંજાબી મુનિઓ અહીં આવ્યા છે અને બહુ ગુણી છે, જ્ઞાનવાન છે" વગેરે વાત કરી, તેથી મુનિ સૌભાગ્યવિજયજીએ બોલાવવા માણસ મોકલ્યું. મહારાજજી સહિત મુનિ વૃદ્ધિચંદ્રજી ત્યાં ગયા. પં. સૌભાગ્યવિજયજીએ સારો સત્કાર કર્યો. બધી હકીકત પૂછીને સંતોષ પામ્યા.

તે વખતમાં કેશરીસંઘ ગટાને શ્રીસિદ્ધાચળજી સંઘ લઈને જવાનું હતું અને મહારાજજીએ પણ પોતાની ઈચ્છા તે તરફ જવાની બતાવી હતી, એટલે હેમાભાઈ શેઠે તે સંઘવીને રૂબરૂમાં બોલાવીને બે પંજાબી મુનિઓને સાથે લઈ જવા ભલામણ કરી. સંઘવીનો વિચાર મોટી મજલ કરીને થોડે દિવસે પાલીતાણે પહોંચવાનો હોવાથી, મુનિરાજ શ્રીબુટેરાયજીને વૃદ્ધ જાણી, તેઓ ડોળીમાં બેસે તો ઠીક એમ તેમણે જણાવ્યું. પરંતુ ગુરુમહારાજે તે વિચારની અના-

વશ્યકતા જણાવીને મોટી મજલ પણ ચાલીને જ કરવાની રુચિ દર્શાવી. સંઘ સાથે ચાલતાં આઠ દિવસે-ચૈત્ર શુદિ તેરશે પાલીતાણે પહોંચ્યા. બીજે દિવસે પર્વત પર ચડીને શ્રીઆદીશ્વરજીને ભેટતાં પરમ આહ્લાદ થયો. એ વખતે ઢુંઢકમતિના દુર્ભાગ્યનો વિચાર આવતાં મન કાંઈક ખિન્ન થયું. આવું ઉત્તમ તીર્થ, અનેક તીર્થંકર અને ગણધરોએ જે ભૂમિને પાવન કરેલી, અનંતા મુનિરાજ જ્યાં સિદ્ધિપદને પામેલા, અને અનેક શ્રાવકોએ પૂર્વપુણ્યના યોગે મળેલી લક્ષ્મી અઢળકપણે ખર્ચીને જે તીર્થ પર પોતાના નામને અમર કરેલું, એવા તીર્થાધિરાજના દર્શનથી અવિચારી કુગુરુની પ્રેરણાવડે તેઓ વિમુખ રહે છે, એ તેમના ભાગ્યોદયની જ ખામી છે એમ માન્યું. પ્રથમ જિનેશ્વરની સમીપે અંતઃકરણપૂર્વક સ્તુતિ-સ્તવનાદિ કરીને પોતાના આત્માને ધન્ય માનતા નીચે ઊતર્યા. એક દિવસ સંઘના પડાવમાં રહીને બીજે દિવસે ગામમાં જોરાવરમલ્લજીની ધર્મશાળામાં મુનિ પ્રેમચંદજી પહેલાંથી આવેલા રહ્યા હતા તેમની ભેગાં જઈને ઊતર્યા. મુનિ મૂલચંદજી એ વખતે મોતી કડીયાની ધર્મશાળામાં રહેલા હતા.

સંવેગી મુનિઓની સંખ્યા આ વખતમાં અલ્પ હોવાથી તેમનો પરિચય આ વખતમાં શ્રાવકોને બહુ ઓછો હતો. યતિઓની સંખ્યા બહુ વિશેષ હતી તેમજ જોર પણ વધારે હતું. શ્રાવકવર્ગ યતિઓનો રાગી હતો. મુગ્ધ શ્રાવકો તેમનામાં

ગુરુપણું માની બેઠેલા હતા, તેમજ સુધર્માસ્વામીની ગાદીના અધિપતિ તરીકે તેઓ પોતાને પૂજાવતા હતા. શ્રાવકો પણ તેમને પૂજતા હતા. વેશમાત્ર જ જાણે વંદનિક હોય તેમ ગુણથી રહિત થયેલા છતાં પણ તેમને વંદન કરતાં શ્રાવકો વિચાર કરતા નહોતા. આવી વિચારશૂન્યતાને લીધે સંવેગી મુનિઓને આહારપાણી મેળવવામાં પણ અગવડ પડતી હતી. 'આદરસત્કાર ગુણને જ ઘટે છે' એવી વિચારણા નષ્ટ થયેલી હોવાથી સંવેગી મુનિઓનો આદરસત્કાર પણ ક્વચિત્ જ થતો. આવી અડચણને અંગે ત્યાંથી વિહાર કરવાનો વિચાર મુનિ વૃદ્ધિચંદ્રજીએ ગુરુમહારાજને જણાવ્યો. અવસર પણ તેવો જ જાણીને ગુરુમહારાજે મુનિ પ્રેમચંદજી સહિત આજ્ઞા આપી અને વિહાર કરતાં ચાતુર્માસ રહેવાલાયક કોઈપણ ક્ષેત્ર જણાય તો ત્યાંથી ખબર લખવા સૂચના કરી.

મુનિ વૃદ્ધિચંદ્રજી ગુરુમહારાજની આજ્ઞા લઈને વિહાર કરતાં તળાજા, ત્રાપજ થઈ ગોઘે આવ્યા, અને ત્યાં બે દિવસ રહીને ભાવનગર આવ્યા. ખુશાલવિજયજીની ધર્મશાળાને નામે ઓળખાતા મકાનમાં ઉતર્યા. અહીં પણ યતિઓનું પરિબળ ઓછું નહોતું. શ્રાવકસમુદાયનો બહોળો ભાગ યતિઓનો જ રાગી હતો. કેટલાએક તો 'ધર્મને રાખનારાઓ ગોરજીઓ જ છે' એમ માનતા હતા. આચારવિચારથી જેમ તેઓ ભ્રષ્ટ થયા હતા તેમ નામમાં પણ ગુરુજી શબ્દનો અપભ્રંશ પામીને ગોરજી કહેવાવા લાગ્યા હતા.

મહાવ્રતના પાલનમાં જેમ મંદ થયા હતા તેમ જ્ઞાનમાં પણ મંદ થઈ ગયા હતા. વૈદક અને મંત્ર-તંત્રથી ભોળા લોકોને પોતાના ઉપર રાગી કરવાનો ધંધો લઈ બેઠા હતા. શ્રાવકોની અણસમજને લીધે તેઓ પોતાના આ અયોગ્ય વર્તનમાં વધતા ગયા અને તેથી સડો પણ વધતો ગયો. મહાવ્રતની બાબતમાં તેઓના મનની દઢતા ન હોવાથી શિથિલ હતા, પણ જો જ્ઞાનમાં પ્રીતિવાળા રહી તે ઉદ્યમ શરૂ રાખ્યો હોત તો જૈનના પંડિત તરીકે પણ તેઓ કાંઈ લાભકર્તા થઈ પડત; પરંતુ તેઓના ઉપરીઓએ તેવો કાંઈ પણ વિચાર કરી ઉપાય યોજ્યા નહીં, તેથી હાલ દેખાતી કનિષ્ઠ સ્થિતિનો વખત આવ્યો.

પાલીતાણામાં ભાવનગરના શ્રાવક બહેચરદાસ વગેરે મળેલા. તેમને મહારાજજીના ગુણની કાંઈક પરીક્ષા પડેલી તેથી તેમણે ભાવનગરમાં આવીને એ નવીન પંજાબી મુનિઓની પ્રશંસા કરી હતી. એવામાં તેમને ભાવનગર આવ્યા જાણીને આગ્રહપૂર્વક શેઠને ડેલે રહેવા માટે તેડી ગયા. મુનિ પ્રેમચંદજી વ્યાખ્યાન વાંચતા હતા તેથી લોકો ખુશ થતા હતા, પરંતુ મુનિ વૃદ્ધિચંદ્રજીએ તો સામાન્ય ઉપદેશથી અને સાધારણ વાતચીતથી શ્રાવકવર્ગના દિલનું આકર્ષણ કર્યું હતું. આ પ્રમાણે સુધરતી સ્થિતિ દેખીને મુનિ વૃદ્ધિચંદ્રજીએ ગુરુમહારાજને રોશન કર્યું કે ''આ ક્ષેત્ર ચાતુર્માસ કરવા યોગ્ય છે.'' મહારાજશ્રી ભાવનગર પધાર્યા.

શ્રાવકવર્ગે સારો સત્કાર કર્યો અને આ પંજાબી મુનિઓના આચાર-વિચાર-ક્રિયા તથા શુદ્ધ પ્રરૂપણા વગેરે દેખીને શ્રાવકોના દિલ રંજિત થયા. યતિઓ ઉપરનો રાગ કંઈક મંદ થયો અને તેમનામાં તથા મુનિઓમાં રહેલું અપાર અંતર સમજાવા લાગ્યું. મુનિરાજ શ્રીબુટેરાયજીએ બે શિષ્યો સહિત સંવત ૧૯૧૧નું ચોમાસું ભાવનગર કર્યું. મુનિ મૂલચંદજી, અખેચંદજી નામના કોઈ યતિની પાસે પાલીતાણામાં અભ્યાસ કરતા હતા તેથી તેઓએ તે ચોમાસું પાલીતાણે જ કર્યું. આ ચોમાસામાં પાલીતાણામાં કોઈ કોઈ શ્રાવકો તેમના રાગી થયા.

ચાતુર્માસ પૂરું થયે મહારાજશ્રી ભાવનગરથી વિહાર કરી પુનઃ પાલીતાણે પધાર્યા. સિદ્ધગિરિની યાત્રાનો લાભ ફરીને પણ લીધો. પછી કેટલાએક દિવસ ત્યાં રહીને વિહાર કર્યો. મુનિ વૃદ્ધિચંદજીનો વિચાર શ્રીરૈવતાચળની યાત્રા કરવાનો થવાથી ગુરુમહારાજ પાસે આજ્ઞા માગી અને મુનિ પ્રેમચંદજી સાથે તેઓએ ગુરુની આજ્ઞાનુસાર જૂનાગઢ તરફ વિહાર કર્યો. મુનિરાજ શ્રીબુટેરાયજી, મુનિ મૂલચંદજીને લઈને બોટાદ થઈ લીંબડી તરફ પધાર્યા.

જૂનાગઢ તરફ જતાં માર્ગમાં મુનિ પ્રેમચંદજી સાથે પ્રતિક્રમણની ક્રિયાસંબંધી વાંધો પડ્યો. મુનિ પ્રેમચંદજીની શ્રદ્ધા ખરતરગચ્છ પ્રમાણે ક્રિયા કરવાની હતી અને મુનિ વૃદ્ધિચંદ્રજીની શ્રદ્ધા ગુરુમહારાજ સાથેના નિર્ણીત થયેલા

વિચારથી તપગચ્છ પ્રમાણે ક્રિયા કરવાની હતી, જેથી આ વાંધાનું છેવટ બંનેને જુદા પડવામાં આવ્યું. જુદે જુદે રસ્તે બન્નેએ વિહાર કર્યો. અજાણ્યો દેશ અને અજાણ્યાં ક્ષેત્રો હોવાથી મુશ્કેલી વધારે પડી, પરંતુ પૂછતાં પૂછતાં જૂનાગઢ પહોંચ્યા. તે વખતે અમદાવાદથી એક સંઘ ત્યાં આવેલો હતો અને તેની સાથે મુનિ કેવળવિજયજી અને તિલકવિજયજી નામના બે સાધુઓ હતા. મહારાજ પણ તેના સંબંધમાં રહેવા માટે સંઘનો પડાવ હતો ત્યાં આવ્યા અને આહારપાણી પૂર્વોક્ત મુનિઓની સાથે કરી ત્યાં જ રહ્યા. મુનિ પ્રેમચંદજી પણ તે જ દિવસે ત્યાં આવ્યા અને વૃદ્ધિચંદ્રજીની શોધ કરતાં ત્યા આવી સાથે જ ઊતર્યા. મુનિ વૃદ્ધિચંદ્રજીએ મતભેદપણાના આવેશને જરા પણ મન પર ન લાવતાં આહારપાણી વડે તેમની ભક્તિ કરી. "મનનું મોટાપણું દરેક પ્રસંગે જણાઈ આવે છે."

બીજે દિવસે પ્રાતઃકાળે ગિરનારજી ઉપર ચડ્યા. બાળબ્રહ્મચારી અને બાવીશમા તીર્થંકર શ્રીનેમિનાથજીની શ્યામ મૂર્તિનાં દર્શન કરી બહુ હર્ષિત થયા. પર્વત ઉપર રાત્રિવાસો રહેવાથી અનેક પ્રકારની આશાતના થવાનો સંભવ લાગ્યો એટલે મુનિ પ્રેમચંદજી ઉપર રહ્યા, પણ પોતે તો સહસ્રામ્રવન જઈ આવીને નીચે ઊતરી ગયા. બીજે દિવસે ફરીને ઉપર ચડી તીર્થાધિપતિને ભેટીને પાંચમી ટુંકે જઈ આવ્યા. સંઘ બીજે દિવસે ઉપડવાનો હતો અને

પોતાનો વિચાર ત્યાં વધારે ન રોકાતાં સંઘ સાથે વિહાર કરવાનો હતો તેથી પોતે નીચે ઊતર્યા. મુનિ પ્રેમચંદજીનો વિચાર ત્યાં જ રહેવાનો હોવાથી તેઓ તો ઉપર જ રહ્યા.

સંઘ સાથે વિહાર કરતાં અનુક્રમે ધોરાજી આવ્યા. શરીરની શિથિલતા થવાથી પોતાનો વિચાર ત્યાં રહેવાનો થયો, પરંતુ મુનિ કેવળવિજયજી અને તિલકવિજયજીએ આગ્રહપૂર્વક જુદા પડવાની ના કહી. તેમજ સંઘવીએ નાના નાના મુકામ કરીને પણ સાથે રહેવા વિનંતિ કરી, જેથી દાક્ષિણ્યતા મૂકી શક્યા નહીં. "ઉત્તમ પુરુષો પ્રાર્થનાભંગમાં ભીરુ હોય છે. તેમના સહજના પરિચયમાં પણ જે આવે છે તે તેમના રાગી થઈ જાય છે; તેથી તેમનો સંગ છોડવા ઇચ્છતા નથી." માર્ગમાં મુનિ કેવળવિજયજી જેઓ દરરોજ એકાસણું કરતા હતા તેમની, આહાર-પાણીસંબંધી કષ્ટને પ્રસંગે સારી ભક્તિ કરી જેથી તેઓ વિશેષ રાગી થયા. કાળાવડ ગામમાં રાત્રે એક ઢુંઢીઆની સાથે મહારાજજીએ ચર્ચા કરીને તેને પરાસ્ત કર્યો, જેથી મહારાજજીના જ્ઞાન વિશે પણ તેમણે ઊંચો મત બાંધ્યો.

જામનગરમાં સંઘની સાથે પહોંચ્યા પછી ત્યાં ચાર-પાંચ દિવસ રહીને નીકળ્યા. મોરબી આવ્યા. ત્યાં હુકમમુનિ તરતમાં જ આવી ગયેલા, તેમણે પાટ-પાટલાસંબંધી વિપરીત પ્રરૂપણા કરેલી તે હકીકત સાંભળતાં શાસ્ત્રાધારપૂર્વક ખરી વાત શ્રાવકોને સમજાવી અને શ્રીજ્ઞાતાસૂત્ર અપરિચિત છતાં તેમાંથી

પાઠ કાઢી બતાવીને ખાતરી કરી આપી. શ્રાવકો બહુ ખુશ થયા, તેથી ત્યાં રહેવા બહુ આગ્રહ કર્યો. થોડાક દિવસ રહી ત્યાંથી વિહાર કરી વઢવાણ આવ્યા. ત્યાં સાંભળ્યું કે - ''લીંબડીમાં મુનિ મૂલચંદજી - વડીલ ગુરુભાઈને શરીરે વ્યાધિ વિશેષ છે અને અશક્ત બહુ થઈ જવાથી તેમની શુશ્રૂષા ગુરુમહારાજને પોતાને કરવી પડે છે.'' આવા ખબર સાંભળવાથી મન ઉચક થયું એટલે વઢવાણ ન રોકાતાં તાકીદે લીંબડી જઈ પહોંચ્યા. મુનિ વૃદ્ધિચંદ્રજીને આવેલા જાણીને મુનિ મૂલચંદજીના મનને નિવૃત્તિ થઈ, કારણ કે ગુરુમહારાજને પોતાની શુશ્રૂષા કરતા દેખીને તેમનું મન નિરંતર ખેદયુક્ત રહેતું હતું. ''સારા શિષ્યો એવા સ્વભાવવાળા જ હોય છે.''

ગુરુભાઈઓમાં પણ પરસ્પર આવા સંબંધની જ આવશ્યકતા છે, પરંતુ જ્યાં સંપની વૃદ્ધિ હોય છે ત્યાં જ એવા વિચારનું સદ્ભાવપણું દેખાય છે. અન્ય સ્થાનકે તો અંદર-અંદર કુસંપ હોવાથી અનેક પ્રકારના કર્મબંધનાં કારણો દષ્ટિએ પડે છે. 'જે શિષ્યો અંદર-અંદરમાં સંપ રાખી ગુરુમહારાજની આજ્ઞાનું અખંડ પરિપાલન કરે છે તે પોતાના આત્માનું કલ્યાણ કરે છે.'

શિષ્યના સંબંધમાં ગુરુએ કેમ વર્ત્તવું જોઈએ, તે પણ આ દષ્ટાંતથી સમજી શકાય છે. કારણ કે ગુરુ ને શિષ્ય બે જણા જ હોય તેવે પ્રસંગે શિષ્યને વ્યાધિ વગેરે થઈ આવે ત્યારે ગુરુ, જો

ગુરુપણામાં રહી તેની સઘળા પ્રકારની સંભાળ ન રાખે તો શિષ્યના હૃદયમાંથી ગુરુપણાનો ભાવ નષ્ટ થાય છે અને ધર્મમાં અસ્થિર થઈ જાય છે; માટે દરેક પ્રકારે શિષ્ય સંયમમાર્ગમાં સ્થિર રહે તેમ કરવાની ગુરુની ફરજ છે.

વ્યાધિની સ્થિતિ પૂર્ણ થયે મુનિ મૂલચંદજી નિરોગી થયા. લીંબડીથી એકવાર નીકળ્યા, પણ શરીરાદિ કારણે પાછું આવવું પડ્યું. મુનિ મૂલચંદજી પાછા જ્વરના વ્યાધિમાં સપડાયા. પરંતુ થોડા દિવસમાં તે વ્યાધિ નિવૃત્ત થઈ ગયો એટલે ત્યાંથી નીકળી વિહાર કરતાં અમદાવાદ આવ્યા. ઉજમબાઈની ધર્મશાળામાં ઊતર્યા. પ્રથમ કરતાં આ વખતે જ્ઞાનાભ્યાસ, શાસ્ત્રાવલોકન, ગુરુ-ઉપદેશશ્રવણ અને અનુભવ વડે મુનિ વૃદ્ધિચંદ્રજીની વિદ્વત્તા વૃદ્ધિ પામી હતી. હેમાભાઈ શેઠ વગેરે દરરોજ વંદન કરવા આવતા અને સામાન્ય વાતચીતમાં પણ હર્ષિત થતા.

શ્રીમહાવીર ભગવંતના શાસનમાં સામાયિક ચારિત્રની સ્થિતિ છ માસની કહી છે. તે ચારિત્ર સ્વયમેવ પણ લઈ શકાય છે અને ગુરુમુખે પણ લેવાય છે. પરંતુ ત્યારપછી માંડલીયા યોગ વહીને ગુરુમુખે છેદોપસ્થાપનીય ચારિત્ર (વડીદીક્ષા) અવશ્ય લેવું પડે છે. તે દિવસથી પૂર્વ પર્યાયનો છેદ કરીને નવો પર્યાય સ્થાપિત કરવામાં આવે છે. નાના-મોટાની ગણત્રી આ દિવસથી જ ગણવામાં આવે છે. આ પ્રમાણેની ભગવંતની આજ્ઞા હોવાથી તપગચ્છમાં કોઈપણ ગુરુના નામનો વાસક્ષેપ

કરાવવાની મહારાજશ્રીની ઇચ્છા થઈ. તેવા વાસક્ષેપને માટે પ્રથમ દશવૈકાલિક સૂત્રના (માંડલીયા) યોગ વહેવા પડે છે અને યોગ વહન કર્યા પછી જ વ્યાખ્યાન વાંચવાની અનુજ્ઞા મળે છે. આજ્ઞાનુયાયી શ્રાવકો અયોગીની પાસે વ્યાખ્યાન સાંભળતા નથી. આ વખતમાં પંન્યાસ સૌભાગ્યવિજયજી જ યોગ વહેવરાવતા હતા. શ્રીવિજયસિંહસૂરીશ્વરની અનુજ્ઞાથી શ્રીસત્યવિજયજીએ સંવેગમાર્ગ શરૂ કર્યો. તેની ઉત્તરોત્તર ચાલી આવતી પટ્ટપરંપરામાં મુખ્ય પંન્યાસ સૌભાગ્યવિજયજી હતા. તેઓ ડેલાને ઉપાશ્રયે રહેતા હતા. પોતે બહુ શાસ્ત્રાભ્યાસ કર્યો નહોતો, પરંતુ વડીદીક્ષા વગેરે યોગ-ઉપધાનાદિ ક્રિયા તેઓ જ કરાવતા હતા. આધુનિક સમયની જેમ અહમિંદ્રપણું વધી ગયું નહોતું.

મુનિરાજ શ્રીબુટેરાયજીનો વિચાર પંન્યાસ  મણિવિજયજી, જેઓ ડેલાના ઉપાશ્રયની શાખા તરીકે લુહારની પોળના ઉપાશ્રયમાં રહેતા હતા, તેઓને ભદ્રિક પ્રકૃતિવાન્ અને શાંતસ્વભાવાદિ ગુણયુક્ત જાણીને તેમના નામની દીક્ષા લેવાનો હતો. તે વિચાર શેઠ હેમાભાઈ વગેરેએ પસંદ કર્યો. પં. સૌભાગ્યવિજયજી પાસે યોગ વહેવા શરૂ કર્યા. યોગ પૂરા થયા એટલે વડીદીક્ષાને અવસરે મુનિ બુટેરાયજીનું નામ મુનિ બુદ્ધિવિજયજી અને પંન્યાસ મણિવિજયજીના શિષ્ય તથા મુનિ મૂલચંદજીનું નામ મુનિ મુક્તિવિજયજી તથા મુનિ વૃદ્ધિચંદ્રજીનું નામ મુનિ વૃદ્ધિવિજયજી, તે બંને મુનિ

બુદ્ધિવિજયજીના શિષ્ય એ પ્રમાણે ગુરુ-શિષ્યપણાની અને નામની સ્થાપના અનેક સાધુ-સાધ્વી તથા શેઠ હેમાભાઈ વગેરે ચતુર્વિધ સંઘની સમક્ષ સંવત ૧૯૧૨માં કરવામાં આવી. રહેવાનું સ્થાન ન ફેરવતાં ઉજમબાઈની ધર્મશાળાએ જ રાખવામાં આવ્યું. ત્યારપછી તે ચોમાસું ત્રણે મુનિરાજે ત્યાં જ કર્યું અને સંવત ૧૯૧૩નું ચોમાસું પણ મુનિરાજ શ્રીબુદ્ધિવિજયજી તથા મુનિ વૃદ્ધિવિજયજીએ તો અમદાવાદમાં જ કર્યું. પણ મુનિ મુક્તિવિજયજી તો સંવત ૧૯૧૩માં અમદાવાદથી વિહાર કરી પાલીતાણે યાત્રા કરી ભાવનગરમાં આવ્યા અને તે ચોમાસું ત્યાં (ભાવનગરમાં) કર્યું. અમદાવાદમાં મુનિ વૃદ્ધિચંદ્રજીએ બીજા અભ્યાસની સાથે પંડિત હરનારાયણની પાસે ચંદ્રિકાની બીજી વૃત્તિનો અભ્યાસ કર્યો.

સં. ૧૯૧૩માં બે ગુરુભાઈની વૃદ્ધિ થઈ. ભાવનગરમાં સુરતના શ્રાવક નગીનદાસને મુનિ મૂલચંદજીએ ત્યાગ-વૈરાગ્યાદિની પરીક્ષા કરીને ગુરુમહારાજના નામથી દીક્ષા આપી. તેનું મુનિ નિત્યવિજયજી નામ રાખ્યું. મહારાજશ્રીના પ્રતાપી શિષ્ય તરીકે એમણે પણ સારી પ્રતિષ્ઠા વધારી. આગળ જતાં એમની ઉપદેશશક્તિ એવી સ્ફુરાયમાન થઈ કે વૈરાગ્યનું બીજમાત્ર જેમાં રોપાયેલ હોય એવો કોઈ પ્રાણી તેમની પાસે આવે તો તે ઉપદેશધારા વડે તેને સિંચન કરીને સ્વલ્પકાળમાં વૈરાગ્યવૃક્ષનો ઉદ્ગમ કરે. જેથી ઘણું કરીને તો

તે દીક્ષા જ અંગીકાર કરે, નહીં તો બીજા વ્રત-નિયમાદિ તો ધારણ કરે જ. બીજા એક શ્રાવકને મહારાજજીએ પોતે અમદાવાદમાં દીક્ષા આપી તેનું નામ મુનિ પુણ્યવિજયજી સ્થાપન કર્યું.

સંવત ૧૯૧૪માં ગુરુમહારાજની સેવામાં મુનિ પુણ્યવિજયજીને રાખી પોતે આજ્ઞા લઈને વિહાર કર્યો. મુનિ મૂલચંદજી ભાવનગરથી વિહાર કરી પાલીતાણે આવ્યા હતા, તેમને જઇને મળ્યા. ગિરિરાજની યાત્રા કરી હર્ષવંત થયા. તે વર્ષનું ચોમાસું મુનિ મૂલચંદજીએ શિહોરમાં કર્યું અને મુનિ વૃદ્ધિચંદ્રજીએ ભાવનગરમાં કર્યું. વડીદીક્ષાને અવસરે નામનો ફેરફાર કરવામાં આવ્યો હતો ખરો, પરંતુ પ્રથમના નામની ખ્યાતિ બહુ વિસ્તાર પામેલી હોવાથી સૌ તે નામથી જ વ્યવહાર કરતું, જેથી આ ચરિત્રમાં પણ પ્રાચીન નામવડે જ કાર્ય લેવામાં આવ્યું છે.

એ વર્ષમાં (સંવત ૧૯૧૪માં) મુનિ વૃદ્ધિચંદ્રજીના સંબંધમાં ત્રણ નવા બનાવો નોંધ લેવા લાયક બન્યા. ૧. તેમના સંસારી પિતા કાળધર્મ પામ્યા, ૨. ગુરુમહારાજની આજ્ઞા મળવાથી સભાસમક્ષ વ્યાખ્યાન વાંચવાનું શરૂ કર્યું અને ૩. સંગ્રહણીનો દુઃખકર વ્યાધિ લાગુ પડ્યો. આ ત્રણે બનાવ સુજ્ઞ જનોએ ધડો લેવા યોગ્ય છે. પ્રથમ તો કાળની સ્થિતિ કેવી દુરતિક્રમ છે તે જોવાનું છે. મહાપ્રતાપી પુત્રો પણ પોતાના ઉપકારી પિતાને કાળના સપાટામાંથી છોડાવી

શકતા નથી. બીજા બનાવમાં વિનયી શિષ્યોનાં લક્ષણની સૂચના થાય છે કે વ્યાખ્યાન વાંચવાની યોગ્યતા પ્રાપ્ત ન થયા છતાં હાલના અવિનીત શિષ્યો વગર આજ્ઞાએ પાટ ઉપર ચડી બેસી સભા રીઝવવા મંડી પડે છે. મહારાજજીએ પોતે જ્ઞાન મેળવ્યું હતું છતાં પણ તેમ ન કરતાં જ્યારે ગુરુ-મહારાજે યોગ્યતા જાણીને આજ્ઞા આપી ત્યારે જ વ્યાખ્યાન વાંચવાનો પ્રારંભ કર્યો. ત્રીજું પૂર્વોપાર્જિત અસાતાવેદનીકર્મ ઉદયમાં આવે છે ત્યારે ગમે તેવા પુણ્યશાળીના શરીરમાં પણ વ્યાધિરૂપે દેખાવ દે છે તે વિચારવાનું છે. પ્રથમના પગે વાના વ્યાધિની જેમ આ સંગ્રહણીનો વ્યાધિ પણ આયુષ્યની પૂર્ણતા સુધીની સ્થિતિવાળો લાગુ પડ્યો અને તેણે દેહાંત સુધી ઓછી-વધતી વ્યથા શરૂ ને શરૂ રાખી.

ગુરુમહારાજની આજ્ઞાનુસાર વ્યાખ્યાનમાં શ્રીવિપાક-સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર અને પ્રશ્નવ્યાકરણ સૂત્ર વાંચ્યું. પર્યુષણમાં કલ્પસૂત્રનો બાળાવબોધ વાંચ્યો, કારણ કે હજુ સુધી સુબોધિકાનું અવગાહન કર્યું નહોતું.

સંવત ૧૯૧૫માં મુનિ વૃદ્ધિચંદ્રજીએ ભાવનગરમાં એક શ્રાવકને દીક્ષા આપી, તેનું નામ મુનિ ભાવવિજયજી રાખ્યું, પણ શિષ્ય પોતાના ન કર્યા. આધુનિક સમયમાં થોડા વર્ષના દીક્ષાપર્યાયમાં નાની વયમાં થોડો અભ્યાસ છતાં પણ શિષ્ય કરવાની લાલસા વૃદ્ધિ પામી છે તેવું તે વખતે નહોતું. ત્યારપછી ગુરુમહારાજ અમદાવાદથી વિહાર કરીને પાલીતાણે

પધાર્યાના ખબર સાંભળવાથી ગિરિરાજ અને ગુરુમહારાજને ભેટવાની સંયુક્ત અભિલાષા વડે ભાવનગરથી નીકળેલા છ'રી પાળતા સંઘની સાથે પાલીતાણે પધાર્યા. મુનિ મૂલચંદજી પણ શિહોરથી ત્યાં પધાર્યા. દેવ-ગુરુના સહવંદન વડે હર્ષિત થયા. ત્યાં કેટલાએક દિવસ રહીને સૌ સાથે ભાવનગર આવ્યા. આ વખતે ભાવનગરના સંઘનો ભાવનગરમાં જ સૌને ચોમાસું રાખવા બહુ આગ્રહ હતો, પરંતુ વિશેષ ઉપકાર થવાના હેતુથી તેમજ સૌની અભિલાષા સંપૂર્ણ કરવાની ઉદાર બુદ્ધિથી મોટા મહારાજ પોતે ભાવનગર રહ્યા. મુનિ મૂલચંદજીને શિહોર મોકલ્યા અને મુનિ વૃદ્ધિચંદ્રજીને ગોઘે જઈને ચોમાસું કરવા આજ્ઞા કરી. ગોઘાના સંવિજ્ઞપક્ષી શ્રાવકો આ પ્રમાણે કૃપા થવાથી બહુ ખુશી થયા.

ગોઘા શહેરમાં આ વખત સુધી યતિઓનું પરિબળ વિશેષ હતું. દલીચંદજી નામના યતિ ત્યાં ઉપાશ્રય બાંધી કાયમના નિવાસી થઈ રહેલા હતા. તેઓ મંત્ર-યંત્રાદિની શક્તિવાળા કહેવાતા હતા, જેથી કેટલાએક શ્રાવકો તેમનાથી ડરતા હતા, અને કેટલાએક શ્રાવકો સાંસારિક દ્રવ્યપુત્રાદિકની લાલસાથી તેમના ભક્ત થઈ પડેલા હતા. મુનિ વૃદ્ધિચંદ્રજીને કેટલાએક શ્રાવકો આગ્રહ કરીને તેડી ગયા ખરા, પરંતુ બહોળો પક્ષ યતિઓનો રાગી હોવાથી પ્રારંભમાં જરા મુશ્કેલી નડી. ઊતરવા માટે ઉપાશ્રયની અડચણ તો ગૃહસ્થના મકાનમાં રહેવાથી દૂર થઈ, પરંતુ ''આ સંવેગી મુનિ શુદ્ધ ગુરુતત્ત્વનો

ઉપદેશ કરશે તો પછી અમને કોઈ માનશે નહીં" એવા ભયથી તેમજ "સાધુનો અધિકાર અમારી વિદ્યમાનતા છતાં વ્યાખ્યાન વાંચવાનો નથી" એવા અભિમાનથી પ્રારંભમાં જ યતિ દલીચંદજીએ વ્યાખ્યાન વાંચવાની મનાઈ કરી. પણ આ અટકાયત વધારે વખત ટકી શકી નહીં. કેમ કે "સાચ પાસે જૂઠ વધારે વખત નભી શકતું નથી." વાસ્તવિક રીતે જોતાં તો પંચમહાવ્રતધારી ગુરુ કહેવાતા છતાં ભ્રષ્ટ થયેલાઓને વ્યાખ્યાન વાંચવાનો અધિકાર સંભવતો નથી, તેમજ તેનું વ્યાખ્યાન સાંભળવું શ્રાવકવર્ગને ઘટિત પણ નથી. પરંતુ પૂર્વોક્ત કારણથી અને અજ્ઞાનદશાના જોરે થયેલા દષ્ટિરાગથી મુગ્ધ શ્રાવકો તે વાત સમજી શકતા નહોતા. હાલમાં મુનિરાજના વિહાર વડે તે વાત પ્રકાશમાં આવવા લાગી હતી, પરંતુ સંવેગી મુનિઓની સંખ્યા અલ્પ હોવાથી ઘણાં ક્ષેત્રો જળવાઈ શકાતાં નહીં એટલે યતિઓ ફાવી જતા. આ દેશમાં શુદ્ધ ધર્મની ઓળખાણ મુનિરાજ શ્રીબુટેરાયજીના પરિવારે જ કરાવવા માંડી હતી, તેથી તેના પ્રત્યે યતિઓ વધારે ઈર્ષા કરતા હતા.

યતિ દલીચંદજીએ કરેલી અટકાયત સંવેગીપક્ષના રાગી શ્રાવકોએ બે દિવસમાં રદ કરી અને વ્યાખ્યાન વંચાવ્યું. ગેરરીતે કરેલા હુકમથી દલીચંદજીએ નાસીપાસ થવા વખત આવ્યો. મહારાજજીએ શ્રીઉપાસગદશાંગ સૂત્ર વ્યાખ્યાનમાં

વાંચ્યું અને સુબોધિકા ધારી લઈને પર્યુષણમાં તેનું વ્યાખ્યાન વાંચ્યું. સંઘને બહુ હર્ષ થયો. ધીમે ધીમે લોકોનું વલણ ફરવા લાગ્યું, કારણ કે 'સાચાનો ખપ સહુને છે, પણ સાચાની ઓળખાણ પડવી મુશ્કેલ છે.'

સંવત ૧૯૧૫નું ચોમાસું ઉતર્યે ગોઘાથી નીકળેલા છ'રી પાળતા સંઘની સાથે મુનિ વૃદ્ધિચંદ્રજી પાલીતાણે ગયા. ગુરુમહારાજ પણ ભાવનગરથી ત્યાં આવેલા, એકત્ર થયા. સિદ્ધાચળજીની નજીકમાં આવેલાં ક્ષેત્રોમાં ચાતુર્માસ રહેલા મુનિઓ ચાતુર્માસ પૂર્ણ થયે ઘણું કરીને સિદ્ધાચળજીને ભેટવા આવે છે. તેમજ તે તે ગામોનો શ્રાવકવર્ગ પણ બનતા સુધી સંઘ કાઢીને સાથે સિદ્ધાચળજી આવે છે. એવું એ બાજુમાં બહુ વર્ષથી પ્રવર્ત્તન છે.

પાલીતાણે યાત્રા કરીને ભાવનગરના શ્રાવકોના આગ્રહથી ભાવનગર આવ્યા, પરંતુ ફરીને પાછું ભાવનગરથી નીકળેલા સંઘ સાથે પાલીતાણે જવું થયું. મુનિરાજ શ્રીબુટેરાયજીએ મુનિ મૂલચંદજીને લઈ અમદાવાદ તરફ વિહાર કર્યો અને પોતે ભાવનગર આવ્યા. સંવત ૧૯૧૬નું ચોમાસું ભાવનગરમાં જ કર્યું. તે વખતે પંન્યાસ મણિવિજયજી તથા પંન્યાસ દયાવિમળજી પણ ભાવનગરમાં જ ચોમાસું રહ્યા હતા. આ ચોમાસામાં વ્યાખ્યાન વાંચવાના સંબંધમાં એક સાધ્વીએ તકરાર ઉઠાવ્યો પરંતુ તેનું કાંઈ ચાલી શક્યું નહિ. સુખશાંતિપૂર્વક ચાતુર્માસ પૂર્ણ કરી, પાલીતાણે યાત્રા કરીને

અમદાવાદ તરફ વિહાર કર્યો, પરંતુ અમદાવાદ પહોંચ્યા અગાઉ મુનિમહારાજ શ્રીબુટેરાયજીએ તો પંજાબ તરફ વિહાર કર્યો હતો તેથી તેમનો સમાગમ થઈ શક્યો નહીં.

સંવત ૧૯૧૭માં જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે શેઠ હેમાભાઈનું સર્વ કુટુંબ મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીનું વિશેષ રાગી થયું હતું. મુનિ વૃદ્ધિચંદ્રજીનું શરીર સ્વાભાવિક કોમળ હોવાથી તેમજ અદ્યાપિ સુધીમાં આહારપાણી વગેરેનું કષ્ટ વેઠીને પણ કેટલીક વખત વિહાર કરેલો હોવાથી, અને સંગ્રહણીનો દુઃખકર વ્યાધિ લાગુ પડેલો હોવાથી, વિહાર કરવો મુશ્કેલ પડવા લાગ્યો હતો. પરંતુ વિહાર કરવાથી થતા લાભ અને સ્થિરવાસે રહેવાને પરિણામે થતા ગેરલાભ વિચારીને તેઓ એક સ્થાનકે રહેવાનો વિચાર કરતા નહોતા.

વિહાર કરવાથી ગૃહસ્થનો પ્રતિબંધ ન થાય, કોઈની સાથે રાગદશા ન બંધાય, સ્થાને સ્થાને અનેક જીવોને ઉપકાર થાય, અનેક વિદ્વાનોનો સંસર્ગ થાય, અનેક તીર્થોની યાત્રા થાય તેમજ ચારિત્ર નિર્મળ રહે ઇત્યાદિ કારણોથી સર્વજ્ઞે મુનિને વિહાર કરવાની આજ્ઞા ફરમાવેલી છે. એક સ્થાનકે રહેવાથી ગૃહસ્થનો પ્રતિબંધ થાય, નિત્યપરિચિત માણસો સાથે રાગ બંધાય, નિત્યના સહવાસથી ઉપદેશની અસર ઓછી થાય, નવા નવા વિદ્વાનોનો પ્રસંગ થતો અટકે અને પ્રાયઃ શરીર પણ પ્રમાદી થઈ જવાથી ક્રિયામાં

શિથિલતા પ્રાપ્ત થાય; માટે મુનિએ શરીરમાં શક્તિ હોય ત્યાં સુધી એક સ્થાનકે રહેવું નહીં એમ કહેલું છે.

મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીની ઉપદેશ કરવાની રીતિ એટલી બધી અસરકારક હતી કે તેથી સાંભળનાર પોતાને તાત્કાલિક અસર થતી. આ વખતે અમદાવાદના જૈન ગૃહસ્થોની દ્રવ્યસંબંધી સ્થિતિ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતી હતી. તેમાં મહારાજશ્રીનો ઉપદેશ લાગવાથી શેઠ પ્રેમાભાઈ, દલપતભાઈ અને મગનભાઈ કરમચંદે પુષ્કળ દ્રવ્યનો સત્કાર્યમાં વ્યય કર્યો. મહારાજશ્રી કહેતા કે ''લક્ષ્મી સ્વભાવે ચંચળ છે, આવે છે ને જાય છે, સ્થિર રહેતી નથી; માટે જ્યારે તેની પ્રાપ્તિ થાય ત્યારે તેને સત્કાર્યમાં વાપરીને સફળ કરવી. લક્ષ્મીનો સત્કાર્યમાં વ્યય કરવાથી પુણ્યબંધ થાય છે અને તે ભવાંતરમાં પણ હિતદાયી થાય છે. પૂર્વે કરેલા સુકૃત વડે આ જન્મમાં દ્રવ્યાદિની પ્રાપ્તિ થાય છે તો તેના ઉપકારને જાણીને જે પ્રાણી આ ભવમાં તેનો સદુપયોગ કરતા નથી તેઓ કૃતઘ્ની - કર્યા ગુણનો નાશ કરનાર લેખાય છે અને લક્ષ્મી જ્યારે જતી રહે છે ત્યારે તેઓ પશ્ચાત્તાપના ભાજન થાય છે.'' આવી રીતના ઉપદેશામૃતથી શ્રોતાઓના મન વિકસ્વર થતા હતા. શાંતતા, ધૈર્ય અને સમયસૂચકતા વગેરે ગુણો આ વખતે પ્રકાશી નીકળ્યા હતા. શેઠ મગનભાઈ કરમચંદે આ વર્ષમાં સંઘ કાઢ્યો. તેમની સાથે શ્રીકેશરીઆજી તથા શ્રીતારંગાજી

વગેરે તીર્થોની યાત્રા કરી આવ્યા પછી સંવત ૧૯૧૭નું ચોમાસું અમદાવાદમાં જ કર્યું.

સંવત ૧૯૧૮માં મહારાજશ્રીના માતુશ્રી કાળધર્મ પામ્યા. સંવત ૧૯૧૮-૧૯ અને ૨૦ એ ત્રણે વર્ષના ચોમાસાં ઉપરાઉપર અમદાવાદમાં જ કર્યા. સંવત ૧૯૨૦ના ચોમાસામાં શેઠ દલપતભાઈ ભગુભાઈને શ્રીસિદ્ધાચળજીનો છ'રી પાળતો સંઘ કાઢવાની અભિલાષા થઈ તેથી તેમણે મહારાજશ્રીને વિનંતિ કરી કે "જો આપ સાથે આવવાનું કબૂલ કરો તો મારી અભિલાષા પૂર્ણ થાય." મહારાજજીએ તેમના ભાવની વૃદ્ધિ દેખીને તે વાત કબૂલ કરી.

સંવત ૧૯૨૧માં શેઠ દલપતભાઈએ ઘણા આડંબર-સહિત અમદાવાદથી સંઘ કાઢ્યો. મહારાજજી સાથે ચાલ્યા. સિદ્ધાચળજીને ભેટતાં પરમ આહ્લાદ થયો. શેઠ દલપતભાઈનો રાગ પણ મહારાજજી ઉપર વૃદ્ધિ પામ્યો. આ વખતે શેઠ કેશવજી નાયક તરફથી મહા શુદિ ૧૩ના અંજનશલાકા થવાની હતી. માણસ પુષ્કળ મળ્યું હતું. શેઠ કેશવજી નાયકને નવકારશી કરવાની બહુ ઇચ્છા હતી પણ કેટલાએક કારણથી તે ઇચ્છા પાર પડી નહીં, એટલે શેઠ દલપતભાઈએ તે બીડું ઝડપી લઈને તે દિવસે નવકારશી કરી. આ સંઘમાં શેઠ દલપતભાઈએ સુમારે એંશી હજાર રૂપિયાની મૂર્ચ્છા ઉતારી હતી. મહારાજશ્રી પાછા સંઘ સાથે અમદાવાદ ન જતાં ભાવનગર પધાર્યા. સંવત ૧૯૨૧નું

ચોમાસું પોતે ભાવનગરમાં કર્યું. મુનિ મૂલચંદજીએ શિહોરમાં કર્યું.

સંવત ૧૯૨૨માં બંને ગુરુભાઈએ સાથે વિહાર કર્યો. માર્ગમાં ગામે ગામે અનેક પ્રાણીઓને સદ્‌બોધામૃત વડે પવિત્ર કરતાં કરતાં અમદાવાદ પહોંચ્યા. ત્યાં મુનિરાજ શ્રીમૂલચંદજીએ શ્રીભગવતીસૂત્રના મહાયોગનું ઉદ્વહન કર્યું, જેને અંતે શ્રીસંઘ તરફથી તેમને 'ગણિ' પદવી આપવામાં આવી. હવેથી તેઓ ગણિ શ્રીમૂલચંદજી કહેવાવા લાગ્યા. પોતાથી શરીરની અશક્તિના કારણને લીધે વિશેષ યોગનું વહન થઈ શકતું નહોતું, પરંતુ પોતાના વડીલ ગુરુભાઈએ મહાયોગ વહ્યા અને ગણિપદવી મેળવી તેથી પોતાને બહુ જ આહ્‌લાદ થયો. આ વર્ષમાં શ્રીડીસામાં મુનિ નિત્યવિજયજી પાસે એક સાથે પાંચ શ્રાવકોએ દીક્ષા ગ્રહણ કરી. તેમાંથી મુનિ મોતી-વિજયજી, ભક્તિવિજયજી અને દર્શનવિજયજી મુનિરાજશ્રી બુટેરાયજીના શિષ્ય તરીકે પ્રસિદ્ધિને પામ્યા. સંવત ૧૯૨૨નું ચોમાસું અમદાવાદમાં જ થયું.

સંવત ૧૯૨૩ના ચોમાસામાં મહારાજશ્રીના ઉપદેશથી શેઠ દલપતભાઈ ભગુભાઈએ ઉજમણાનો અને પ્રતિષ્ઠાનો મહોત્સવ કરી સુમારે પચીશ હજાર રૂપિયા ખર્ચ્યા. ભાવનગરના શ્રાવકો પંચતીર્થીની યાત્રા કરીને અમદાવાદ આવેલા. તેમને ઉપદેશ આપી ઉજમણું કરવાની અભિલાષા ઉત્પન્ન કરી અને ઉપકરણાદિની સગવડ કરાવી આપી, જેથી

સંવત ૧૯૨૪ના માગશર માસમાં ભાવનગરમાં પહેલવહેલું ઉજમણું થયું. સંવત ૧૯૨૩-૨૪-૨૫ એ ત્રણ વર્ષનાં ચોમાસાં પણ મહારાજશ્રીએ અમદાવાદમાં જ કર્યાં. તે અરસામાં ધર્મશાળામાં એક સારો પુસ્તકભંડાર કરાવ્યો.

સંવત ૧૯૨૬માં શ્રીશંખેશ્વરજીની યાત્રા કરી તેઓ શ્રીરાધનપુર પધાર્યા અને તે ચોમાસું ત્યાં જ કર્યું.

સંવત ૧૯૨૭માં પંજાબથી ગુરુમહારાજ આ તરફ પધારે છે એવા ખબર સાંભળીને ગુરુમહારાજની સામા જવા તેમને ઉત્સુકતા થઈ, તેથી રાધનપુરથી અમદાવાદ જઈ મુનિ મૂલચંદજીને મળીને પોતે બીજા ચાર મુનિઓ સહિત સામા ચાલ્યા. પાટણ, પાલણપુર થઈને પાલી પહોંચ્યા એટલે ગુરુમહારાજ ત્યાં એકત્ર થયા. બહુ વર્ષે દર્શન થવાથી પરમ આનંદ થયો. પછી પાલીથી ગુજરાત તરફ સૌએ વિહાર કર્યો. માર્ગમાં શ્રીઆબુજી તીર્થની યાત્રા કરી. અપૂર્વ મૂર્ત્તિ તથા અપૂર્વ કારીગરી જોઈ બહુ આનંદ થયો અને દ્રવ્યમૂર્છા તજી દઈને અગણિત રૂપિયા ખર્ચનાર વિમળશા તથા વસ્તુપાળ આદિનું સ્મરણ થયું. ત્યાંથી વિહાર કરતાં અમદાવાદ આવ્યા. એ વર્ષનું ચોમાસું અમદાવાદમાં જ કર્યું.

આ વર્ષમાં તેમણે શ્રીપાલીતાણે મુનિ દર્શનવિજયજીને ચોમાસું મોકલ્યા. તેમને યતિઓના રાગીઓએ તેમજ બીજાઓએ વ્યાખ્યાન વાંચવાની અટકાયત કરી. "જુઓ !

અન્યાયનું જોર !'' પણ આખર ચાલ્યું નહીં. મહારાજજીએ અમદાવાદથી દરબારી અમલદાર ઉપર વાજબી કરવા ભલામણ લખાવી જેને પરિણામે વ્યાખ્યાન શરૂ થયું, જેથી ઘણો ઉપકાર થયો અને અનીતિની હાર થઈ.

સંવત ૧૯૨૮માં અમદાવાદથી વિહાર કરી તેઓ અનેક ભવ્ય જીવો ઉપર ઉપકાર કરતાં લીંબડી આવ્યા. ત્યાંનો પ્રાચીન પુસ્તકભંડાર સારી સ્થિતિમાં જોઈને સંતોષ પામ્યા. આ ભંડારમાં તાડપત્ર ઉપર તેમજ કાગળ ઉપર પણ ઘણાં પ્રાચીન પુસ્તકો છે. આ ચોમાસું મુનિ વૃદ્ધિચંદ્રજીએ લીંબડીમાં કર્યું.

સંવત ૧૯૨૯માં લીંબડીથી વિહાર કરી ધોલેરા તરફ પધાર્યા. ધોલેરા પહોંચતાં શ્રાવકવર્ગે બહુ સત્કાર કર્યો, પરંતુ તરતમાં શ્રીપૂજ્ય આવી ગયેલા હોવાથી અને તેણે દોરાધાગા કરી આપીને લોકોના દિલ રીઝાવેલા હોવાથી ઘણો ભાગ યતિઓનો રાગી હતો તેમાં વૃદ્ધિ થઈ હતી. શ્રીપૂજ્યો ગચ્છાધિપતિપણું ધરાવીને અયોગ્ય માર્ગે ચાલે છે, તેમને સંઘમાં કોઈ કહેનાર રહ્યું નથી. જૈન શાસ્ત્રોમાં આચાર્યનાં લક્ષણો જે કહ્યા છે તે પ્રસિદ્ધિમાં છતાં અનેક પ્રકારના આરંભો કરનારને, પાલખીમાં બેસનારને, દ્રવ્યનો સંગ્રહ કરનારને, સચિત્ત પાણીના પીનારને, સ્રીસંસર્ગના ડર વિનાનાને, તેમજ પાપાચરણનો ભય તજી દેનારને આચાર્ય તરીકે માનવા, તેઓની પધરામણી કરવી, દ્રવ્યાદિકના

લોભમાં નાખવા, દ્રવ્યાદિવડે પૂજા કરવી, કંકુ વડે પગલાં પડાવવાં, ભ્રષ્ટાચારી છતાં તેમના કરી આપેલા દોરાધાગાથી વાંચ્છિત થવાની નિષ્ફળ આશાઓ બાંધવી, સ્ત્રીવર્ગને તેમની પાસે જવાઆવવાની છૂટ આપવી - આ બધી નરી મૂર્ખતા જ છે ! પૂર્વે કોઈ કોઈ જતિઓ તેમજ શ્રીપૂજ્યો કાંઈક પરિગ્રહની મૂર્છાવાળા તો હતા પણ ધર્મના રાગી હતા, સચિત્તના ત્યાગી હતા, સ્ત્રીસંસર્ગથી અલગ રહેતા, ધર્મસંબંધી કાર્યપ્રસંગે શૂરા હતા, રાજાઓને પણ રીઝવે એવા હતા, ધર્મની ઉન્નતિ કરનારા હતા, પોતાની ભૂલ પોતે સમજતા, શુદ્ધ માર્ગે ચાલનારની પ્રશંસા કરતા, શુદ્ધ માર્ગના ઇચ્છુક હતા, વિદ્યાભ્યાસમાં પ્રયાસ કરતા, વાદવિવાદમાં જીત મેળવતા અને ખોટો ડોળ ધરાવતા નહોતા. આ વાત હાલના જતિઓ અને શ્રીપૂજ્યોમાં બિલકુલ દૃષ્ટિએ પડતી નથી. તો કદી સમગ્ર સમુદાયના ઐક્યબળ સિવાય તેનું સર્વથા નિવારણ તો થઈ ન શકે. પણ તેઓની ઉપેક્ષા તો કરવી જ જોઇએ, ભક્તિ કરવાથી દૂર રહેવું જોઇએ, અને તેઓને ઉન્માર્ગી થવામાં પુષ્ટિ ન મળે એમ કરવું જોઇએ. આ બધી હકીકત મહારાજશ્રીએ ધીમે ધીમે શ્રાવકવર્ગના દિલમાં ઊતારી. લોકો પણ સમજવા લાગ્યા અને ઉન્માર્ગથી પાછા વળી શુદ્ધ માર્ગના રાગી થયા.

એ વર્ષમાં વળી એક સંવેગી સાધુનો વેશ ધારણ કરનાર ઋદ્ધિસાગર નામના સાધુએ પણ મંત્ર-તંત્રાદિ અથવા શુકન-

મુહૂર્ત્તાદિના વહેમમાં નાખીને લોકોનાં મન વ્યગ્ર કરી નાખ્યાં હતાં, તેથી કેટલાએક લોકો તેના પર રાગી થઈ ગયા હતા. આવા વેશધારીના ફંદમાં નહીં ફસાવા માટે પણ મહારાજશ્રીએ લોકોને ઉપદેશ દ્વારા સમજાવ્યા અને કાંટાવાળું ક્ષેત્ર પ્રયાસપૂર્વક સાફ કરીને તેમાં ધર્મનાં બીજ વાવ્યાં. કેટલાએક શ્રાવકો વિશેષ પ્રકારે સંવેગી મુનિઓના રાગી થયા.

મહારાજશ્રીના ઉપદેશથી શેઠ મૂળચંદભાઈ વેલશીએ ધોલેરાથી શ્રીસિદ્ધાચળજીનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. મહારાજશ્રીને વિનતિ કરીને સાથે લીધા. અનુક્રમે પાલીતાણે પહોંચી તીર્થાધિપતિની યાત્રા કરી આનંદિત થયા. મુનિ દર્શનવિજયજી આ વર્ષમાં પાલીતાણે કાળધર્મ પામ્યા. આ મુનિ બહુ ઉપગારી અને આત્માર્થી હતા. અંતાવસ્થાએ સમ્યક્ પ્રકારે આરાધના કરીને પંચત્વને પામ્યા હતા. એમના શિષ્ય મુનિ કેવળવિજયજી, શ્રીઅમદાવાદ ગણિ શ્રીમૂલચંદજીની પાસે યોગવહન કરવા ગયા હતા. તેમની વડીદીક્ષાને અવસરે તેમના મૂળગુરુ કાળ કરી ગયેલા હોવાથી મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીના નામની વડીદીક્ષા આપીને તેમના શિષ્ય કર્યા. મહારાજશ્રીના આ પહેલવહેલા શિષ્ય થયા અને તે પણ પોતાની ઇચ્છા વિના, માત્ર વડીલ ગુરુભાઈના વિચારથી જ થયા. આ વર્ષ (સંવત ૧૯૨૯નું) ચોમાસું મહારાજશ્રીએ પાલીતાણે કર્યું, તેથી ચાતુર્માસ રહેવા આવેલા દેશી-પરદેશી શ્રાવકવર્ગની ઉપર મહાન્ ઉપકાર થયો.

હવે દિનપરદિન સંવેગી મુનિઓની સંખ્યા વૃદ્ધિ પામવા લાગી. તેમાં પણ મુનિમહારાજ શ્રીબુટેરાયજીનો પરિવાર વિશેષ વૃદ્ધિ પામ્યો. યતિઓનું જોર ગામોગામ ઘટવા માંડ્યું અને લોકો સંવેગી સાધુઓના રાગી થવા લાગ્યા. વિહાર પણ સુગમ થયો. ગુજરાત ને કાઠિયાવાડમાં તો બિલકુલ અડચણ ન આવે એવી સ્થિતિ થઈ. એ વખતમાં મુનિઓ પણ વિહાર કરવાની તત્પરતાવાળા હતા. એક સ્થાનકે સ્થિર રહેતા નહીં, જેથી ઘણાં ક્ષેત્ર જળવાતાં અને ઉપકાર પણ બહુ થતો. હાલના સમયમાં અમદાવાદ કે પાલીતાણા જેવા ક્ષેત્રોમાં મુનિવર્ગ મોટી સંખ્યામાં રહે છે જેથી ઉપકાર બહુ ઓછો થાય છે, લોકોની રુચિ ઘટે છે અને ગૃહસ્થનો પ્રતિબંધ થાય છે, તેમ તે વખતે થતું નહોતું. આ વાત હાલમાં સાધુસમુદાયની આગેવાની ધરાવનાર મુનિરાજે લક્ષમાં રાખવા જેવી છે. વિહાર કરવામાં આવી સુગમતા છતાં શા માટે પ્રમાદ કરવામાં આવે છે તે સમજી શકાતું નથી. વિહાર કરવાની મુશ્કેલીના વખતમાં પણ જેમણે ઉપકારબુદ્ધિ વડે કષ્ટ વેઠી વિહાર કર્યો છે તેમનો દાખલો લ્યો અને તમે પણ ઉપકાર કરવા સાથે આત્મહિતનો પ્રયત્ન કરો એવી આધુનિક મુનિરાજ પ્રત્યે અમારી સવિનય પ્રાર્થના છે.

ઉત્તમપદની પ્રાપ્તિ માટે કષ્ટ વેઠવાની આવશ્યકતા જ જણાય છે. દૂધ પણ તાપ સહન કરે છે તો જ તેનો માવો થાય છે. દહીં પણ મથન સહન કરે છે તો જ તેમાંથી

માખણ નીકળે છે. અને માખણ પણ અગ્નિની વ્યથા સહે છે તો જ તેનું ઘૃત થાય છે. માટે કષ્ટ વેઠ્યા વિના મહત્ત્વની કદાપિ પ્રાપ્તિ થતી નથી એમ જણાય છે. પૂર્વે પણ અનેક મહાત્માઓ દેહનું, ઇન્દ્રિયોનું તેમજ મનનું દમન કરીને મોક્ષસુખને ભજનારા થયા છે, તો તેમનું અનુકરણ આધુનિક મુનિઓએ પણ કરવું જોઈએ. આ ચરિત્રના અધ્યક્ષ મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીનાં સત્કાર્યોનું અનુકરણ કરશો તો તેથી પણ સ્વહિત સાથે ઘણું પરહિત થઈ શકશે.

મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજી સંવત ૧૯૩૦માં પાલીતાણાથી વિહાર કરી ભાવનગર પધાર્યા. આ સમયમાં ભાવનગરમાં કેટલાએક શ્રાવકોની રૂચિ ક્રિયામાર્ગ પરથી ઉઠી ગઈ હતી. તેમને મહારાજશ્રીએ અનેક પ્રકારના શાસ્ત્રાધાર બતાવીને દૃઢ કર્યા. ભાવનગરમાં શ્રાવકોનો સમુદાય મોટો હોવાથી ઘણા છોકરાઓ વિદ્યાભ્યાસ કરી શકે એવા લાગ્યા. તેથી તેનાં સાધન તરીકે એક જૈનશાળા સ્થાપન કરવાની મહારાજશ્રીને જરૂર જણાઈ. મહારાજશ્રીએ એ સંબંધમાં શ્રાવકવર્ગને ઉપદેશ કરી માસ્તરના પગારની સગવડ કરાવી આપી અને સંવત ૧૯૩૦ના અશાડ શુદ ચોથે જૈનશાળાનું સ્થાપન કરાવ્યું. તેના માસ્તર તરીકે શ્રીપાલીતાણાના શ્રાવક રઘુ તેજાને ગોઠવ્યા. આ અધ્યાપકના પ્રયાસથી તેમજ મુનિવર્ગની અખંડ દેખરેખથી એક બે વર્ષમાં જૈન બાળકોની સારી સંખ્યા વિદ્યાભ્યાસમાં આગળ વધી. આ વર્ષનું (સં.

૧૯૩૦નું) ચોમાસું મહારાજશ્રીએ ભાવનગરમાં કર્યું. મહારાજશ્રીના ઉપદેશથી શ્રીસિદ્ધાચળજીની નવાણું યાત્રા કરવાની ઘણા શ્રાવકોની અભિલાષા થઈ. તેઓએ ચોમાસું ઊતરતાં જ પાલીતાણે જઈને તે અભિલાષા પૂર્ણ કરી.

પ્રારંભની હકીકત ઉપરથી વાંચનારાઓને રોશન થયેલું છે કે પંજાબ દેશમાં ઢુંઢીઆનું બહુ જ જોર હતું. તેમાં મુનિરાજ શ્રીબુટેરાયજીના ઢુંઢકપક્ષને તજીને નીકળી આવવાથી કાંઈક ખંડિતપણું થયું હતું. એટલું જ નહીં, પણ મનુષ્યશરીરમાં જેમ ક્ષયરોગનાં બીજ રોપાયાં હોય તો તે દિનપરદિન વૃદ્ધિ પામતા જાય છે, તેમ તે વખતથી વિચારવંત ઢુંઢકોના દિલમાં પણ કાંઈક શંકાએ ઘર કર્યું હતું. એવામાં એક બીજા મહાપુરુષે તે શંકાને શાસ્ત્રાધાર વડે જોતાં શંકા નહી પણ ખરી હકીકત જ છે એમ જાણ્યું, અને બીજા ઘણાઓને જણાવ્યું. તે મહાપુરુષ આખા હિન્દુસ્તાનમાં પ્રસિદ્ધિ પામેલા મુનિરાજ શ્રીઆત્મારામજી છે. તેમણે પોતાની જન્મભૂમિ પંજાબદેશમાં સંવત ૧૯૧૦માં ઢુંઢકમતની દીક્ષા ગ્રહણ કરી હતી. બુદ્ધિ બહુ તીક્ષ્ણ હોવાથી અનેક શાસ્ત્રો વાંચતાં ઢુંઢકમતમાં તેમને પોકળ માલુમ પડ્યું એટલે વધારે તપાસ ચલાવ્યો. જેનાં પરિણામે ખાતરી થઈ કે આ મત બિલકુલ અસત્ય છે; અને સત્ય માર્ગ તો જિનપ્રતિમા માનવી, પિસ્તાલીશ આગમ, તેની

પંચાંગી અને તેનાં અવિરોધી સર્વે શાસ્ત્રો અંગીકાર કરવાં (માનવા)એ છે. આ વાત તેમણે પોતાની સાથેના ગુરુભાઈઓને કરી. સૌને તે વાત સત્ય જણાઈ. 'સત્ય સૌ કોઈને પસંદ પડે છે.' એટલે એકંદર ૨૦ ઢુંઢક રિખો તે મતનો ત્યાગ કરવાને તૈયાર થઈ ગયા. પણ એકદમ સાહસ ન કરતાં સમજુ શ્રાવકોને તે વાત સમજાવી, અને બે-ચાર વર્ષ તે જ દેશમાં રહી સુમારે ૭૦૦૦ ઢુંઢકોની શ્રદ્ધા ફેરવી. પછી સાથેના બીજા સાધુના મનમાં ઉતાવળ થઈ કે — 'સત્ય માર્ગ જાણ્યા છતાં હવે આ ઉન્માર્ગમાં અને કુલિંગમાં ક્યાં સુધી રહેવું ?' તેમાંથી મલેરકોટલાના રહેનારા ખરાયતિમલ્લ નામના અગ્રવાળ વાણિયા, જેણે સંવત ૧૯૧૧ના વર્ષમાં ઢુંઢકમતમાં દીક્ષા લીધી હતી અને મુનિરાજ શ્રીઆત્મારામજીના ગુરુભાઈ થયા હતા, તેઓ તો ઉતાવળે એકલા નીકળી ગયા અને મુનિરાજ શ્રીઆત્મારામજીની અગાઉ છ મહિને સંવત ૧૯૩૦માં અમદાવાદ આવી મુનિરાજ શ્રીબુટેરાયજી પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ મુનિ ખાંતિવિજયજી રાખવામાં આવ્યું. તેઓ જ્ઞાનગુણમાં અને તપસ્યાગુણમાં બહુ વૃદ્ધિ પામ્યા છે અને હાલમાં ઘણાં વર્ષથી છઠ્ઠ છઠ્ઠ તપનું પારણું કરે છે.

ઢુંઢકપણામાં આત્મારામ રિખને નામે ઓળખાતા મુનિ આત્મારામજીએ સાથેના સર્વે રિખોનું દિલ ઢુંઢકના પાસમાંથી ઉતાવળે છૂટી જવાનું થવાને લીધે સંવત

૧૯૩૦નું ચોમાસું પૂર્ણ થયા પછી હુંશીયારપુરથી ૧૬ સાધુ સાથે આ દેશ તરફ વિહાર કર્યો. માર્ગમાં સૌએ મુહપત્તિ તોડીને ઢુંઢકવેશ તજી દીધો. અનુક્રમે અમદાવાદ આવ્યા. શેઠ દલપતભાઈના વંડામાં ઊતર્યા. આ વખતમાં અમદાવાદમાં મુનિ શાંતિસાગરે કેટલીક શાસ્ત્રવિરુદ્ધ એકાંત પ્રરૂપણા કરવા માંડી હતી અને તેમાં ઘણા શ્રાવકો ફસાયા હતા. મુનિ આત્મારામજીએ તેની સાથે ચર્ચા કરીને તેને નિરુત્તર કર્યા. અમદાવાદનો સંઘ તેમનું જ્ઞાન અને વાદવિવાદની કુશળતા જોઈને બહુ ખુશી થયો.

આ વખતે મુખ્ય કાર્ય તો તપગચ્છમાં જે કોઈ શુદ્ધ આચારવિચારવાળા મુનિ હોય તેમની પાસે વડીદીક્ષા લઈને તેનું ગુરુપણું મસ્તકે ધરાવવું એ હતું. પરંતુ એ વાત વધારે પરીક્ષા કરવા ઉપર તેમજ અનુભવ મેળવવા ઉપર રાખીને અમદાવાદથી શ્રીસિદ્ધાચળજી મહાતીર્થને ભેટવા ચાલ્યા. શ્રીસિદ્ધાચળજીને ભેટતાં તેઓને બહુ જ આહ્લાદ થયો. ત્યાંથી ભાવનગર થઈ પાછા અમદાવાદ આવ્યા. આ વખતે મુનિરાજ શ્રીબુટેરાયજીના હસ્તથી વાસક્ષેપ લઈ તેમના શિષ્ય થવાનો વિચાર નિર્ણય ઉપર આવ્યો હતો. ઘણા મુનિઓને સાથે વડીદીક્ષા આપવાના આ મોટા મહોત્સવ ઉપર અન્ય સ્થળેથી પણ કેટલાક મુનિઓ અમદાવાદ આવ્યા, તેમજ મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજી પણ ભાવનગરથી વિહાર કરી અમદાવાદ પધાર્યા.

સંવત ૧૯૩૧માં શુભ મુહૂર્ત્તે શ્રીસંઘે કરેલા મહોત્સવ-પૂર્વક મુનિ આત્મારામજીએ મુનિરાજ શ્રીબુટેરાયજી પાસે વડીદીક્ષા ગ્રહણ કરી. આ વખતે તેમનું મૂળ નામ ફેરવીને મુનિ આનંદવિજયજી રાખવામાં આવ્યું. પરંતુ પ્રથમના નામની ખ્યાતિ બહુ થઈ ગયેલી હોવાથી વ્યવહારમાં તો મૂળ નામ જ રહ્યું. બીજા ૧૫ મુનિઓને મુનિ આત્મારામજીના શિષ્ય તરીકે વાસક્ષેપ કર્યો અને તેમનાં નામ પણ ફેરવવામાં આવ્યાં. આ પ્રસંગ ઉપર જ પોરબંદર વગેરે તરફ વિહાર કરનાર એક યતિ અમદાવાદ આવ્યા. તેમને શ્રીઅધ્યાત્મ-કલ્પદ્રુમાદિ શાસ્ત્ર વાંચતાં શુદ્ધ માર્ગની રુચિ જાગૃત થઈ હતી, તેથી તેણે જતિપણું તજી દઈને તે જ દિવસે મુનિરાજ શ્રીબુટેરાયજી પાસે વડીદીક્ષા ગ્રહણ કરી. તેમનું નામ મુનિ ગંભીરવિજયજી રાખવામાં આવ્યું અને મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીના શિષ્ય તરીકે શ્રીસંઘે વાસક્ષેપ કર્યો.

આ વર્ષમાં રાજકોટ પોલિટિકલ એજંટ પાસે શત્રુંજય તીર્થસંબંધી પાલીતાણા દરબારની સામે કેસ ચાલતો હતો. તેથી તેમાં રજૂ કરવાનો શાસ્ત્રીય પુરાવો તૈયાર કરી આપવામાં, યોગ્ય સલાહ આપવામાં, તેમજ કામ કરનારા આગેવાન શેઠિયાઓને હિંમત આપવામાં મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીએ સારૂં દિલ આપ્યું હતું. ઘણું કરીને આ કાર્યને માટે જ આ વર્ષનું (સંવત ૧૯૩૧નું) ચોમાસું અમદાવાદમાં કર્યું હતું. શાંતિસાગરસંબંધી ચર્ચા પણ આ ચોમાસામાં વધારે ચાલી

હતી. જેના પરિણામે શાંતિસાગરનો મત વૃદ્ધિ પામતો અટક્યો અને તેનું બળ ક્ષીણ થયું.

સંવત ૧૯૩૨માં અમદાવાદથી વિહાર કરી આ તરફ આવતાં માર્ગમાં લાઠીદડ ગામે રોકાયા. ત્યાં માહ શુદિ તેરશે દેરાસરજીમાં મૂળનાયકજીની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યાંથી વિહાર કરીને શ્રીવળા ગામે આવ્યા. આ શહેર પ્રથમ વલ્લભીપુર નામથી પ્રસિદ્ધ હતું અને શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે ભગવંત શ્રીમહાવીરસ્વામીના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે આ નગરમાં જ સિદ્ધાંતો પુસ્તકારૂઢ કર્યા હતા. ત્યારપછી વલ્લભીપુર કોઈ પણ કારણસર નાશ પામ્યું અને તેની નજીકમાં વળા શહેર વસ્યું. અહીંની ભૂમિ પૂર્વોક્ત કારણથી પવિત્ર ભાસવાને લીધે મહારાજશ્રી કેટલાએક દિવસ ત્યાં રહ્યા. એ અરસામાં શ્રીદેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની યાદગીરી કોઈ પણ રીતે અહીં કાયમ રહે તો ઠીક એમ મનમાં આવ્યું, પરંતુ યોગ્ય અવસર ઉપર તે વાત મુલત્વી રાખવામાં આવી.

વળાથી ભાવનગર આવ્યા અને ત્યાંથી પાલીતાણે જઈને સંવત ૧૯૩૨નું ચોમાસું ત્યાં કર્યું. એ પ્રસંગે જૈન બાળકોને વિદ્યાભ્યાસ થઈ શકવા માટે આ તીર્થસ્થાનકે એક જૈનશાળા સ્થાપિત કરવાની જરૂર જણાઈ, તેથી શેઠ દલપતભાઈ દ્વારા શ્રીમુર્શિદાબાદ બાબુસાહેબ બુદ્ધિસિંહજીને લખાવ્યું. તેમણે ખર્ચ આપવો કબૂલ કર્યો એટલે તે વર્ષમાં જૈનશાળાનું સ્થાપન કરવામાં આવ્યું.

સંવત ૧૯૩૩માં પાલીતાણાથી વિહાર કરી ભાવનગર પધાર્યા, અને સંવત ૧૯૩૩-૩૪-૩૫ના ત્રણે ચોમાસાં ભાવનગરમાં કર્યાં. મહારાજજીએ અનેક શાસ્ત્રો વાંચીને સવિશેષ જ્ઞાન સંપાદન કર્યું હતું અને અનુભવજ્ઞાન મેળવવા ઉપર દિનપરદિન રુચિ વધતી જતી હતી. શુદ્ધ અધ્યાત્મનું સ્વરૂપ પોતે સમજ્યા હતા અને નિરંતર અધ્યાત્મસ્વરૂપના ચિંતનમાં જ લીન રહેતા હતા; તો પણ શુદ્ધ વ્યવહારની પુષ્ટિ કરવા સાથે ક્રિયાકલાપમાં અહર્નિશ સાવધાન રહેતા હતા. તેમનો ઉપદેશ ચલિત મનવાળાને પણ ધર્મમાં સ્થિર કરવાની શક્તિ ધરાવતો હતો. તેમના ઉપદેશથી કોઈ પણ પ્રાણીને વૈરાગ્યદશા આવ્યા વિના રહેતી નહીં, એવો અમોઘ ઉપદેશ તેમનો હતો. આ ત્રણ વર્ષ ઉપરાઉપર ભાવનગરમાં રહેવાથી અનેક જીવો ઉપર અનેક પ્રકારનો ઉપકાર થયો.

સંવત ૧૯૩૬માં શ્રીવળાના શ્રાવકોનો આગ્રહ થવાથી મહારાજશ્રી વળે પધાર્યા અને સંવત ૧૯૩૬—૩૭ના બન્ને ચોમાસાં વળામાં કર્યાં. તે અરસામાં મહારાજશ્રીના ઉપદેશથી ત્યાંના શ્રાવક માલશાજીએ ઉજમણાનો મહોત્સવ કર્યો.

સંવત ૧૯૩૮માં વળાથી વિહાર કરવાનો વિચાર કરતા હતા તેવામાં ફાગણ વદ ૦))સે ગુરુમહારાજ શ્રીબુટેરાયજી શ્રીઅમદાવાદમાં કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળ્યા. ગુરુમહારાજનો વિરહ થવાથી ચિત્તને બહુ ખેદ થયો.

સાંસારિક સંબંધીઓ તમામ સ્વાર્થી છે અને ગુરુમહારાજ તો એકાંત હિતના કરવાવાળા હોવાથી નિષ્કારણ બંધુ છે. સંસારસમુદ્રમાંથી હાથનું આલંબન દઈને તેમણે ઉદ્ધાર કરેલો છે. તેમના ઉપગારનો જિંદગીપર્યંત ભક્તિ કરવાથી પણ બદલો વળી શકતો નથી. પ્રથમ વયમાં શરીર સશક્ત હતું ત્યારે તો ગુરુમહારાજની વૈયાવચ્ચનો લાભ મેળવ્યો હતો, પરંતુ પાછળથી ગુરુમહારાજની આજ્ઞાનુસાર અનેક ભવ્ય જીવોના ઉપકારનિમિત્તે વિહાર કરવાથી તેમજ શરીરશક્તિ મંદ રહેતી હોવાથી વૈયાવચ્ચનો લાભ મળી શક્યો નહોતો. આ વિચાર લક્ષમાં આવવાથી મનમાં બહુ પશ્ચાત્તાપ થયો. સંસારીને પિતાની જેમ મુનિરાજને ગુરુ શિરછત્રતુલ્ય છે. છદ્મસ્થપણાને યોગે કોઈ કાર્યમાં ભૂલ થતી હોય તો ગુરુ તેનું નિવારણ કરનાર છે. વસ્ત્ર, પાત્ર, પુસ્તકાદિકની તેમજ ચારિત્રપ્રતિપાલનના હેતુભૂત શરીરની પણ તેઓ સંભાળ રાખનારા છે. એકાંત ઉપકારી છે. તેવા ગુરુના અભાવે જેને દિલગીરી ન થાય તેને માટે શિષ્ય શબ્દ પણ ઘટતો નથી. ભગવંત શ્રીમહાવીરના વિરહે ગૌતમસ્વામીને થયેલો અપાર ખેદ કોણે સાંભળ્યો નથી ? તેઓ તો કાંઈ બાળક નહોતા. ચાર જ્ઞાનના ધરનારા હતા અને દ્વાદશાંગીના રચનારા હતા. છતાં ગુરુમહારાજના વિરહે તેમને પારાવાર વ્યથા ઉત્પન્ન થઈ હતી. આ દૃષ્ટાંત શું ગુરુમહારાજની ઉપર અનુપમ ભક્તિભાવ રાખવાને સૂચવતું નથી ? અર્વાચીન

સમયના શિષ્યો કુપુત્રની પેઠે માત્ર થોડોક સમય ગુરુભક્તિ બતાવીને સહેજસાજ વ્યાખ્યાનાદિની શક્તિ પ્રાપ્ત થઈ કે તરત જ ગુરુમહારાજનો સંગ તજી દઈ એકલવિહારી થઈ જાય છે. આ કેટલું બધું અઘટિત છે ? આધુનિક સમયના મુનિઓ ગુણોમાં બહુ આગળ વધી શકતા નથી તેનું મૂળ કારણ ગુરુભક્તિમાં ખામી છે તે જ છે.

ભગવંત શ્રીમહાવીરસ્વામીને બે ઘડી આયુષ્ય વધારવાની ઈન્દ્રે પ્રાર્થના કર્યા છતાં ભગવંતે કહ્યું હતું – "હે ઈન્દ્ર ! કોઈ પણ કાળે એમ થયું નથી અને થવાનું નથી." આ વચન ઉપર દૃઢ વિશ્વાસ લાવીને ગુરુમહારાજના વિયોગનો શોક શાંત કર્યો. ગુરુમહારાજને વિરહે ગણિજી શ્રીમૂલચંદજી સંઘાડાના અધિપતિ થયા. ગુરુમહારાજની હયાતીમાં પણ તેમની શક્તિ અને પુણ્યપરાક્રમ ઉત્તમ પ્રકારનું દેખાઈ આવ્યું હતું. ઉત્તરાવસ્થામાં ગુરુમહારાજ તો એકાંતમાં રહીને પંચ પરમેષ્ઠિનું ધ્યાન કરતા હતા. સંઘાડાના મુનિઓની સારસંભાળનું, યોગ્ય સ્થાનકે ચાતુર્માસ મોકલવાનું, વડીદીક્ષા આપવાનું, તેમજ શિષ્યોની ભણવા-ગણવા વગેરેની સંભાળ લેવાનું કામ પોતાની હયાતીમાં જ મુનિરાજ શ્રીમૂલચંદજીને સોંપી દીધેલું હતું. અને તેમની આતાપનાથી સર્વે શિષ્યો કિંચિત્માત્ર પણ ભૂલ કરતાં બહુ ડર ખાતા હતા. હવે તો તેઓ સંપૂર્ણ સત્તાધીશ થયા. મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી સમાન સ્થિતિના ગુરુભાઈ હતા. પરંતુ જેવી રીતે ગુરુમહારાજની

આજ્ઞાનું વહન કરતા હતા તે જ પ્રમાણે ગણિજીની આજ્ઞાનું પણ વહન કરવા લાગ્યા.

સંવત ૧૯૩૮ના જેઠ માસમાં વળાથી વિહાર કરી ભાવનગર પધાર્યા. શ્રીસંઘે ઘણા હર્ષથી સામૈયું અને પ્રવેશમહોત્સવ કર્યો. આ વખત ભાવનગરના સંઘમાં અંદર અંદર કાંઈક મનની જુદાઈ ચાલતી હતી તે મહારાજશ્રીના પધારવાથી એકતા થઈ ગઈ. એઓનું એવું પ્રભાવકપણું કે એમની દૃષ્ટિ પડવાથી સર્વેનાં મન શાંત થઈ જતાં. કોઈ પણ વખતે કોઈને દુઃખ ઉત્પન્ન થાય એવું વચન એઓ કહેતા નહીં અને કહેવાની જરૂર પણ પડતી નહીં. વગર કહે જેને કહેવા યોગ્ય હોય તેને પાસે બોલાવવા માત્રથી તેના હૃદયમાં શાંતિ થઈ જતી. ભાવનગર શહેરમાં મુખ્ય દેરાસરમાં ડાબી બાજુ ઉપર એક નવું દેરાસર બંધાવવામાં આવેલું હતું. તેની પ્રતિષ્ઠા પાંચ-સાત વર્ષથી અટકેલી હતી. તે કરવાને મહારાજશ્રી પધાર્યા પછી તરત જ નિર્ણય થયો અને સંવત ૧૯૩૮ના શ્રાવણ વદ ૩ ને દિવસે શુભ મુહૂર્તે શ્રીપાર્શ્વનાથજીની મૂળનાયકજી તરીકે પ્રતિષ્ઠા કરવામાં આવી. આ પ્રસંગે દેરાસરજીમાં પણ સારી ઉપજ થઈ.

મહારાજશ્રીના ઉપદેશથી સંવત ૧૯૩૦ના વર્ષમાં જૈનશાળા સ્થાપવામાં આવી હતી, તેમાં અભ્યાસ કરીને કાંઈક વૃદ્ધિને પામેલા ઉછરતી વયતા જૈન બાળકોએ "શ્રી જૈન ધર્મ પ્રસારક" નામની એક સભાનું સંવત ૧૯૩૭ના

શ્રાવણ શુદ ૩ જે સ્થાપન કરેલું હતું. તે સભાની ઉપર મહારાજશ્રીએ આવીને કૃપાદૃષ્ટિનું સિંચન કર્યું, જેથી તે સભા દિનપરદિન વૃદ્ધિપણાને પામી.

મહારાજશ્રીના શરીરમાં સંગ્રહણીના વ્યાધિએ નિવાસ કર્યાની હકીકત પૂર્વે રોશન કરેલી છે. તે વ્યાધિએ દિવસાનુદિવસ પોતાની શક્તિ ફેલાવી જેથી મહારાજજીનું શરીર અશક્ત થઈ ગયું અને વિહારશક્તિ મંદ થઈ ગઈ. જ્યાંસુધી થોડી પણ શક્તિ હતી ત્યાંસુધી તો વિહાર કર્યા વિના રહ્યા નહીં, પરંતુ હવે તો અહીં સ્થિરવાસ કરવો પડશે એમ જણાવા લાગ્યું. જો થોડી પણ શક્તિ આવે તો વિહાર કરવાની અને શ્રીશત્રુંજય તથા ગિરનાર તીર્થની યાત્રા કરવાની અભિલાષા વર્ત્યા કરતી હતી. પરંતુ ક્ષેત્ર-ફરસનાનો અભાવ હોવાથી તે અભિલાષા પૂર્ણ થઈ શકી નહીં. કેટલીએક વખત ડોળીમાં બેસીને પણ વિહાર કરવાની કેટલીક બાજુથી પ્રેરણા થયા કરતી હતી પરંતુ પોતે મોટા ગણાવાથી એવો માર્ગ પ્રચલિત કરવાની પોતાની ઈચ્છા થતી નહોતી, અને તેથી જ કોઈપણ વખત એવી વાતને આધાર આપ્યો નહોતો.

સંવત ૧૯૩૮નું ચોમાસું અને ત્યારપછી નિર્વાણાવસ્થા પર્યંત સર્વકાળ ભાવનગરમાં રહેવાનું થયું.

સંવત ૧૯૩૯માં મહારાજશ્રીની આજ્ઞાથી મુનિ મોતીવિજયજી શ્રીગોઘે પધાર્યા. ત્યાં શ્રાવક-શ્રાવિકાઓને

તેમણે ઉપધાન વહેવરાવ્યાં અને માળ પહેરવાના સમય ઉપર શ્રીસમવસરણની રચનાનો મહોત્સવ થયો.

સંવત ૧૯૪૦માં પ્રારંભના સમયમાં પાલીતાણાના દરબારને આપવાની યાત્રાળુના રખોપા બદલની રકમનો નિર્ણય કરવાનું કામ મેજ ઉપર આવ્યું. અમદાવાદના મુખ્ય કાર્યકર્ત્તાઓનો વિચાર યાત્રાળુ દીઠ અમુક રકમ આપવાનું ઠરાવી દેવાનો હતો. કારણ કે એકંદરે રકમ આપવાનું ઠરાવતાં દર વર્ષ બહુ મોટી રકમ આપવી પડે અને તેનો બોજો શેઠ આણંદજી કલ્યાણજીના કારખાના ઉપર આવી પડે. કેટલાએક સુજ્ઞ શ્રાવકો આ વિચારને સંમત નહોતા. તેઓનું ધારવું એવું હતું કે "યાત્રાળુદીઠ અમુક રકમ મુંડકા તરીકે આપવાનું ઠરાવવાથી અનેક પ્રકારની અડચણો ઊભી થશે. ખરી અગત્યની વખતે દરબાર કોઈ યાત્રાળુને રોકવા ધારશે તો રોકી શકશે. યાત્રા કરવા જવાનો પાસ કે ટીકીટ લેવાની અને સાચવવાની બહુ ચીવટ રાખવી પડશે. એ કાર્યમાં ખલેલ ન થવા દેવા માટે અને પાકી દેખરેખ રાખવા માટે દરબાર સિપાઈઓનું મોટું જૂથ ડુંગર ઉપર રાખશે કે જે આપણને કાયમની ઉપાધિરૂપ થઈ પડશે. આવી અનેક અડચણોનો સંભવ હોવાથી કોઈ મોભાવાળા ગૃહસ્થને અથવા પ્રમાણિક અમલદારને વચમાં રાખીને વાર્ષિક રકમ આપવાનું ઠરાવવું તે જ યોગ્ય છે. આ રકમ કારખાનાને માથે ન પાડવા માટે એક મોટા પાયા ઉપર ફંડ કરવું કે જેના

વ્યાજમાંથી તે રકમ આપી શકાય.'' આ પ્રમાણેના વિચારને મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજી પણ સમ્મત થયા હતા. તેથી એ વાત અમદાવાદના મુખ્ય વહીવટ કરનારા પ્રતિનિધિઓને ગળે ઊતારવા માટે અમદાવાદ જવા ભાવનગરના સંઘના આગેવાનોને મહારાજશ્રીએ પ્રેરણા કરી. તેથી સંવત ૧૯૪૦ના માગશર માસમાં ભાવનગરથી દશ ગૃહસ્થો અમદાવાદ ગયા અને પૂર્વોક્ત વિચાર ત્યાંના ગૃહસ્થોના લક્ષમાં ઊતાર્યો. આ સમજૂતીને પરિણામે પાલીતાણા દરબારને દર વર્ષે રૂા. ૧૫૦૦૦) આપવાનું સંવત ૧૯૪૨માં પોલિટિકલ એજન્ટ મી. વોટસન સાહેબના વચ્ચે પડવાથી ઠરાવવામાં આવ્યું. આ ઠરાવ ૪૦ વર્ષને માટે કરવામાં આવ્યો છે.

મહારાજશ્રી એવા દીર્ઘદષ્ટિવાન અને ગંભીર હતા કે તેમણે નિર્ણય કરેલો વિચાર બહુધા ફેરવવો પડતો નહોતો. એમની ઉત્તમ સલાહને અનુસરીને ભાવનગરના સંઘે શ્રીસિદ્ધાચળ તીર્થના સંબંધના તેમજ બીજાં પણ કેટલાંએક કાર્યો કર્યાં છે કે જેમાં કોઈપણ વખતે તેમને નાસીપાસ થવું પડ્યું નથી. મહારાજશ્રીએ મહાતીર્થના સંબંધના ખબર મેળવ્યા કરતા હતા અને રાજ્ય તરફથી, નોકરો તરફથી અને બીજા તરફથી થતી અડચણો દૂર કરાવવા ભાવનગરના સંઘને પ્રેર્યા કરતા હતા. તે સાથે તેમની દ્વારા અમદાવાદ અને મુંબઈના સંઘને પણ જાગૃત રાખ્યા કરતા હતા.

અમદાવાદથી ભાવનગર આવ્યા બાદ ભાવનગરના સંઘના આગેવાનોના દિલમાં બહુ વર્ષથી ભાવનગરમાં ઉપધાન વહેવાનું થયેલ ન હોવાથી તે કાર્યનો આરંભ કરવાની ઈચ્છા થઈ. એટલે મહારાજશ્રીને વિનંતિ કરીને એ કાર્યની શરૂઆત કરાવી. ઘણા શ્રાવક-શ્રાવિકાઓ તે ક્રિયામાં દાખલ થયા. મુનિને સૂત્રો ભણવા માટે જેમ યોગ વહન કરવાની તીર્થંકરની આજ્ઞા છે, તેમજ શ્રાવકોને દેવવંદનાદિ ક્રિયાનાં સૂત્રો ભણવા માટે ઉપધાન વહેવાની આજ્ઞા કરેલી છે. શ્રાવકને છ ઉપધાન (નવકાર, ઈરિયાવહી, પુખ્ખરવરદી, સિદ્ધાણં બુદ્ધાણં, નમુત્થુણં ને લોગસ્સ એ છ સૂત્રોના) વહેવા પડે છે. ઉપધાનની ક્રિયા બહુ કઠણ છે. ગૃહવાસ છોડીને નિરંતર (ઠરાવેલા દિવસો પર્યંત) આઠે પહોર ઉપાશ્રયમાં રહેવું પડે છે. ઘણું કરીને એકાંતરે ઉપવાસ કરીને એકાસણું (નીવી) કરવું પડે છે. ક્વચિત્ આંબેલ પણ આવે છે. ચાર ઉપધાનની પૂર્ણાહુતિના સમય ઉપર માળ પહેરવાની ક્રિયા કરવામાં આવે છે, તે પ્રસંગે એક મહાન્ ઉત્સવ કરવાનો સંઘનો વિચાર થયો. મોટા પાયા ઉપર ટીપ કરવામાં આવી. સમવસરણની રચના કરવાનો નિર્ણય થયો. વિશાળ મંડપની રચના કરવામાં આવી. મધ્યભાગે સમવસરણ રચ્યું. આ મંડપની શોભા એવી રમણીય અને મનહર થઈ હતી કે ભાવનગર શહેર વસ્યા પછી કોઈપણ વખતે તેવી શોભા થઈ નહોતી,

એમ જોનારાઓ કહેતા હતા. બહારગામ કંકોતરીઓ લખવામાં આવેલી હોવાથી પુષ્કળ માણસ એકઠું થયું. દરરોજ વૃદ્ધિ પામતી શોભાવાળા વરઘોડાઓ ચડાવવામાં આવ્યા. જોનારાઓના સ્મરણમાંથી ખસે નહીં એવો અપૂર્વ મહોત્સવ થયો. દેરાસરજીમાં ઉપજ પણ પુષ્કળ થઈ. આ મહોત્સવનો પ્રારંભ ફાગણ શુદિ અગિયારશે અને પૂર્ણતા ચૈત્ર વદિ એકમે થઇ હતી. શ્રાવકભાઈઓએ દ્રવ્યની મૂર્ચ્છા પણ સારી ઉતારી હતી. ઉપધાન વહેનારનાં દિલ પણ આવા મંડપમાં સમવસરણસમક્ષ માળ પહેરવાનું બનવાથી બહુ પ્રફુલ્લિત થયાં હતાં. આ રચનાને પ્રસંગે પુષ્કળ શ્રાવક-શ્રાવિકાએ વીશસ્થાનક તપ, પંચમી તપ અને ચતુર્થવ્રત વગેરે સમવસરણની સાક્ષીએ ઉચ્ચર્યાં હતાં.

સંવત ૧૯૩૯માં ઢુંઢકમતી જેઠમલજીએ બનાવેલ સમકિતસાર નામનો ભાષામય ગ્રંથ તેના ભક્તોએ ચોપડીના આકારે બહાર પાડ્યો. તે દૃષ્ટિએ પડતાં તેમાં દાખલ કરેલી કુયુક્તિઓ અનેક ભવ્ય જીવોના હૃદયમાં શંકા ઉત્પન્ન કરશે એમ લાગવાથી શ્રીજૈનધર્મ પ્રસારક સભાએ એનું ખંડન લખવાની મુનિરાજ શ્રીઆત્મારામજીને વિનતિ કરી. તેમણે તરત જ હિન્દુસ્તાની ભાષામાં તેનું ખંડન લખી મોકલ્યું. કારણ કે એઓ બહુ ઉદ્યમી તેમજ અપ્રમાદી હતા અને આ વિષય તેમના મનમાં રમી રહેલો હતો. આ ખંડન ભાવનગર આવ્યા બાદ તેમાં કેટલોક વધારો કરવાની

આવશ્યકતા જણાવાથી મહારાજશ્રીની પાસે ઢુંઢકોની સમકિતસારની બુક સાદ્યંત વાંચીને તેનું અક્ષરશઃ ખંડન પૂર્વોક્ત ખંડનનો આધાર લઈને ગુજરાતી ભાષામાં ફરીને સભા તરફથી તૈયાર કરવામાં આવ્યું. ત્યારબાદ તે ખંડન મુનિરાજ શ્રીઆત્મારામજીને દૃષ્ટિગોચર કરવા માટે સભાના આગેવાનો અમદાવાદ ગયા. મહારાજ શ્રીઆત્મારામજીએ સાદ્યંત સાંભળીને પાસ કર્યા બાદ શ્રીજૈનધર્મ પ્રસારક સભા તરફથી સંવત ૧૯૪૦માં છપાવીને પ્રસિદ્ધ કરવામાં આવ્યું. એ બુકનું નામ 'સમકિતશલ્યોદ્ધાર' રાખવામાં આવ્યું. ત્યારબાદ મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીની સમ્મતિ લઈને સંવત ૧૯૪૧ના ચૈત્ર માસથી "શ્રીજૈનધર્મપ્રકાશ" નામનું એક માસિક ચોપાનિયું સદરહુ સભા તરફથી બહાર પાડવામાં આવ્યું, જે અદ્યાપિ પર્યંત નિર્વિઘ્નપણે બહાર પડ્યા કરે છે.

સંવત ૧૯૩૮માં મહારાજશ્રી ભાવનગર પધાર્યા ત્યારથી સંવત ૧૯૪૪ સુધીમાં ઘણા જૈન ભાઈઓ મહારાજશ્રીના ઉપદેશથી વૈરાગ્યદશા પામ્યા અને તેમના ઉપરાઉપર દીક્ષા મહોત્સવો થયા. અઠ્ઠાઈ મહોત્સવો પણ ઘણા થયા અને બીજાં શુભ કાર્ય પણ ભાવનગરના સંઘ તરફથી વિશેષ થયાં. તે સઘળાંનું વર્ણન ચોક્કસ તિથિ વગેરેની નોંધ ન હોવાથી અપૂર્ણ સ્થિતિમાં અમે અત્રે પ્રગટ કરેલું નથી. તેમજ સંવત ૧૯૩૮ની અગાઉ પણ મહારાજશ્રીના નામથી દીક્ષા બીજે સ્થાનકે અપાયેલી છે અને મહારાજશ્રીએ દીક્ષા આપી તેમને વડીદીક્ષા

બીજા મુનિરાજના નામની અપાયેલી છે, તે સર્વેનું વર્ણન ચોક્કસ સ્થિતિમાં ઉપલબ્ધ ન થવાથી અપૂર્ણતામાં પ્રગટ કરવું ઠીક લાગ્યું નથી, જેથી અહીં આપવામાં આવ્યું નથી.

મહારાજશ્રીના બે શિષ્યો મુનિ કેવળવિજયજી તથા મુનિ ગંભીરવિજયજીના દીક્ષા સમયની હકીકત પ્રસંગોપાત્ત લખાણી છે. ત્યારપછી મુનિ ઉત્તમવિજયજી, ચતુરવિજયજી, હેમવિજયજી, ધર્મવિજયજી, નેમવિજયજી વગેરે મહારાજશ્રીના શિષ્યો થયેલા છે તે સર્વેની એકંદર નોંધ ચરિત્રને અંતે આપેલી છે.

સંવત ૧૯૪૪ના માગશર માસમાં શ્રીઅમદાવાદથી સિદ્ધાચળજી આવતાં છ'રી પાળતા સંઘની સાથે ગણિ શ્રીમૂલચંદજી ભાવનગર તરફ પધાર્યા. સંઘનો વિચાર તો પરભાર્યા સિદ્ધાચળજી જવાનો હતો, પરંતુ મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજીને મળવાની ઉત્કંઠાથી, અને તેઓ શરીરની અશક્તિને લીધે પાલીતાણા સુધી આવી શકે તેમ ન હોવાથી, ગણિજીએ ભાવનગર થઈને પાલીતાણે જવાનું ઠરાવ્યું. ભાવનગર નજદીક આવ્યાના ખબર મળતાં મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજી સાધુસમુદાય સાથે સામા જવા નીકળ્યા. શહેરની બહાર વિઠલબાગ નામના ઉદ્યાનમાં સામસામા એકત્ર થયા. એકબીજાને દૃષ્ટિ વડે જોતાં જ પરસ્પર બહુ જ આનંદિત થયા. પછી નિરવદ્ય સ્થાનકે ગણિજી બિરાજમાન થયા એટલે મુનિ વૃદ્ધિચંદ્રજી વિનયધર્મની પ્રાધાન્યતા

દર્શાવવા માટે વંદન કરવા ઊભા થયા. બંને પરિવારના સર્વ સાધુઓ પણ તેમની પાછળ રહીને વંદન કરવા તત્પર થયા. મહારાજશ્રીનું મસ્તક ગણિજીના ચરણકમળમાં સ્પર્શ કરતું જોતાં સર્વ સંઘની દૃષ્ટિ મેષોન્મેષરહિત થઈ ગઈ. આવા મહંત પુરુષોને પણ પરસ્પર આવો વિનય જાળવતાં દેખી સર્વે જૈન બંધુઓના દિલમાં વિનયધર્મ ઉપર વિશેષ રુચિ ઉત્પન્ન થઈ. પ્રથમ વંદન સમાપ્ત થયું એટલે મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજી આસન પર સ્થિત થયા, તે વખતે બાકીના સર્વે મુનિઓ તેમને વંદન કરવાને ઉપસ્થિત થયા. આ વંદનને સમયે સર્વ મુનિઓના મસ્તક ઉપર અને હસ્ત ઉપર પોતાના હસ્તકમળ વડે સુકોમળ સ્પર્શ કરતી વખતે દરેક મુનિઓનાં દિલ બહુ જ વિકસ્વર થતાં હતાં. આ પ્રમાણે ઉત્તરોત્તર વંદનક્રિયા સમાપ્ત થયા પછી ભાવનગરના સંઘે કરેલી સામૈયાની અપૂર્વ શોભા અને ગોઠવણને જોતાં જોતાં શ્રાવકસમુદાયની સાથે ગણિજીએ શહેરમાં પ્રવેશ કર્યો. સંઘે શહેરની બહાર ડેરા-તંબુ નાંખીને પડાવ કર્યો, પરંતુ બંને ગુરુભાઈ બહુ દિવસે મળેલા હોવાથી પરસ્પર વાર્તાલાપ કરવાની ઉત્કંઠા પૂરી કરવા સારુ, ગણિજી મુનિવર્ગસહિત મહારાજશ્રીની સાથે શહેરમાં મારવાડીના વંડાને નામે ઓળખાતા ઉપાશ્રયમાં ઊતર્યા. બે દિવસ સંઘ ભાવનગર રહ્યો ત્યાં સુધી ગણિજીએ પણ ભાવનગરમાં રહી અનેક બાબતોના ખુલાસા એકાંતમાં બેસીને પરસ્પર કર્યા.

સંઘે મુકામ ઉપાડ્યો ત્યારે સંઘની સાથે ગણિ શ્રીમૂલચંદજી પણ પરિવારસહિત ચાલ્યા. મહારાજશ્રીને સાથે જવા માટે ઉત્કંઠા થતી હતી પરંતુ શક્તિને અભાવે જઈ શક્યા નહીં. ગણિજીએ સંઘસહિત તીર્થાધિરાજને ભેટી પોતાના સમુદાય સાથે સંવત ૧૯૪૪નું ચોમાસું પાલીતાણે કર્યું. સંઘ અમદાવાદ ગયો.

સંવત ૧૯૪૪ના ચોમાસામાં પાલીતાણે ગણિજીના[૧] શિષ્ય મુનિ દેવવિજયજી, જેઓ વાદવિવાદમાં બહુ વિચક્ષણ હતા અને બુદ્ધિ તીક્ષ્ણ હોવાથી શાસ્ત્રાભ્યાસ પણ સારો કર્યો હતો તેઓ, આસો માસમાં કાળધર્મ પામ્યા. તેઓ પ્રતાપી નીવડે એવા હતા તેથી તેમના પંચત્વના સમાચાર સાંભળીને મહારાજશ્રી પણ દિલગીર થયા. એમની અંત સમયની ઉજ્જ્વળ પરિણતિ અને સમાધિ બહુ પ્રશંસનીય હતી. નિરંતર પાંચ-છ દ્રવ્ય જ વાપરતા. શરીરમાં વ્યાધિના સદ્‌ભાવને પ્રસંગે પણ તેમણે દઢતા તજી નહોતી. એનો દાખલો બીજાઓએ જરૂર લક્ષમાં લેવા જેવો છે.

આ ચોમાસું સંપૂર્ણ થયું એવામાં ગણિજીને શરીરે રક્તવાતનો વ્યાધિ ઉછળી આવ્યો. અનેક પ્રકારના પ્રયોગથી પણ તે વ્યાધિ ઉપશાંત થયો નહીં. દિવસાનુદિવસ શરીર અશક્ત થતું ગયું. પગના તળિયામાં એ વ્યાધિએ વિશેષ અસર કરી જેથી ગમનક્રિયા બિલકુલ બંધ થઈ પડી. વ્યાધિનું જોર માગશર માસમાં એકદમ વધી ગયું.

૧. 'આદર્શ ગચ્છાધિરાજ' માં મુનિ દેવવિજયજીને નીતિસ્વામીના શિષ્ય ભક્તિવિજયજીના શિષ્ય જણાવ્યા છે.

મહારાજશ્રી નિરંતર ખબર મેળવ્યા કરતા, પણ વ્યાધિ ઉપશમ્યાના ખબરને બદલે વૃદ્ધિ પામવાના ખબર સાંભળી ઉદ્વિગ્ન રહેતા હતા. પોતાની ચાલવાની શક્તિ ન હોવાથી પાલીતાણે જઈ શકે તેમ નહોતું, તેથી તેમજ પાલીતાણામાં વૈદ્યદાક્તરની જોગવાઈ પૂરી ન હોવાથી ગણિજીને ભાવનગર લાવવાનો વિચાર કરી ભાવનગરથી શ્રાવકો તેડવા ગયા. બીજી કોઈ રીતે લાવી શકાય તેવું ન હોવાથી મ્યાનાની ગોઠવણ કરી અને બની શકે તેટલી સગવડ કરીને કિલામણા ન પહોંચે તેવી રીતે ભાવનગર લઈ આવ્યા. મહારાજશ્રી તેઓ સાહેબની વૈયાવચ્ચમાં અખંડપણે તત્પર રહ્યા. અનેક પ્રકારના ઉપચારો કર્યા પણ કોઈ રીતે શાંતિ ન થઈ. વ્યાધિ વધતો ગયો. બાહ્યસમાધિ અને અંતરસમાધિ ઉપજાવવા માટે યોગ્ય ઉપચારો કરવામાં ખામી ન રાખી. પણ આયુષ્યસ્થિતિ પરિપૂર્ણ થયેલ હોવાથી બાહ્યસમાધિ થઈ શકી નહીં. અંતરસમાધિ તો પોતે પણ રાખી શકે એવા હતા. તેમાં વળી આવા પ્રબળ સહાયક મળ્યા એટલે સંપૂર્ણ સમાધિપણે સંવત ૧૯૪૫ના માગશર વદ છઠ્ઠે સર્વ મુનિમંડળની સમક્ષ, ગુરુમહારાજના સ્વર્ગવાસ પછી સાત વર્ષે, સૌનાં શોકયુક્ત હૃદયને જોતાં જોતાં કાળધર્મ પામ્યા. સંઘ સર્વે બહુ દિલગીર થયો. બહુ વર્ષે ભાગ્યયોગે ભક્તિ કરવાનો અવસર મળેલો તેમાં આવું ખેદકારક પરિણામ આવવાથી સૌનાં હૃદય ખિન્ન થયાં. આ વખતે મુનિરાજના

૨૨ ઠાણા એકત્ર થયા હતા. મુનિ ઝવેરસાગરજી પણ ખાસ ગણિ મહારાજના વ્યાધિના ખબર સાંભળીને ઉદેપુરથી આવ્યા હતા. ગણિજી ઉપર તેમનો ભક્તિભાવ સારો હતો. આખા સંઘાડામાં ગણિજી સર્વોત્કૃષ્ટ હોવાથી તેમના દેહને સ્મશાનમાં લઈ ન જતાં દાદાસાહેબની વાડીમાં અગ્નિસંસ્કારની ક્રિયા કરવામાં આવી. નિર્વાણમહોત્સવ ભાવનગરના સંઘે બહુ ઉત્તમ પ્રકારે કર્યો. મહારાજશ્રી વૃદ્ધિચંદ્રજીની ગણિજી ઉપર અપ્રતિમ ભક્તિ હોવાથી તેમના વિરહે તેમની પાદુકાનાં દર્શનનો લાભ મળી શકે તો ઠીક એમ ભાવનગરના સંઘને તેઓ સાહેબે સૂચવ્યું, જેથી ભાવનગરના સંઘે અગ્નિ-સંસ્કારને સ્થાનકે આરસપહાણની દેરી કરાવી અને તેમાં ગણિજીનાં પગલાં સ્થાપન કર્યાં. એ સંબંધના સર્વ કાર્યમાં ભાવનગરના શ્રીસંઘે સારો ખર્ચ કર્યો.

ગણિજીના કાળધર્મ પામવાથી આખા સંઘાડામાં વડીદીક્ષા આપનાર અને યોગ વહેવરાવનાર કોઈ રહ્યું નહીં. નવદીક્ષિત સાધુ-સાધ્વીને વડીદીક્ષા છ મહિનાની અંદર આપવી જોઈએ. તેને બદલે વર્ષ-બે વર્ષ થઈ ગયાં. તેથી બહુ અગવડ પડવા લાગી. કોઈ રીતે એ સંબંધી માર્ગ નીકળી શક્યો નહીં. છેવટે મુનિ ગંભીરવિજયજી (પોતાના શિષ્ય)ને અને મુનિ વિનય-વિજયજી (મુનિરાજશ્રી નિત્યવિજયજીના શિષ્ય)ને અમદાવાદ મોટા યોગ વહેવા મોકલ્યા. આ સંબંધમાં બીજા કોઈક મુનિના

દિલમાં અપ્રીતિભાવ ઉત્પન્ન થયો. મુનિ ઝવેરસાગરજીએ પણ કાંઈક ખટપટ કરી. જેથી કેટલાએક મુનિઓ મહારાજજીથી વિમુખ થઈ જુદા પડ્યા. આ કારણથી મહારાજશ્રીના દિલમાં બહુ ખેદ થયો અને મન ઉદાસ રહેવા લાગ્યું. એ સમાચાર સાંભળીને શ્રીઅમદાવાદથી ત્યાંના આગેવાન શ્રાવકો મહારાજજીને તેડી જવા ભાવનગર આવ્યા. મહારાજજી ચાલી શકે એમ ન હોવાથી સાથે મ્યાનો લેતા આવ્યા. મહારાજજીને અનેક પ્રકારે વિનંતિ કરી, પરંતુ મહારાજજીનું દિલ કોઈ રીતે મ્યાનામાં બેસીને અમદાવાદ જવાનું થયું નહીં. છેવટે આઠ દિવસ રોકાઈને આવેલા શ્રાવકો પાછા અમદાવાદ ગયા.

સંવત ૧૯૪૬માં મહારાજજીના ઉપદેશથી ઘણાં શુભ કાર્યો થયાં, જેમાં ભાવનગરના સંઘે દ્રવ્યનો વ્યય પણ પુષ્કળ કર્યો.

૧. કાર્ત્તિક માસમાં પાવાપુરીની રચનાનો ઉત્સવ થયો.

૨. માગશર માસમાં અને વૈશાખ માસમાં ત્રણ દીક્ષામહોત્સવ થયા જેમાં ત્રણ શ્રાવકોએ દીક્ષા ગ્રહણ કરી.

૩. શ્રાવણ વદિ એકમે શ્રી ગોડીપાર્શ્વનાથજીના દેરાની પાછળ બંધાયેલા નવા દેરાસરજીમાં પ્રતિષ્ઠા કરવામાં આવી. મૂળનાયકજી તરીકે શ્રીશ્રેયાંસનાથજીને બિરાજમાન કર્યા. આ પ્રસંગે મહોત્સવ બહુ શ્રેષ્ઠ થયો અને દેરાસરજીમાં ઉપજ પણ સારી થઈ.

૪. કાર્તિક માસમાં રોગોપદ્રવ શાંતિનિમિત્તે શાંતિસ્નાત્ર અને શ્રાવણ માસમાં પ્રતિષ્ઠાના મહોત્સવ ઉપર અષ્ટોત્તરી-સ્નાત્ર ભણાવવામાં આવ્યું.

૫. આશ્વિન માસમાં શા. આણંદજી પુરુષોત્તમ તરફથી ઉજમણાનો મહોત્સવ ઉત્તમ પ્રકારે કરવામાં આવ્યો. તે પ્રસંગે સમવસરણની રચના એક સુશોભિત મંડપના મધ્યમાં કરવામાં આવી હતી. છોડ તેના પોતાના તથા બીજાઓના મળીને ૯૫ થયા હતા. દેશાવરથી માણસો પણ ઠીક આવ્યું હતું. દ્રવ્યવ્યય સારી રીતે થયો હતો.

૬. દાદાસાહેબની વાડીમાં એક સુશોભિત, યાત્રા-સ્થાનકસદશ જિનાલય બંધાય તો ઠીક એવી મહારાજજીની અભિલાષા હતી. તેને અનુસરીને શ્રાવણ વદિ ૬ઠે ત્યાં એક દેરાસરજી બાંધવા માટે સંઘ તરફથી ખાતમુહૂર્ત્ત કરવામાં આવ્યું. આ બાબતનો આદેશ વોરા જસરાજ સુરચંદ તથા ઝવેરચંદ સુરચંદને આપવામાં આવ્યો હતો. તે પ્રસંગે ખાતની અંદર સંઘ તરફથી પુષ્કળ દ્રવ્ય નાખવામાં આવ્યું.

મુનિ ગંભીરવિજયજી તથા મુનિ વિનયવિજયજી શ્રીભગવતીજીના યોગ વહેવા અમદાવાદ ગયા હતા, તેમને સંવત ૧૯૪૭ના જેઠ વદિ એકમે શ્રીવીસનગરમાં પંન્યાસ પદવી આપવામાં આવી એવા ખબર મળ્યા.

એ જ વર્ષમાં ભાદ્રપદ માસમાં મુનિરાજ શ્રીનિત્યવિજયજી શ્રીખંભાતમાં કાળધર્મ પામ્યા. આ ખબર સાંભળી મહારાજશ્રી

બહુ દિલગીર થયા, કારણ કે એઓ પણ એક પ્રતાપી ગુરુભાઈ હતા. ઉપદેશામૃત વડે અનેક જીવોને પાવન કરવાની શક્તિ ધરાવનારા હતા. એમનો નિર્વાણમહોત્સવ ખંભાતના સંઘે બહુ સારી રીતે કર્યો.

ગણિજીના શિષ્ય મુનિ દાનવિજયજી જેઓ વ્યાકરણ તથા ન્યાયાદિ શાસ્ત્રમાં બહુ પ્રવીણ હતા, એઓને શરીરે વ્યાધિ ઉત્પન્ન થવાથી તેઓ સંવત ૧૯૪૬માં ભાવનગર આવ્યા હતા. મહારાજશ્રીએ તેમની ઔષધ તથા પથ્યાદિ વડે સારી રીતે સંભાળ લીધી જેથી તેમની પ્રકૃતિ સુધરતી ચાલી. વ્યાધિ વગેરે પ્રસંગે શિષ્યોની સારસંભાળ લેવાની મહારાજશ્રી એટલી બધી ચીવટ ધરાવતા કે કોઈ શિષ્યનું મન કદી પણ ખેદ પામતું નહીં. ઊલટું ચારિત્રધર્મમાં દૃઢ થતું. અન્યગચ્છી કોઈ ગ્લાન સાધુ આવેલા હોય તો તેની સારસંભાળ લેવામાં પણ મહારાજશ્રી કચાશ રાખતા નહીં. આ ગુણ તેમનામાં બહુ જ પ્રશંસનીય હતો.

મુનિ દાનવિજયજીને આરામ થવાથી એક દિવસ તેમણે મહારાજશ્રીને નિવેદન કર્યું કે ‘‘આધુનિક સમયમાં મુનિઓ વિદ્યાભ્યાસ બહુ જ ઓછો કરે છે. પૂર્વાચાર્યોએ પૂર્ણ પ્રયાસ કરીને રચેલા વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર અને ન્યાય વગેરેનો લાભ લેતા નથી. શાસ્ત્રીઓના પગારનો ખર્ચ જુદા જુદા ગામે ચાતુર્માસમાં શાસ્ત્રીઓ રાખીને પુષ્કળ કરે છે, પરંતુ તેથી સંગીન લાભ થતો નથી; કારણ કે ચાતુર્માસ પૂરું

થાય છે કે પાછા શાસ્ત્રીને રજા આપે છે અને પોતે વિહાર કરી જાય છે. જેથી ચાર મહિનામાં કરેલો અભ્યાસ થોડા વખતમાં વિસ્મૃત થઈ જાય છે. માટે એવી પાકે પાયે ગોઠવણ થવી જોઈએ કે જેથી બુદ્ધિશાળી મુનિઓ અવિચ્છિન્નપણે અભ્યાસ કરે અને તેનું સંગીન ફળ પ્રાપ્ત થાય. મારા વિચાર પ્રમાણે શ્રીસિદ્ધાચળજી તીર્થની તળેટીમાં પાલીતાણા શહેરમાં એક જૈન સંસ્કૃત પાઠશાળા સ્થાપવામાં આવે અને એક વિદ્વાન શાસ્ત્રી મોટા પગારથી રાખવામાં આવે તો તેથી ઘણો લાભ થાય. કારણ કે પાલીતાણા મધ્યબિંદુ જેવું શહેર છે. યાત્રાનિમિત્તે દરેક મુનિરાજનો ત્યાં આવવાનો સંભવ છે, અને યાત્રાળુ સારી સંખ્યામાં કાયમ ત્યાં હોય છે તેથી મુનિનો નિર્વાહ પણ સારી રીતે થવા સંભવ છે.'' આ બધી હકીકત મહારાજશ્રીના ધ્યાનમાં ઊતરી.

મહારાજશ્રીએ પણ કહ્યું કે ''પરિપૂર્ણ અભ્યાસ વિના ખરા તત્ત્વાતત્ત્વની સમજ પડતી નથી તેથી પ્રાણી ભૂલમાં ભમ્યા કરે છે. હૃદયરૂપ મંદિરમાં જ્ઞાન દીપકતુલ્ય છે, અંતર્ચક્ષુને ઉઘાડનાર છે, ધર્મરૂપ કલ્પવૃક્ષને સિંચન કરવામાં મેઘતુલ્ય છે, ઉત્કૃષ્ટ નિધાન છે; તેમજ મુક્તિપુરીનો રસ્તો, સ્વર્ગની નિસરણી, અમૃતનો ઝરો, સુખનો સમુદ્ર, આનંદની પરિસીમા, અંધની લાકડી, વાંચ્છિત પૂરવામાં કલ્પવૃક્ષ, પુણ્યનો પ્રાગ્ભાર, વ્હેમનો વિદારનાર, કુબુદ્ધિને ટાળનાર,

સુબુદ્ધિને વધારનાર અને વિવેકનો ઉદય કરનાર છે. સદ્‌ગુણનો ભંડાર અને નીતિનો નમૂનો છે. જ્ઞાન વિના પ્રાણી મનુષ્ય છતાં પશુ સમાન છે. ધર્મશાસ્ત્રનું વિશેષ જ્ઞાન મેળવવા માટે પ્રારંભમાં વ્યાકરણાદિ શાસ્ત્રોના અભ્યાસની બહુ જરૂર છે. મારો વિચાર પણ પાલીતાણામાં એક પાઠશાળા સ્થપાય તો ઠીક એમ છે. પરંતુ તેમાં ખર્ચ વિશેષ રાખવો જોઈએ. શાસ્ત્રી સુમારે રૂા. ૧૦૦)ના પગારવાળો રાખવો, તે ઊંચો અભ્યાસી જોઈએ. માટે એવા કોઈ ઉદાર ગૃહસ્થનો સંયોગ થઈ જાય તો ધારણા પાર પડે. હાલમાં દ્રવ્યના ખર્ચ કરનારા તો ઘણા છે, પરંતુ પોતાનું નામ કાયમ રાખવાની મિથ્યા લાલચ વડે જે કાર્યની અધુના બહુ આવશ્યકતા ન હોય એવા કાર્યમાં ખર્ચ કરે છે. અથવા તો લોકો જે કાર્યમાં ખર્ચ કરેલો દેખીને તાત્કાલિક પ્રશંસા કરે એવા કાર્યમાં એકબીજાની સ્પર્ધાને લીધે ખર્ચ કરે છે. પરંતુ જ્ઞાનાભ્યાસ કરાવવા જેવા પરિણામે અતિશય હિતકારક કાર્યમાં ખર્ચ કરનાર ક્વચિત્ જ મળી આવે છે. તો પણ એ સંબંધમાં ચીવટ રાખવામાં આવશે તો ધારણા પાર પડશે ખરી.''

ઉત્તમ પુરુષોની શુભ ઇચ્છાને પાર પડતાં વિલંબ લાગતો નથી. અહીં મહારાજશ્રીને ઇચ્છા થઈ એટલે જાણે દૈવે પ્રેરણા કરીને જ મોકલ્યા હોય નહીં એમ મુર્શિદાબાદનિવાસી બાબુસાહેબ બુદ્ધિસિંહજી તે વખતમાં મહારાજશ્રીને વાંદવા માટે ભાવનગર આવ્યા. મુનિ

દાનવિજયજીએ પ્રસંગ કાઢીને પૂર્વોક્ત ઉપદેશ કર્યો. તેની અસર થવા લાગી. એટલે મહારાજશ્રીએ તેની ઉપર પોતાની વાણી વડે ઉપદેશામૃત સીંચ્યું. બાબુસાહેબ કબૂલ થયા કે 'આપ ફરમાવો તે કાર્યમાં કહો તેટલો ખર્ચ કરવા તૈયાર છું. દ્રવ્ય તો પરિણામે મારું નથી, જેટલું મારે હાથે શુભ નિમિત્તમાં ખર્ચાશે એટલું જ મારું છે.' છેવટે એમ નિર્ણય થયો કે ત્રણ વર્ષ સુધી દરમાસે રૂા. ૧૦૦) બાબુસાહેબ આપે. રૂા. ૧૫) વોરા જસરાજ સુરચંદ આપે અને રૂા. ૧૫) શા. આણંદજી પુરુષોત્તમ આપે. એકંદર રૂા. ૧૩૦)ના માસિક આવકના પ્રમાણમાં ખર્ચ રાખીને શ્રીપાલીતાણામાં જૈન સંસ્કૃત પાઠશાળાનું સ્થાપન કરવું. બાબુસાહેબ આ વાતનો નિર્ણયકારક ઠરાવ થયા પછી સ્વદેશ તરફ રવાને થઈ ગયા.

ખર્ચ કરવાને માટે આવકનો તો નિર્ણય થયો એટલે શાસ્ત્રી દિનકરરાવને રાખવાનું નક્કી થયું. મુનિ દાનવિજયજી, મહારાજજીની આજ્ઞા લઈને પાલીતાણે પધાર્યા અને સંવત ૧૯૪૮ના ભાદ્રપદ શુદિ છઠે બહુ ધામધૂમ સાથે શ્રીપાલીતાણામાં મુનિ દાનવિજયજીની દેખરેખ નીચે જૈન સંસ્કૃત પાઠશાળાનું સ્થાપન કરવામાં આવ્યું. સાધુઓ તથા શ્રાવકોએ અભ્યાસ શરૂ કર્યો. ચાતુર્માસ ઊતર્યે બહારગામથી પણ મુનિઓ આવવા

લાગ્યા. માત્ર જૈન વ્યાકરણાદિનો જ અભ્યાસ કરાવવાનું ઠરાવવામાં આવ્યું. અભ્યાસ દિનપરદિન સારી રીતે થવા લાગ્યો. પાછળથી અભ્યાસ કરનાર તથા કરાવનારની અવ્યવસ્થિત સ્થિતિને લીધે કામ અવ્યવસ્થિત ચાલ્યું, તો પણ બીજ રોપાયાં છે તો હાલ ધીમું ધીમું પણ કામ ચાલે છે.

સંવત ૧૯૪૮ના ભાદ્રપદ માસમાં મહારાજશ્રીને પૂર્વોક્ત વ્યાધિ ઉપરાંત છાતીના દુખાવાનો વ્યાધિ શરૂ થયો. શરૂ થતાં જ તેણે જોર કર્યું. શ્રાવકો અને સાધુઓનાં દિલ એકદમ ગભરાયાં. આવા મહાપુરુષના દર્શનના કાયમને માટે વિરહ થવાની શંકા પડવા લાગી. આ પ્રસંગે મહારાજશ્રીના ભક્તિવાન શ્રાવકોએ મહારાજશ્રીનો ફોટોગ્રાફ પડાવવા માટે વિનતિ કરી. પ્રથમ પણ આ વિષયમાં વાતચીત થયેલી હતી. મહારાજશ્રી તદ્દન નિરભિમાની હોવાથી એ વાતનો સ્વીકાર કરતા નહોતા. એઓ કહેતા કે ‘પૂર્વના મહાન્ પુરુષો પાસે આપણે કોણ માત્ર ! આપણી છબી તરીકે કાયમ સ્થિતિ રહેવી જોઈએ એવા આપણામાં શું અપ્રતિમ ગુણો છે ? માણસો અભિમાનના આવેશને લીધે પોતાને વિષે ગુણીપણાની સંભાવના કરે છે, પરંતુ યથાર્થ ગુણની પ્રાપ્તિ બહુ દૂર છે.’ આવી અનેક વાતોથી ફોટોગ્રાફ પડાવવાનો વિચાર અળસાવી દેતા હતા. પરંતુ આ વખત તો ભક્તિભાવવાળા

શ્રાવકોએ પ્રબળ ઇચ્છા જણાવી અને ફોટોગ્રાફનાં સાધનો વગરકહ્યે તૈયાર કરી સામા ખડા કર્યાં. મહારાજશ્રીએ આ વખતે દાક્ષિણ્યતા નહીં તજવાથી ફોટોગ્રાફ પડાવવાનું સ્વીકાર્યું અને તરત જ ફોટોગ્રાફ લેવામાં આવ્યો. શ્રીજૈન ધર્મ પ્રસારક સભાએ પોતા તરફથી સામટી નકલો તૈયાર કરાવી, જેથી તેમના ભક્તજનો અત્યારે પણ તેઓ સાહેબના દર્શનનો લાભ મેળવે છે.

ફોટોગ્રાફની યાદગીરી કરતાં વિશેષ યાદગીરી રહે એવું બીજું કાર્ય ત્યારપછી શ્રીજૈન ધર્મ પ્રસારક સભાના કાર્યકર્ત્તાઓના લક્ષમાં આવ્યું. તે કાર્ય મહારાજશ્રીનું જન્મચરિત્ર લખી કાઢીને છપાવી બહાર પાડવું તે હતું. પરંતુ આ કાર્ય બહુ મુશ્કેલ હતું; કેમ કે અદ્યાપિ સુધી કાંઈ લેખ એ સંબંધમાં લખાયેલો નહોતો. એટલે જન્મસમયથી માંડીને સર્વ હકીકત ખુદ મહારાજશ્રીને પૂછીને જ જાણવાની જરૂર રહી. મહારાજશ્રીને પૂછવામાં મુખ્ય બે અડચણો હતી. એક તો મહારાજશ્રીની વાત કરવાની શક્તિ ઓછી થઈ હતી, વધારે બોલી શકતા નહોતા અને બીજું મહારાજશ્રીનો વિચાર એ સંબંધમાં પોતાનું ચરિત્ર બહાર પાડવાની જરૂર નથી એવો હતો. પ્રારંભમાં સહજ સ્વભાવે માત્ર જાણવાની જિજ્ઞાસા દર્શાવીને વ્યતીત હકીકત ધીમે ધીમે પૂછવા માંડી, પરંતુ વધારે દિવસ એમ ચાલવાથી પૂછવાનો આશય મહારાજજીના સમજવામાં આવી ગયો, એટલે વધારે વાત કરવાની ઇચ્છા

મોળી પડી. તે સાથે શરીરશક્તિ પણ વ્યાધિની પ્રબળતાથી મંદ પડવા લાગી, તેથી આ ચરિત્રમાં હકીકતસંબંધી જે કાંઈ અપૂર્ણતા જણાય તેનું મૂળ કારણ ઉપર કહ્યું તે સમજવું. કેટલાએક મનુષ્યો દરેક પ્રકારે પોતાની ખ્યાતિ થાય એમ ઇચ્છે છે અને તેને માટે અતિશયોક્તિભરેલાં ચરિત્રો પણ લખાવે છે. પરંતુ મહારાજશ્રીની નિરભિમાન વૃત્તિ તો કોઈ અપૂર્વ હતી, જેનો કેટલોએક ચિતાર ઉપર કહેલાં બંને કારણોથી સમજી શકાશે.

મહારાજશ્રીનું શરીર જેમ જેમ નરમ થતું ચાલ્યું તેમ તેમ ઉપયોગની જાગૃતિ વધતી ચાલી. મૂળથી અનુભવજ્ઞાન મેળવવા ઉપર અને અધ્યાત્મસ્વરૂપની વિચારણા ઉપર લક્ષ વધારે હતું, તેનો ઉપયોગ આ વખતે થવા લાગ્યો. વ્યાધિના બળવંતપણામાં પણ આત્માને બળવાન કરીને અરે ! શબ્દનો ઉચ્ચારમાત્ર ન કરતાં કાયમ "અરિહંત, સિદ્ધ, સાહુ" એ શબ્દનો ધ્વનિ જ ચાલી રહેતો. પાસે રહેનારા શ્રાવકોને પણ એ જ શબ્દોનો ઉચ્ચાર કરવા પોતે સૂચવ્યું હતું.

સંવત ૧૯૪૯ના માગશર માસમાં મહારાજશ્રીના ઉપદેશથી વોરા જસરાજ સુરચંદે ઉજમણાનો મહોત્સવ કર્યો. તે મહોત્સવને માટે એક સુશોભિત મંડપની રચના કરી હતી અને મધ્યમાં શ્રીઅષ્ટાપદ તીર્થની રચના કરીને ૨૪ જિનબિંબ પધરાવ્યા હતા. છોડ તેમના પોતાના તથા બીજાના મળીને ૫૫ થયા હતા. ઓચ્છવ સારો વર્ત્યો હતો. સદરહુ મંડપમાં ઘણા શ્રાવકોએ વ્રત-તપાદિ ઉચ્ચર્યાં હતાં.

સદરહુ મહોત્સવ પૂર્ણ થયા બાદ મહારાજશ્રીના ઉપદેશની અસરને યોગે શા. આણંદજી પુરુષોત્તમે શ્રીસિદ્ધાચળજીનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. મહારાજશ્રી પોતે સાથે જઈ શકે એમ ન હોવાથી બીજાં સાધુ-સાધ્વીઓને સાથે મોકલ્યાં. સંઘની શોભા સારી આવી. પાલીતાણે જઈને તેમણે એક દેરીમાં પ્રતિષ્ઠા કરી.

પૂર્વે જણાવી ગયા છીએ તે પ્રમાણે મુનિ ગંભીર-વિજયજીને અને મુનિ વિનયવિજયજીને પંન્યાસ પદવી મળી હતી, તેથી હવે વડીદીક્ષા વિનાના લાંબી મુદતના નવદીક્ષિત મુનિઓની અડચણ દૂર કરવા સારુ યોગ વહેવરાવવા માટે ભાવનગર આવવા પંન્યાસ ગંભીરવિજયજીને લખ્યું. તેઓ પણ વકીલ મગનલાલ સરૂપચંદના સંઘમાં અમદાવાદથી પાલીતાણે થઈને પોષ વદ છઠે ભાવનગર આવ્યા. ત્યારપછી તરત જ યોગ વહેવરાવવાનું શરૂ કરવામાં આવ્યું. સાધુના ઠાણા ૧૨ અને સાધ્વીનાં ઠાણાં ૧૧ યોગમાં પેઠાં. માહ વદિ ચોથે ચાર સાધુ ને આઠ સાધ્વીને મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજીની દૃષ્ટિતળે વડીદીક્ષા આપવામાં આવી. ભાવનગર શહેરમાં આ ક્રિયા પહેલવહેલી જ થતી હોવાથી શ્રાવકવર્ગના દિલમાં બહુ ઉત્સાહ આવ્યો હતો, તેથી આ પ્રસંગે ખર્ચ પણ સારો કરવામાં આવ્યો.

મહારાજશ્રીએ જન્મ તો પંજાબ દેશમાં ધારણ કર્યો, પરંતુ ત્યાં તો દીક્ષા બાદ માત્ર ત્રણ વર્ષ જ રહ્યા. સંવત

૧૯૧૧માં ગુજરાત દેશમાં આવ્યા, ત્યારપછી પાછા પંજાબમાં પધાર્યા જ નથી. તેથી જાણે કાઠિયાવાડના હિતને માટે જ જન્મ ધારણ કર્યો હોય એમ જણાય છે. ગુજરાતમાં આવ્યા બાદ ૩૮ ચોમાસાં કર્યાં તેમાં અરધોઅરધ ચોમાસાં ભાવનગરમાં કર્યાં છે. તેથી ગુજરાતમાં પધાર્યા તે પણ જાણે ભાવનગરના હિતને માટે જ પધાર્યા હોય એવું જણાય છે. ભાવનગરના સંઘ ઉપર ઉપકાર કરવામાં બાકી રાખી નથી. અનેક શુભ કાર્યો ખાસ ભાવનગરમાં કરાવ્યાં. એટલું જ નહીં પણ અનેક ગામોના જીર્ણોદ્ધારની, નવાં દેરાસરોની, ઉપાશ્રયોની અથવા બીજા શુભ નિમિત્તની ટીપ વગેરેમાં પણ ભાવનગરના શ્રાવકવર્ગ પાસે પુષ્કળ દ્રવ્યનો વ્યય કરાવીને વિનાશી લક્ષ્મીની સફળતા કરાવી છે. ઉપદેશામૃત વડે નિરંતર માનસિક વ્યાધિઓને નિવારતા રહ્યા છે. પોતાની દીર્ઘદૃષ્ટિ વડે ભૂલ થવા દીધી નથી. પાપકાર્યથી વિરમાવ્યા છે. યોગ્ય જીવોને આત્મસ્વરૂપ સમજાવવાનું પણ બાકી રાખ્યું નથી. આવા અનેક ઉપકારનું સ્મરણ થવાથી ભાવનગરમાં સંઘના મનમાં એમ આવ્યું કે આપણે એવું કોઈ પ્રૌઢ કાર્ય કરવું જોઈએ કે જેથી નિરંતર ઉપકાર થયા કરે અને તે કાર્યની સાથે મહારાજશ્રીનું નામ જોડી દેવું જેથી તેમના ઉપકારના પણ કાંઈક અનૃણી થઈએ. આવો વિચાર સારી પેઠે ચર્ચાતાં સૌના દિલમાં બહુ સતેજ લાગણી થઈ. એટલે ચૈત્ર વદિ એકમે શ્રીસંઘનો એક મેળાવડો કરવામાં

આવ્યો. તે પ્રસંગે અનેક વક્તાઓએ મહારાજશ્રીના પારાવાર ઉપકારનું પોતાની વાણીના ઉદ્ગાર વડે સ્મરણ કરાવ્યું. તે વખતે સર્વના એક મતથી એમ ઠરાવવામાં આવ્યું કે "સારા પાયા ઉપર એક જૈન વિદ્યાશાળા સ્થાપવી અને તેની સાથે મહારાજશ્રીનું નામ જોડી દેવું." આવો નિર્ણય થતાં તે કાર્ય કાયમ નભવા માટે તેનો ખર્ચ વ્યાજથી ચાલે એવી એક રકમ એકત્ર કરવાની જરૂરિયાત જણાણી. તેને માટે સૌ પોતપોતાની ઈચ્છાથી જે રકમ આપે તે સ્વીકારવી એમ ઠર્યું. આ વખતે મહારાજશ્રી પ્રત્યેની લાગણી પ્રત્યક્ષપણે તરી આવી. માત્ર એક કલાકની અંદર પોતપોતાની ઈચ્છાપૂર્વક રકમ નોંધાતા પાંચ હજાર રૂપિયા થયા. એ સંબંધી વ્યવસ્થા કરવાનો કેટલોએક વિચાર કર્યા બાદ સંઘ વિસર્જન કરવામાં આવ્યો.

મહારાજશ્રીના શરીરે વ્યાધિ દિનપરદિન વધતો જતો હતો. હાલમાં તો બીજા વ્યાધિઓ ઉપરાંત સોજાના વ્યાધિએ એટલું બધું જોર કર્યું હતું કે પોતાની મેળે ઉઠાતું પણ નહીં; સૂવાનું તો બિલકુલ બંધ જ હતું. આમ છતાં પણ સમતામાં વૃદ્ધિ જ થતી હતી. ભાવનગરના સંઘ તરફથી ઔષધ ઉપચાર કરવામાં કોઈ પ્રકારની કચાશ રહેતી નહોતી. દેશ-પરદેશથી વૈદ્યોને તેડાવ્યા. વ્યાધિ આગળ વધતો અટકાવવા માટે જે જે પ્રયત્ન કરવા ઘટે તે કર્યા. દ્રવ્યના સંબંધમાં પણ શ્રીસંઘે સારી રીતે ઉદારતા વાપરી. પંજાબથી આવેલ સુખદયાળ નામના

વૈદ્યે, વડોદરાથી આવેલા ચુનીલાલ વૈદ્યે અને ભાવનગરના દરબારી દાક્તર શિવનાથે પ્રયાસ કરવામાં ખામી રાખી નહીં. પરંતુ વ્યાધિની પ્રબળતા અને કર્મપરિણામ રાજાનું પ્રતિકૂળપણું હોવાથી ત્યાં કશું કામ આવ્યું નહીં. જેથી ચૈત્ર વદિ ૧ ની સભામાં કરેલો વિચાર મહારાજશ્રીની અમૃતદૃષ્ટિની હાજરીમાં જ અમલમાં મૂકી દેવો એમ ઠર્યું, અને વૈશાખ શુદિ ૩ ને દિવસે મોટી ધામધૂમ સાથે વરઘોડો ચડાવીને ચતુર્વિધ સંઘની સમક્ષ મુનિ વૃદ્ધિચંદ્રજી જૈનશાળાનું સ્થાપન કરવામાં આવ્યું. આ પ્રસંગે મેળાવડો ઘણો સારો થયો હતો. મહારાજશ્રી આ હકીકત સાંભળીને બહુ પ્રસન્ન થયા, કારણ કે પ્રારંભથી જ મહારાજશ્રીને જ્ઞાનાભ્યાસમાં વૃદ્ધિ થવાના ઉપાય યોજવાની ખંત હતી. સદરહુ જૈનશાળા માટે એક સારા માસ્તરની ગોઠવણ કરવામાં આવી અને જૈન બાળકો બહુ મોટી સંખ્યામાં અભ્યાસ કરવા લાગ્યા.

આ પ્રસંગને વખતે મુનિરાજશ્રી મોહનલાલજી, મહારાજજીને સાતા પૂછવા આવેલા તે પણ ભાવનગર હતા. મહારાજશ્રીને માંદગી વૃદ્ધિ પામી ત્યારપછી અનેક મુનિઓ, સાધ્વીઓ અને અનેક ગામોના શ્રાવક ભાઈઓ મહારાજશ્રીને સાતા પૂછવા આવતા હતા. છેવટના વખતે સાધુસાધ્વીના ઠાણા ૫૦ એકત્ર થયેલા હતા.

પોતાની જિંદગીમાં કરવાનું છેલ્લું કાર્ય જાણે થઈ ચૂક્યું હોય તેમ જૈનવિદ્યાશાળાના સ્થાપન પછી તો વ્યાધિએ એકદમ

જોર કર્યું. જાણે સમસ્ત અસાતાવેદની કર્મ એક સાથે ખપાવી દેવું હોય તેવું સ્વરૂપ જણાવા લાગ્યું. શ્રાવકવર્ગનાં દિલ બહુ ઉદાસ થઈ ગયાં. ભક્તિવંત શ્રાવકો રાત-દિવસ સાવધાનપણે ભક્તિ કરવા લાગ્યા. સર્વ મુનિમંડળમાં મુનિ દુર્લભવિજયજીએ અને શ્રાવકવર્ગમાં અમરચંદ જસરાજ તથા કુંવરજી આણંદજીએ સર્વ કાર્ય છોડી ગુરુભક્તિમાં દિલ જોડી દીધું હતું. મહારાજશ્રીને પણ જાણે અંતસમય નજીક આવ્યાનું સમજવામાં આવ્યું હોય તેમ જેમના પર તેમની દૃષ્ટિ ઠરતી હતી તેમને પોતાની પાસે જ રહેવા સૂચવ્યું હતું. કર્મોદય વડે થયેલ વ્યાધિમાં તો કોઈ કિંચિત્‌માત્ર પણ ઘટાડો કરી શકતું નથી, પરંતુ અનુકૂળ પ્રકારે સેવા કરીને વ્યથાની શાંતિ માટે જોઈએ તેવો પ્રયત્ન થતો હતો. મહારાજશ્રી પણ અનુભવજ્ઞાનમાં નિમગ્ન થઈને ઉપશમરસમાં ન્હાતા હોય એમ જણાતું હતું. પોતાને જે જે પ્રકરણાદિ ઉપર પૂર્ણ રુચિ હતી તે આ વખતે પણ સંભળાવતા હતા અને સાંભળતા હતા. ચઉસરણ પયન્નાનું તો વારંવાર શ્રવણ કરતા હતા અને તેની કોઈ કોઈ ગાથાનો અર્થ પણ વ્યાધિની પ્રબળતાથી બોલવાની શક્તિ નહીં છતાં વિસ્તારથી સમજાવતા હતા. એક વખત चउरंगो जिणधम्मो એ ગાથાનો અર્થ એવો સરસ રીતે સમજાવ્યો હતો અને તે વખતે પોતાને પણ એવો આહ્‌લાદ થયો હતો કે તેનું વર્ણન કરવું અશક્ય છે.

આવો અત્યંત વ્યથાકારક વ્યાધિ અને તેમાં પણ આવી અપૂર્વ સમતા એ તો જાણે વિરુદ્ધ સ્વભાવોનો સમાન યોગ થઈ ગયો હોય એમ જણાતું હતું. 'આયુષ્યસ્થિતિ સમાપ્ત થયે ગમે તેટલા ઉપચારો પણ ફાયદો કરી શકતા નથી' એવા વ્યવહારિક વચનને સિદ્ધ કરવા માટે જ હોય તેમ વૈશાખ શુદિ સાતમે શ્વાસનું જોર વધ્યું. સાધુ-સાધ્વીઓએ આહારપાણી પણ ન કર્યાં; માત્ર ગુરુમહારાજ સન્મુખ દૃષ્ટિ સ્થાપીને સૌ બેસી રહ્યાં. પરિણામે તે જ દિવસે રાતના સાડાનવ કલાકે આ અશુચિના ભંડારરૂપ નરદેહમાંથી નીકળી દેવપણાની સંપદાનો ઉપભોગ કરવા માટે સંપૂર્ણ સમાધિમાં 'અરિહંત, સિદ્ધ, સાહુ' એ શબ્દોનો ઉચ્ચાર કરતાં આ નશ્વર મનુષ્યદેહ તજી દીધો.

તત્કાળ એ ખેદકારક ખબર આખા શહેરમાં ફરી વળ્યા. શ્રાવકવર્ગ દિલગીર થાય એમાં તો શું આશ્ચર્ય, પણ જેને એક વખત પણ મહારાજશ્રીનો પરિચય થયેલો તે સર્વ દિલગીર થયા. દેશાવરમાં તાર અને પોસ્ટ દ્વારા ખબર પહોંચાડ્યા. દેવદેવેન્દ્રોએ તીર્થંકરોના દેહનો નિર્વાણમહોત્સવ કરેલો તે દૃષ્ટાંત લઈને ભાવનગરના ભક્તિવંત શ્રાવકોએ ગુરુભક્તિની સર્વ પ્રકારની તજવીજ કરવા માંડી. આખા શહેરમાં બીજે દિવસે તમામ પ્રકારના આરંભનાં કાર્ય બંધ રહે તેવી ગોઠવણ કરવામાં આવી. પ્રાતઃકાળે આખા સંઘનો તમામ પુરુષવર્ગ એકત્ર થયો. સુશોભિત શિબિકામાં મહારાજશ્રીના દેહને

ભક્તિવાન શ્રાવકોએ સ્થાપિત કર્યો, અને જય જય નંદા, જય જય ભદ્દા એ શબ્દોના એકસરખા ધ્વનિએ આકાશ શબ્દમય કરી દીધું. મહારાજશ્રીના પંચત્વપ્રાપ્તિના સમયથી માંડીને ચતુર્વિધ સંઘને જે દિલગીરી થતી હતી તેનું વર્ણન કરી શકાય એમ નથી, પરંતુ એ દિલગીરી બીજાઓ સાંભળે તેવા રુદનના શબ્દોયુક્ત નહોતી; માત્ર અંતઃકરણની જ હતી. સૌનાં મુખારવિંદો કરમાઈ ગયેલાં અને શોકસમુદ્રમાં નિમગ્ન થયેલાં જણાતાં હતાં. શ્રાવકસમુદાય મહારાજશ્રીના દેહને શોકગર્ભિત મહોત્સવ કરતાં કરતાં દાદાસાહેબની વાડીમાં લઈ ગયો. ત્યાં ચંદનાદિ કાષ્ટો વડે મહારાજશ્રીના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો. પુષ્કળ ઘૃત, કર્પૂરાદિ પદાર્થો ચિતાગ્નિમાં સિંચ્યા. મહારાજશ્રીના દેહની સાથે ભક્તજનોના અંતઃકરણમાં પણ વિયોગાગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો હતો.

"હવે આપણને હિતશિક્ષા કોણ આપશે ? ઉન્માર્ગે જતાં પાછા કોણ વાળશે ? કોઈ બાબતમાં શંકા પડશે તો ગુરુમહારાજ ! કહીને કોને પૂછવા જશું ? પુત્રવત્ વાત્સલ્ય ભાવથી એક પ્રશ્નના ઉત્તરમાં અનેક બાબતો કોણ સમજાવશે ? અહો ! આ બધી ખામી કોણ પૂરી પાડશે ? કદી બીજા મુનિરાજ પૂર્વોક્ત બાબતોમાં મહારાજશ્રીની ખામી ન જણાય તેમ કરવા હિતબુદ્ધિથી પ્રયત્ન કરશે, પરંતુ આપણા હૃદયમાં મહારાજશ્રીના વિરહ વડે પડેલો ઘા તેઓ રૂઝવી શકશે નહીં. આવા પ્રતાપી, શાંત પ્રકૃતિવાળા,

એકાંત હિતેચ્છુ, પરોપકારમાં જ તત્પર, દોષની ક્ષમા કરવાવાળા, નિર્દોષ માર્ગે ચાલવાવાળા અને અનેક ગુણોના વાસભુવન સરખા ગુરુમહારાજ ફરીને આપણને દર્શન દેશે નહીં. અહો કરાળ કાળ ! તારી ગતિ દુરતિક્રમ છે. તારી પાસે પ્રાણીમાત્ર નિરૂપાય છે. તેં આવા મહાપુરુષને લઈ જઈને અમારી સાથે પૂરી દુશ્મનાઈ કરી છે, પરંતુ અમે પણ તારા હુકમને તાબે રહેનારા હોવાથી તને કાંઈ કરી શકીએ એમ નથી. હે કાળ ! તને આમ કરવું ઘટિત નહોતું. આ મહાપુરુષના આ દુનિયા ઉપર વધારે ટકવાથી અનેક શુભ પ્રકારના લાભ હતા. અનેક જીવોને તેમના ઉપદેશ વડે સંસારસમુદ્ર તરવો સ્હેલો થઈ જાય તેમ હતું. તેમના પ્રત્યક્ષ ચરિત્રને અનુસરવાથી અનેક પ્રાણી કર્મજન્ય ભારને તજી દઈને હળુકર્મી થાય તેમ હતું. એવા પુરુષને લઈ જવાથી તને શું લાભ થયો ? પરંતુ તું કોઈનું સારું જોઈ શકતો ન હોય એમ જણાય છે. તું રંગમાં ભંગ કરે છે, લગ્નમાં વિઘ્ન નાખે છે અને સુખમાં ઝેર ભેળવે છે ! તારી ગતિ અસરાળ છે, પણ એમાં તારો દોષ નથી. ફોગટ જ અમે તને ઠપકો આપીએ છીએ, અમારા કર્મનો જ તેમાં દોષ છે. અમે ભાગ્યહીન, તેમાં કોઈ શું કરે ? અમારાં પુણ્ય જ ઓછાં ત્યાં બીજાનો શો વાંક ? અમે જ સંસારના મોહમાં ડુબેલા ત્યાં બીજાની શી ભૂલ ? ખરેખર એમાં તારો કાંઈ જ દોષ નથી.''

આ પ્રમાણેના શોકયુક્ત ઉદ્‌ગાર ભક્તિવંતોના મુખમાંથી નીકળ્યા કરતા હતા. સંસ્કાર થઈ રહ્યા બાદ ચિતા શાંત કરવામાં આવી. શ્રાવકવર્ગ પણ સર્વે સ્નાન કરી એકત્ર થઈ શોકશાંતિનિમિત્તે ઉપદેશ સાંભળવા ઉપાશ્રયે ગયો. મુખ્ય શિષ્ય મુનિ ગંભીરવિજયજીનો ઉપદેશ સાંભળી ચિત્ત શાંત કરી સૌ સ્વસ્થાનકે ગયું.

તે દિવસે આખા શહેરમાં હડતાળ પાડવામાં આવી. તમામ પ્રકારના વ્યાપાર બંધ થયા. મીલ, પ્રેસો, કારખાનાઓ, બંદર, મત્સ્યજાળ તેમજ બીજા સર્વ આરંભી કાર્યો બંધ રહ્યા. શ્રાવકવર્ગે એક સારી રકમ એકઠી કરી, તેમાંથી અનેક પ્રકારે અનુકંપાદાન દેવામાં આવ્યું. મહારાજશ્રીના સંસ્કારને સ્થાનકે મહારાજશ્રીની પાદુકાનું સ્થાપન કરવા માટે એક આરસની દેરી બનાવવામાં આવી અને તેમાં સંવત ૧૯૫૦ના શ્રાવણ શુદિ પુનમે મહારાજશ્રીના પગલાં સ્થાપન કરવામાં આવ્યાં. બંને ગુરુભાઈ (મુનિરાજ શ્રીમૂલચંદજી અને વૃદ્ધિચંદ્રજી) એકસાથે પંજાબ દેશમાંથી આ દેશમાં આવેલા, તેમની નિર્વાણભૂમિ પણ એક સ્થાને જ થવી સર્જિત હોવાથી ચાર વર્ષને અંતરે તેમજ બન્યું. બંને મહાત્માઓના સંસ્કારને સ્થાનકે થયેલી બંને દેરીઓ અને તેમાં સ્થાપેલ પાદુકા એકબીજા સાથે પૂર્વવત્ સ્નેહ કરીને રહેલ હોય એમ અદ્યાપિ દાદાસાહેબની વાડીમાં સાથે સાથે શોભી રહી છે.

મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજી કાળધર્મ પામ્યાના ખબર બહારગામ પહોંચતાં અનેક ગામોમાં હડતાળો પડી, આરંભના કાર્યો બંધ રહ્યાં, શ્રાવકવર્ગે પુષ્કળ દ્રવ્ય સત્કાર્યોમાં વાપર્યું અને નિરંતરની યાદગીરી રહે તેવાં કામો પણ કેટલાંક ગામોમાં કરવામાં આવ્યાં. વળામાં મહારાજશ્રીનું નામ જોડીને એક જૈન પુસ્તકાલય સ્થાપવામાં આવ્યું. એવા ઉત્તમ પુરુષોની ખ્યાતિ તો એમનાં સત્કાર્યો વડે અમર રહેલી જ છે. આવાં કાર્યો તો માત્ર તેમની ભક્તિની નિશાની બતાવનારાં છે.

આ પ્રમાણે મુનિરાજ શ્રીવૃદ્ધિચંદ્રજી જેઓ નિઃસ્પૃહ-શિરોમણિ મુનિરાજ શ્રીબુટેરાયજીના શિષ્ય, પ્રતાપી ગણિજી શ્રીમૂલચંદજીના લઘુ ગુરુભાઈ અને મહાતપસ્વી, ક્ષમાસમુદ્ર મુનિરાજશ્રી ખાંતિવિજયજીના તેમજ જ્ઞાનસમુદ્ર, ષટ્શાસ્ત્રના પારગામી મુનિરાજશ્રી આત્મારામજી વગેરેના મોટા ગુરુભાઈ હતા; તેઓ ૫૯ વર્ષ ને ૪ માસનું આયુષ્ય પ્રતિપાલન કરીને, તેમજ ૪૧ વર્ષનો દીક્ષાપર્યાય પાળીને, અનેક ભવ્ય જીવોની ઉપર ઉપકાર કરી સ્વર્ગસુખના ભોક્તા થયા છે.

તેઓ સાહેબના દિલમાં જે જે શુભ અભિલાષાઓ થતી હતી, તે તે પુણ્યની પ્રબળતાથી સ્વલ્પ સમયમાં પાર પડતી હતી. અંત્યાવસ્થાએ મહારાજશ્રીના દિલમાં (૧) દાદા-સાહેબમાં બંધાતું દેરાસર સંપૂર્ણ થઈને પ્રતિષ્ઠા થયેલ જોવાની, (૨) ભાવનગરમાં શ્રાવકસમુદાય બહોળો છતાં કોઈને ત્યાં

ઘરદેરાસર નહોતું તે કરાવવાની, (૩) વળા શહેરમાં અપ્રતિમ ઉપગારી શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણની યાદગીરી કાયમ રહેવા માટે તેમણે કરેલા જૈનસિદ્ધાંતોના પુસ્તકારૂઢપણાના લેખ સાથે તેમની પાદુકા સ્થાપન કરાવવાની અને (૪) જૈન રીતિ પ્રમાણે જૈનવર્ગમાં વિવાહાદિ સંસ્કાર થાય તેમ કરવા વગેરેની અભિલાષાઓ હતી. જેમાંની આ ચરિત્ર પ્રગટ થતા સુધીમાં કેટલીએક પાર પડી છે અને બાકીની પાર પડવા સંભવ છે. મહારાજશ્રીનો પુણ્યપ્રતાપ અદ્યાપિ પણ અચળ સ્થિતિમાં હોય એમ દેખાય છે.

આ બાળબ્રહ્મચારી મહાત્માનું ચરિત્ર અહીં સમાપ્ત થાય છે. એ મહાત્માના ગુણનું વર્ણન જેટલું કરીએ તેટલું થોડું છે. તેમના ગુણ અહર્નિશ સાંભરી આવે તેવા છે. તેઓ યાવજ્જીવિત શુદ્ધ આચારવિચારમાં તત્પર રહ્યા છે. નિરંતર અપ્રમાદીપણે સ્વપરહિતમાં તત્પર રહ્યા છે. નિરર્થક કાળક્ષેપ કદાપિ પણ કર્યો નથી. લોકરંજનાર્થે જ્ઞાન મેળવવાનો વિચાર દિલમાં ન ધરાવતાં આત્મહિત માટે જ અનેક શાસ્ત્રોનું નિરંતર અવલોકન કર્યું છે. શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયકૃત જ્ઞાનસાર અષ્ટક ઉપર એઓ સાહેબને બહુ પ્રીતિ હતી, જેથી વારંવાર તેનો પાઠ કરતા. નવીન ગ્રંથાદિ કાંઈ પણ રચવાની અભિલાષા વર્તતી નહોતી; તો પણ તેઓ સાહેબ જે જે ગ્રંથ વાંચતા તે એવા સૂક્ષ્મ વિચારપૂર્વક વાંચતા અને તેમાં પદચ્છેદ અને પર્યાયાદિ એવા બારીક રીતે કરતા હતા કે તે

ગ્રંથ અન્ય સર્વને બહુ જ લાભકારક અને બોધદાયક થઈ પડતો. આસ્તિક્યમાં તેઓ અપૂર્ણ નહોતા, શ્રદ્ધા વડે પૂર્ણ હતા. તેઓનો ઉપદેશ અમોઘ હતો. અંતઃકરણની આકૃતિ અને બાહ્ય આકૃતિ બંને શાંત હતી. કદી પણ કોઈને દુઃખ લાગે તેવું વચન કહી શકતા નહીં. પથ્ય, તથ્ય ને પ્રિય એવું સત્ય વચન બોલવાની જ તેઓને સ્વાભાવિક ટેવ હતી. જ્ઞાનદાન દેવામાં તેઓ સાહેબે કદી પણ આત્મવીર્યને ગોપવ્યું નથી. સુમારે ૪૦ સાધુ-સાધ્વીને દીક્ષાનું દાન કર્યું છે. પરિપૂર્ણપણે ચારિત્રધર્મનું આરાધન કર્યું છે. બાલ્યાવસ્થાથી જ બ્રહ્મચર્ય પાળ્યું છે. શરીરશક્તિ મંદ હોવાથી બાહ્યતપ તેઓ વિશેષ કરી શક્યા નથી, પરંતુ અભ્યંતરતપમાં અહર્નિશ તત્પર જ રહ્યા છે. બાહ્યતપ પણ શક્તિના પ્રમાણમાં કરવાના કાયમ ઈચ્છુક હતા. છેવટના વખતમાં વીશસ્થાનકના આરાધન નિમિત્તે ઓળી કરવાનો આદર કર્યો હતો. સંવત ૧૯૪૮ના પર્યુષણમાં છાતીના દુખાવાનો વ્યાધિ વધારે ઉપડ્યો ત્યાર અગાઉ સંલગ્ન ત્રણ ઓળીનાં ૬૦ એકાસણાં કર્યાં હતાં. ભાવધર્મનું આરાધન તો તેઓએ વક્ષસ્થળમાં કોરી રાખેલું હતું. ઉપશમરસના ભંડાર હતા. અભિમાનને દેશાટન કરાવેલું હતું. માયાને તજી દીધી હતી અને લોભ માત્ર આત્મહિતની વૃદ્ધિ કરવાનો જ રાખ્યો હતો. કોઈ પણ વિચાર સાહસિકપણે કરતા નહીં પણ દીર્ઘદૃષ્ટિપૂર્વક કરતા, તેથી કોઈપણ કાર્ય કર્યા પછી પશ્ચાત્તાપ કરવો પડ્યો

હોય એવું તેમની જીંદગાનીમાં એક વખત પણ બન્યું નથી. તેઓ પોતે જ એક વખત અષ્ટકની ટીકા વંચાવતા બોલ્યા હતા કે "જ્યારે જ્યારે હું કાંઈ પણ બોલું છું અથવા કરું છું ત્યારે તરત જ તે બોલવાનું તથા ક્રિયા કરવાનું શું પરિણામ થશે તે સંબંધી વિચારણા થાય છે." આ ઉપરથી તેમને પોતાને કેવું ઊંચા પ્રકારનું અનુભવજ્ઞાન હતું તે સમજી શકાય છે. કારણ કે એવી વિચારણાવાળાને અયોગ્ય વર્તનનો તથા પુણ્ય-પાપ બંધનનો તો અભાવ જ હોય છે.

ઇન્દ્રિયોના વિષયમાં વિરક્તભાવને ધારણ કરનારા હતા. વેદોદય તો સર્વથા શાંતભાવને પામેલો હતો. ક્વચિત્ હસતા તો મંદમંદ હસતા. પૌદ્‌ગલિક વસ્તુના સંયોગવિયોગે રતિઅરતિનો સંભવ જ નહોતો. શોક માત્ર આત્મહિતમાં ખામી લાવનાર કારણો બને ત્યારે જ થતો હતો. ભય પૂર્વોપાર્જિત કર્મોનો અને પરભવનો જ હતો. દુગંચ્છા દેહમાં રહેલી અશુચિની જ કરતા. શિષ્યોને માટે ઉત્તમ ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ કરવાની ઇચ્છાવાળા હતા. દરેક ગામમાં જ્ઞાનભંડાર સારી સ્થિતિમાં સચવાઈ રહે-વીંખાઈ ન જાય તેને માટે ઉપદેશ કર્યા કરતા હતા. નવા ભંડારો કરાવતા હતા. જૈનતીર્થોનું હિત જાળવવા માટે શ્રાવકવર્ગને પ્રેરણા કર્યા કરતા હતા, અને પૂર્વોક્ત સર્વ કાર્યમાં પોતાના આત્માનું હિત વૃદ્ધિ પામે એવી સાધ્યદૃષ્ટિ રાખતા હતા.

આવા મહાત્માના ચરિત્રનું સ્મરણ કરવાથી અને બની શકે તે પ્રમાણે તેનું અનુકરણ કરવાથી અનેક પ્રાણીઓ પોતાના આત્માનું હિત કરી શકે છે, એવા હેતુથી આ મહાપુરુષનું ચરિત્ર લખવાનો કરેલો પ્રયાસ વાચકવૃંદની શુભવૃત્તિ વડે સફળતાને પામો.

यस्य क्षान्तिगुणो महान् मुदिरवत् क्रोधाग्निसंशामको,
यस्याऽहो चरितामृतांशुकिरणैस्तापो भुवां नाशितः ।
श्रुत्वा यस्य कथां शुभां जनगणो मुक्तौ सदोत्तिष्ठते,
सोऽयं वो वितनोतु भद्रपदवीं श्री**वृद्धिचन्द्रः** प्रभुः ।

"જેમનો મહાન્ શાન્તિનો ગુણ વરસાદની માફક કોપરૂપી અગ્નિનો નાશક હતો, જેમના ચારિત્રરૂપી ચન્દ્રના કિરણો વડે પૃથ્વીનો સંતાપ નાશ પામ્યો હતો, જેમનો પવિત્ર ઉપદેશ સાંભળી મનુષ્યો મોક્ષમાર્ગ તરફ પ્રવૃત્ત થતા હતા, તે મહારાજશ્રી **વૃદ્ધિચંદ્રજી** તમારા કલ્યાણને વિસ્તારો.

## પરિશિષ્ટ-૧

# મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજીની શિષ્યસંપદા

૧. મુનિ કેવળવિજયજી - સંવત ૧૯૨૯માં મહારાજશ્રીના નામની વડીદીક્ષા આપવામાં આવી તે.

૨. મુનિ ગંભીરવિજયજી - સંવત ૧૯૩૧માં યતિપણું તજી દઈને મહારાજજીના નામની વડીદીક્ષા લીધી તે.

૩. મુનિ ઉત્તમવિજયજી - સંવત ૧૯૩૨ની ફાગણ શુદિ ત્રીજે ધોલેરાના રહેનાર પટણી શ્રાવક ઉત્તમચંદે ભરૂચમાં મુનિરાજ શ્રીનિત્યવિજયજી પાસે દીક્ષા લીધી તે.

૪. મુનિ ચતુરવિજયજી - સંવત ૧૯૩૭ની મહા શુદિ પાંચમે અમદાવાદનિવાસી એક શ્રાવકે ડીસે જઈને મુનિરાજ શ્રીઉમેદવિજયજી પાસે દીક્ષા લીધી તે.

૫. મુનિ રાજવિજયજી - સંવત ૧૯૩૭માં માંગરોળ-નિવાસી એક શ્રાવકે વળામાં મહારાજશ્રીના હાથથી દીક્ષા ગ્રહણ કરી તે.

૬. મુનિ હેમવિજયજી - સંવત ૧૯૪૦ની દ્વિતીય જેઠ શુદિ ત્રીજે ધોલેરાના શ્રાવક જીવાએ ભાવનગરમાં મહારાજજીના હાથથી દીક્ષા લીધી તે.

૭. મુનિ ધર્મવિજયજી - સંવત ૧૯૪૩ની વૈશાખ વદિ પાંચમે મહુવાના મૂળચંદ નામના શ્રાવકે ભાવનગરમાં મહારાજજીના હાથથી દીક્ષા લીધી તે.

૮. મુનિ નેમવિજયજી - સંવત ૧૯૪૫ની જેઠ શુદિ સાતમે નેમચંદ નામના મહુવાના શ્રાવકે ભાવનગરમાં મહારાજજીના હાથે દીક્ષા લીધી તે.

૯. મુનિ પ્રેમવિજયજી - સંવત ૧૯૪૬ની વૈશાખ શુદિ તેરશે ઓસવાળ જ્ઞાતિના, બાળબ્રહ્મચારી, ભાવનગરનિવાસી, દેરાસરમાં મહેતા તરીકે કામ કરનાર શ્રાવક પ્રેમજીએ મહારાજજીના હાથથી ભાવનગરમાં દીક્ષા લીધી તે.

૧૦. મુનિ કર્પૂરવિજયજી - સંવત ૧૯૪૭ની વૈશાખ શુદિ છઠે વળાના રહીશ ઓસવાળ જ્ઞાતિના શ્રાવક કુંવરજી અમીચંદ, જેઓએ અંગ્રેજી અભ્યાસ કરીને મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરી હતી, તેમણે વૈરાગ્યદશા પામીને ભાવનગરમાં મહારાજજીના હાથથી દીક્ષા લીધી તે.

આ સિવાય મુનિ ઉમેદવિજયજી, દુર્લભવિજયજી, અમરવિજયજી તથા મેઘવિજયજી વગેરેએ મહારાજજીના

હાથથી દીક્ષા લીધી છે, પરંતુ દીક્ષા બીજાના નામની અપાયેલ હોવાથી તેમનાં નામ આમાં ગણ્યાં નથી, તેમજ મહારાજજીના ઉપદેશથી વૈરાગ્ય પામીને કેટલાએક શ્રાવકોએ મુનિરાજ શ્રીમૂલચંદજી, મુનિરાજ શ્રીનિત્યવિજયજી તથા મુનિરાજ શ્રીઉમેદવિજયજી વગેરેની પાસે દીક્ષા લીધી છે, તેમનાં નામોની વિવક્ષા પણ આમાં કરેલી નથી. (સં.૧૯૫૪)

ઉપર લખેલી હકીકત સં. ૧૯૫૪ના સમય સુધીની છે. તેમાંથી મુનિરાજ શ્રીગંભીરવિજયજી, મુનિરાજ શ્રીચતુરવિજયજી, મુનિરાજ શ્રીનેમવિજયજી અને મુનિરાજ શ્રીપ્રેમવિજયજી શ્રીભગવતીસૂત્રના યોગ વહીને પંન્યાસ થયેલા. તેમાંથી પંન્યાસ શ્રીનેમિવિજયજી શ્રીવિજયનેમિસૂરિના નામથી આચાર્ય થયેલા, અને મુનિરાજ શ્રીધર્મવિજયજી શ્રીવિજયધર્મસૂરિના નામથી આચાર્ય થયેલા.

# <u>પરિશિષ્ટ-૨</u>

## ॥ शान्तमूर्ति-श्रीवृद्धिचन्द्रसद् गुर्वष्टकम् ॥

(सानुवादम्)

- **विजयधर्मसूरिः**

**वाचं वाचं प्रभुगुणगणं लब्धकीर्तिर्जने यो,**
**बोधं बोधं विषमविबुधं जातपूज्यप्रभावः ।**
**वेदं वेदं सकलसमयं प्राप्तशान्तस्वभावः,**
**स्वर्गस्थोऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्रः ॥१॥**

જે ગુરુમહારાજે પ્રભુના ગુણસમૂહને લોકોમાં કહી કહીને કીર્તિ પ્રાપ્ત કરી હતી, જેઓ વિષમ પંડિતોને પણ બોધ કરીને પૂજ્ય પ્રભાવવાળા થયા હતા. તથા જેઓ સર્વ સિદ્ધાંતને (આગમને) જાણી જાણીને (શ્રુતજ્ઞાન મેળવી મેળવીને) શાંતસ્વભાવવાળા (સમતાવાળા) થયા હતા, તે આ મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સ્વર્ગમાં રહેલા સુખે વિલાસ કરે છે. ૧.

**स्नायं स्नायं सुपवितवपुः सार्ववाचाऽमृतेन,**
**हायं हायं कुमतकपटं विश्ववन्द्यप्रतापः ।**
**घातं घातं सुभटपदवीं प्राप दुष्कर्मवृन्दं,**
**स्वर्गस्थोऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्रः ॥ २ ॥**

જેઓ સર્વજ્ઞના વચનામૃત વડે સ્નાન કરી કરીને પવિત્ર શરીરવાળા થયા હતા, કુમત (મિથ્યાત્વ) નો ત્યાગ કરી કરીને જેમનો પ્રતાપ વિશ્વને વંદ્ય થયો હતો, દુષ્કર્મના સમૂહને હણી હણીને જેઓ સુભટની પદવીને પામ્યા હતા, તે આ સ્વર્ગમાં વિરાજમાન મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સુખે વિલાસ કરે છે. ૨.

**पावं पावं मुनिजनपथं कृत्यकार्येषु लीनः,**
**स्तावं स्तावं गुणिगुणगणं शुद्धसम्यक्त्वधारी ।**
**नावं नावं जिनवरवरं नीतपुण्यप्रकर्षः,**
**स्वर्गस्थोऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्रः ॥ ३ ॥**

મુનિજનના માર્ગને પવિત્ર કરી કરીને જેઓ મુનિજનને કરવાલાયક ક્રિયામાં નિરંતર મગ્ન રહેતા હતા, ગુણીઓના ગુણસમૂહની સ્તુતિ કરી કરીને જેઓ શુદ્ધ સમકિતધારી થયા હતા, તથા ઉત્તમ જિનેશ્વરની સ્તુતિ કરી કરીને જેઓએ પુણ્યનો પ્રકર્ષ પ્રાપ્ત કર્યો હતો, તે આ સ્વર્ગમાં વિરાજમાન મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સુખે વિલાસ કરે છે. ૩.

**दायं दायं स्वऽभयमतुलं प्राणिषु प्रीतिपुञ्जं,**
**धायं धायं सुमतिमहिलां क्लृप्तकल्याणपोतः ।**
**भायं भायं प्रवचनवचो वीरदेवाभिमानः,**
**स्वर्गस्थोऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्रः ॥ ४ ॥**

પ્રાણીઓમાં પ્રીતિના સમૂહરૂપ અતુલ અને ઉત્તમ અભયદાન આપી આપીને તથા સદ્બુદ્ધિરૂપી સ્ત્રીનું સ્તનપાન કરાવી કરાવીને જેમણે કલ્યાણરૂપી બાળકને પુષ્ટ કર્યો હતો તથા સિદ્ધાંતના વચનને ભાવી ભાવીને (ધારી ધારીને) શ્રી મહાવીરદેવ ઉપર જે બહુમાનવાળા થયા હતા, તે આ સ્વર્ગમાં વિરાજમાન મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સુખે વિલાસ કરે છે. ૪.

**मारं मारं रतिपतिभटं त्यक्तमोहादिदोषो,**
**धारं धारं यतिपतिपदं कृत्तकर्मारिवर्गः ।**
**वारं वारं कुपथगमनं जैनराद्धान्तरक्तः,**
**स्वर्गस्थोऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्रः ॥ ५ ॥**

કામદેવરૂપી સુભટને મારી મારીને જેમણે મોહાદિક દોષોનો ત્યાગ કર્યો હતો, મુનિપતિની પદવી (ચારિત્ર) ધારણ કરી કરીને જેમણે કર્મરૂપી શત્રુના સમૂહને કાપી નાંખ્યો હતો, તથા કુમાર્ગગમનનું નિવારણ કરી કરીને જેઓ જૈન સિદ્ધાંતમાં

આસક્ત થયા હતા, તે આ સ્વર્ગમાં વિરાજમાન મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સુખે વિલાસ કરે છે. ૫.

**द्वेषं द्वेषं कपटपटुकं निह्नवं न्यायमुक्तं,**
**पेषं पेषं कुशलविकलं कर्मवारं प्रभूतम् ।**
**पोषं पोषं विमलकमलं चित्तरूपं महात्मा,**
**स्वर्गस्थोऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्रः ॥ ६ ॥**

માયા-કપટ કરવામાં નિપુણ અને ન્યાયરહિત એવા નિહ્નવના ઉપર દ્વેષ કરી કરીને, કલ્યાણનો નાશ કરનાર મોટા કર્મના સમૂહને પીસી પીસીને તથા ચિત્તરૂપી નિર્મળ કમળનું પોષણ કરી કરીને જેઓ મહાત્મા ગણાતા હતા તે આ સ્વર્ગમાં વિરાજમાન મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સુખે વિલાસ કરે છે. ૬

**शोषं शोषं कलुषजलधिं ध्वस्तपापादिपङ्कः,**
**प्लोषं प्लोषं सकलमशुभं शुद्धधीर्ध्यानमग्नः ।**
**तोषं तोषं भविजनमनो जैनतत्त्वादिभिर्यः,**
**स्वर्गस्थोऽसौ विलसति सुखं मद्गुरुर्वृद्धिचन्द्रः ॥ ७ ॥**

પાપરૂપી સમુદ્રનું શોષણ કરી કરીને જેમણે અશુભ કર્મરૂપી પંકનો નાશ કર્યો હતો, સમગ્ર અશુભને બાળી બાળીને તથા જિનાગમના તત્ત્વ વગેરે કહેવા વડે ભવ્યજનોને સંતોષ પમાડી પમાડીને શુદ્ધ બુદ્ધિવાળા જેઓ આત્મધ્યાનમાં

મગ્ન રહેતા હતા, તે આ સ્વર્ગમાં વિરાજમાન મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સુખે વિલાસે કરે છે. ૭

**सिद्धान्तोदधिमन्थनोत्थविमलज्ञानादिरत्नव्रजं,**
**शिष्येभ्यो वितरन् समाधिसहितः संप्राप नाकं शुभम् ।**
**सोऽयं मद्गुरुरन्वहं विजयतां श्रीवृद्धिचन्द्रो मुनि-**
**स्तस्यैव स्तुतिरूपमष्टकमिदं भव्याः पठन्तु प्रगे ॥ ८ ॥**

સિદ્ધાંતરૂપી સમુદ્રને મથન કરવાથી ઉત્પન્ન થયેલા (મેળવેલા) જ્ઞાનાદિક રત્નનો સમૂહ શિષ્યોને આપતા આપતા જેઓ સમાધિસહિત (પૂર્વક) ઉત્તમ સ્વર્ગને પામ્યા છે, તે આ મારા ગુરુ શ્રીવૃદ્ધિચંદ્ર મહારાજ સર્વદા વિજય પામો અને તેમની જ સ્તુતિરૂપ આ અષ્ટકને ભવ્યજનો હમેશાં પ્રાતઃકાલે પઠન કરો. ૮

**इति शान्तमूर्तिश्रीमद्वृद्धिचन्द्रचञ्चरीकायमाण-**
**विजयधर्मसूरिविरचितं स्वगुर्वष्टकम् ।**

## પરિશિષ્ટ-૩

## ॥ श्रीवृद्धिस्तोत्रम् ( सानुवादम् ) ॥

(शिखरिणी)

**सदास्मर्यासङ्ख्यास्खलितगुणसंस्मारितयुग–**
**प्रधानं पीयूषोपममधुरवाचं व्रतिधुरम् ।**
**विवेकाद् विज्ञातस्वपरसमयाशेषविषयं,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ १ ॥**

હમેશાં (સત્પુરુષોને) સ્મરણ કરવાલાયક, અસંખ્ય અને અસ્ખલિત ગુણો વડે યુગપ્રધાનનું સ્મરણ કરાવનાર, અમૃતસમાન મીઠી વાણીવાળા, મુનિઓમાં અગ્રેસર, સ્વપરસિદ્ધાંતના સર્વ વિષયોને વિવેકથી જાણનારા અને ધ્યાનમાં ઉલ્લસાયમાન છે હૃદય જેનું એવા તે વૃદ્ધિવિજયજી કે જેમનું અપર પ્રસિદ્ધ નામ વૃદ્ધિચંદ્રજી મહારાજ હતું તેમને હું સ્તવું છું. અથવા પરમાત્મસ્વરૂપની સાથે સોઽહં-'તે જ હું' એવા ધ્યાનમાં ઉલ્લસાયમાન છે હૃદય જેનું આ પ્રમાણે ગુરુમહારાજના વિશેષણાન્તર્ગતપણે 'સોઽહં' પદને સમસ્ત

રાખી અર્થ કરવો. અથવા ધ્યાનમાં ઉલ્લસિત હૃદય જેમ થાય તેમ હું સ્તવના કરું છું એ પ્રમાણે ક્રિયાવિશેષણ તરીકે પણ અર્થ થઈ શકે છે. ૧

**मुनीशैर्योगीशैर्द्रविणपतिभी राजभिरपि,**
**स्तुतं संसेव्याङ्घ्रिं बुधजनगणोद्गीतयशसम् ।**
**शरण्यं लोकानां भवविषमतापाकुलधियां,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ २ ॥**

મુનિસમૂહના નાયક, યોગીશ્વરો, ધનાઢ્યો અને રાજાઓ વડે હમેશાં સ્તુતિ કરાયેલા-આરાધવાલાયક છે ચરણકમળ જેમનાં, વિદ્વાન પુરુષોના સમૂહે ઉચ્ચસ્વરૂપે જેમનું યશોગાન કરેલું છે એવા, આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ઈત્યાદિ વિવિધ પ્રકારના સંસારના વિષમ તાપથી વ્યાકુળ બુદ્ધિવાળા જીવોને શરણ કરવાલાયક અને ધ્યાનમાં ઉલ્લસાયમાન હૃદયવાળા શ્રીગુરુ વૃદ્ધિવિજયજી મહારાજને હું સ્તવું છું. ૨

**तपस्यादीप्ताङ्गं गजवरगतिं पावनतनुं,**
**सुरूपं लावण्यप्रहसितसुराङ्गद्युतिभरम् ।**
**प्रसन्नास्यं पूतक्रमकमलयुग्मं शशिमुखं,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ ३ ॥**

તપસ્યાથી દેદીપ્યમાન શરીરવાળા, શ્રેષ્ઠ હસ્તીસમાન સુંદર ગતિવાળા, પવિત્ર શરીરવાળા, સુંદર રૂપવાળા, લાવણ્ય વડે દેવોના શરીરના કાંતિનો સમૂહ જેણે હસી કાઢ્યો છે એવા, પ્રસન્ન મુખવાળા, જેમનાં બે ચરણકમળ

અતિ પવિત્ર છે એવા, ચંદ્રસમાન મુખવાળા અને ધ્યાનમાં ઉલ્લસાયમાન છે હૃદય જેનું એવા શ્રીગુરુ વૃદ્ધિવિજયજી મહારાજને હું સ્તવું છું. ૩

**श्रुतस्याद्वादार्थप्रमितिनयबोधोद्धुरधियं,**
**सदाचीर्णाचारं यमनियमयोगाङ्गकुशलम् ।**
**महान्तं योगीशं सुविहिततपागच्छतिलकं,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ ४ ॥**

શ્રુતજ્ઞાનમાં વર્ણવેલ (ગુરુપરંપરાથી સાંભળેલ) અથવા પ્રસિદ્ધસ્વરૂપ સ્યાદ્વાદરૂપ પદાર્થો અગર ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો તથા તેના ગુણપર્યાયસ્વરૂપ પદાર્થો, પ્રમાણ, સપ્ત નય, શ્રુતજ્ઞાન (સિદ્ધાંત) એ સર્વના જ્ઞાનમાં અગ્રેસર બુદ્ધિવાળા, સારી રીતે અથવા હંમેશાં ઉત્તમ જ્ઞાનાચારાદિ પાંચ આચારોને આચરનારા, યમ-નિયમ વગેરે યોગના અંગોને આરાધવામાં કુશળ, મહાન્ યોગીશ્વર, ઉત્તમ વિધિવિધાન-વાળા તપાગચ્છના શણગારરૂપ-તિલકસમાન અને ધ્યાનમાં ઉલ્લસાયમાન હૃદયવાળા શ્રીગુરુ વૃદ્ધિવિજયજી મહારાજને હું સ્તવું છું. ૪

**गताज्ञानध्वान्तं निजरमणतालीनचरितं,**
**क्रियायोगोद्युक्तं व्यवहृतिपरं निश्चयरतम् ।**
**कृपाधारोद्रेकप्रमुदितदृशं शान्तमनसं,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ ५ ॥**

અજ્ઞાનરૂપી અંધકાર જેમનો નષ્ટ થયો છે, જેમનું ચરિત્ર આત્મરમણતામાં લીન થયું છે, ક્રિયાનુષ્ઠાનના વ્યાપારમાં ઉદ્યમવંત, વ્યવહારમાં તત્પર, નિશ્ચયમાં આસક્તિવાળા, કરૂણારૂપ અમૃતરસની ધારાના અતિશયપણાથી જેમનાં નેત્રો પ્રમોદવાળાં છે, શાંતરસથી પૂર્ણ અંતઃકરણવાળા અને ધ્યાનમાં ઉલ્લસાયમાન હૃદયવાળા શ્રીગુરુ વૃદ્ધિવિજયજી મહારાજને હું સ્તવું છું. ૫

**यदीया निर्व्याजं स्मृतिरपि जनानां सुखकरी,**
**श्रुता वाचां धारा भवगहनपाथःपतितरी ।**
**समारूढा श्रेणिं जयति विशदाऽध्यात्मलहरी,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ ६ ॥**

જે પરમગુરુનું કપટરહિતપણે કરેલું સ્મરણમાત્ર પણ લોકોત્તર સુખને કરનારું છે, જેમની વાણીની ધારા શ્રવણમાત્રથી જ સંસારરૂપ ગહન સમુદ્રને તારનાર-નાવડી સમાન છે, જે પરમગુરુની ઉત્કૃષ્ટ કોટિમાં ચડેલી અથવા સંયમશ્રેણિ પર ચડેલી નિર્મળ અધ્યાત્મ વિચારની લહેરો સર્વોત્કૃષ્ટ વર્તે છે, તે ધ્યાનમાં ઉલ્લસાયમાન હૃદયવાળા શ્રીગુરુ વૃદ્ધિવિજયજી મહારાજને હું સ્તવું છું. ૬

**जनुर्जातं यस्याऽखिलभविहितं रामनगरे,**
**प्रव्रज्याऽभूद् दील्ह्यां सुरगतिगतिर्भावनगरे ।**
**कृपारामं धामासमसुखततेः पुण्यविततेः,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ ७ ॥**

સમગ્ર જીવોને હિતકારી જે પરમગુરુનો જન્મ પંજાબ દેશમાં આવેલા રામનગર ગામમાં થયો હતો, જે પરમ ગુરુની પ્રવ્રજ્યા દિલ્હીનગરમાં થઈ હતી, અને ભાવનગરમાં સ્વર્ગગમન થયું હતું, તે કૃપાના (દયાના) આરામ (બગીચા-રૂપ) (આ શબ્દ વડે સ્તુતિકારે ગુરુમહારાજનું સંસારીપણાનું **કૃપારામ** એવું નામ ધ્વનિત કર્યું છે.) અને નિરૂપમ સુખની શ્રેણિના અને પુણ્યસમૂહના અથવા અનુપમ સુખના વિસ્તારવાળા પુણ્યસમૂહના ઘરરૂપ, ધ્યાનમાં ઉલ્લસિત હૃદયવાળા શ્રીગુરુ વૃદ્ધિવિજયજીને હું સ્તવું છું. ૭

**प्रशिष्याः शिष्याश्च प्रवरगुणवन्तो विजयिनो,**
**यदीयास्तर्कज्ञा गणिपदधराः पण्डितपदाः ।**
**उपाध्यायाः सूरीश्वरपदयुता वादिमुकुटाः,**
**स्तुवे सोऽहं ध्यानोल्लसितहृदयं वृद्धिविजयम् ॥ ८ ॥**

શ્રીપરમગુરુના શ્રેષ્ઠ ગુણવંત, તર્કના જ્ઞાતા, વાદીઓમાં મુકુટ સમાન, ગણિપદને ધારણ કરનારા, પંન્યાસપદને ધારણ કરનારા, ઉપાધ્યાયપદને ધારણ કરનારા અને આચાર્યપદને ધારણ કરનારા અનેક શિષ્યો-પ્રશિષ્યો વિજયવંત વર્તે છે, તે ધ્યાનમાં ઉલ્લસિત હૃદયવાળા શ્રીગુરુ વૃદ્ધિવિજયજી મહારાજને હું સ્તવું છું. ૮

**क्व चाऽहं विक्षिप्तः क्व तव चरितं योगललितं,**
**तथापि त्वद्भक्तिर्विमलपरिणामा मुनिपते ! ।**
**स्थितान्तः स्तोत्रे मामपटुधियमायोजयदिह,**
**विधत्ते पित्रन्तःकरणहरणं बालभणितिः ॥ ९ ॥**

મુનિઓના સ્વામી ! હે પરમગુરુ ! યોગ (યુક્તિસાધક) અનુષ્ઠાનોમાં સુંદર રીતે વર્તતું આપનું ચરિત્ર ક્યાં ? અને વિક્ષિપ્ત અંતઃકરણવાળો હું ક્યાં ? તો પણ નિર્મળ પરિણામવાળી મારા હૃદયમાં રહેલી તમારી ભક્તિએ મને મંદબુદ્ધિવાળાને પણ તમારી આ સ્તુતિ કરવામાં જોડ્યો છે– બાળકનાં મન્મન (કાલાઘેલા) ભાષાનાં વચનો પિતાના અંતઃકરણનું જરૂર હરણ કરે છે. ૯

**इदं वृद्धिस्तोत्रं सरलवचनार्थावलिमितं,**
**पवित्रं प्रत्यूषे पठति विबुधानन्दनहितम् ।**
**जनो यः सोऽवश्यं लभत इह सद्भावभरितो,**
**भवत्राणं श्रेयःसुतधनयशोवृद्धिविजयम् ॥ १० ॥**

સરળ વચન અને અર્થની પંક્તિઓથી પરિમિત શબ્દોવાળું અને પવિત્ર પંડિતોને (અથવા હે પંડિતજનો !) આનંદન અને (અગર બાળકોને) હિતને આપનારૂં (સ્તુતિકર્તાએ નંદન એવું પોતાનું નામ ગર્ભિત સૂચવ્યું છે.) આ વૃદ્ધિસ્તોત્ર જે પુરુષ પ્રાતઃકાળે ભણે છે, સદ્ભાવથી પૂર્ણ થયેલો તે આત્મા સંસારથી પોતાનું રક્ષણ, પરમ કલ્યાણ, પુત્ર, ધન, યશ, વૃદ્ધિ અને વિજયને પ્રાપ્ત કરે છે. ૧૦

**આચાર્ય-શ્રીવિજયનેમિસૂરિ-પ્રશિષ્ય-**
**આચાર્ય-શ્રીવિજયનંદનસૂરિ.**

## પરિશિષ્ટ-૪

# શ્રીમદ્‌ગુરુ વૃદ્ધિવિજયજી વિયોગાષ્ટક

(મંદાક્રાંતા-છંદ)

જે પંજાબે પ્રથમ પ્રગટ્યા જ્ઞાતિમાં ઓશવાળે,
કૃષ્ણાદેવી ધરમયશના પુત્ર જે ધર્મ પાળે;
સદ્‌બંધુમાં ગુણધર કૃપારામ નામે વિકાસે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૧

જેણે અષ્ટાદશ વરસમાં સર્વ સંસાર છોડી,
સર્વે સંપત્ નિજ પરહરી બુદ્ધિ સન્માર્ગ જોડી;
સદ્‌વૈરાગ્યે ગુરુચરણમાં જે ધરી શીર્ષ ભાસે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૨

શાંતિધારી ગુણ ગુરુતણા સર્વ જેમાં વસેલા,
જેથી સર્વે દુર્ગુણ બધા દૂર જઈને ખસેલા;
દેખી જેને કુમતિ જનની ક્રૂરતા દૂર નાસે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૩

કાંતિધારી મનહર મહા મૂર્ત્તિ છે ભવ્ય જેની,
નિત્યે શોભે હસિત વદને શાંતતા જ્યાં મજેની,
વાણી કેરી અતિ મધુરતા જે સુધાને વિહાસે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૪

મોટા નાના સરવ જનને માન આપે સુહર્ષે,
હેતે બોલી મધુર વચનો ભક્તના ચિત્ત કર્ષે;
જેના ચિત્તે અચળિત સદા તુલ્ય દૃષ્ટિ વિભાસે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૫

વિદ્વાનોના વદન નિરખી નિત્ય આનંદ પામે,
ગ્રંથો દેખી અભિનવ ઘણો હર્ષ જે ચિત્ત જામે;
તત્ત્વો જાણી જિનમતતણાં જ્ઞાનદૃષ્ટિ પ્રકાશે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૬

જે શિષ્યોને વિનય વધવા હેતુથી બોધ આપે,
વિદ્યા કેરું વ્યસન કરવા મસ્તકે હસ્ત થાપે;
જેની સર્વે ઉપકૃતિ સદા શિષ્યવૃંદે ગવાશે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૭

વારે વારે ગુરુવરતણી મૂર્ત્તિ દૃષ્ટે તરે છે,
નેત્રો તેનું સ્મરણ કરતાં અશ્રુધારા ધરે છે;
નિશ્ચે તેની શુભ શિવગતિ નર્મદાતા જ થાશે,
તે **શ્રીવૃદ્ધિવિજય** ગુરુને કેમ ભૂલી જવાશે ? ૮

(જૈનધર્મપ્રકાશ, પુ. ૯, અંક-૩)

## પરિશિષ્ટ-૫

## મુનિરાજશ્રી વૃદ્ધિચંદ્રજીએ કરેલા ચાતુર્માસની યાદી

| | | | |
|---|---|---|---|
| સં.૧૯૦૮ | દિલ્હી | ૧૯૨૬ | રાધનપુર |
| ૧૯૦૯ | જયપુર | ૧૯૨૭ | અમદાવાદ |
| ૧૯૧૦ | બીકાનેર | ૧૯૨૮ | લીંબડી |
| ૧૯૧૧ | ભાવનગર | ૧૯૨૯ | પાલીતાણા |
| ૧૯૧૨ | અમદાવાદ | ૧૯૩૦ | ભાવનગર |
| ૧૯૧૩ | અમદાવાદ | ૧૯૩૧ | અમદાવાદ |
| ૧૯૧૪ | ભાવનગર | ૧૯૩૨ | પાલીતાણા |
| ૧૯૧૫ | ગોઘા | ૧૯૩૩-૩૫ | ભાવનગર |
| ૧૯૧૬ | ભાવનગર | ૧૯૩૬ | વળા |
| ૧૯૧૭-૨૦ | અમદાવાદ | ૧૯૩૭ | વળા |
| ૧૯૨૧ | ભાવનગર | ૧૯૩૮-૪૮ | ભાવનગર |
| ૧૯૨૨-૨૫ | અમદાવાદ | | |

એકંદરે ૧૯ ચોમાસાં ભાવનગર, ૧૨ અમદાવાદ, ૨ પાલીતાણા, ૨ વળા, ૧ દિલ્હી, ૧ જયપુર, ૧ બીકાનેર, ૧ ગોઘા, ૧ રાધનપુર અને ૧ લીંબડી એમ ૪૧ ચાતુર્માસ કરેલાં છે.

## શ્રી ભદ્રંકરોદય શિક્ષણ ટ્રસ્ટ - ગોધરા દ્વારા પ્રકાશિત પુસ્તકો :

| | |
|---|---|
| ૧. અમારિ ઘોષણાનો દસ્તાવેજ | સંપા. વિજયશીલચંદ્રસૂરિ |
| ૨. સમરું પલ-પલ સુવ્રત નામ | કર્તા : વિજયશીલચંદ્રસૂરિ |
| ૩. વલભીપુરની ઐતિહાસિક કીર્તિગાથા | વિજયશીલચંદ્રસૂરિ |
| ૪. અજારા પાર્શ્વનાથ જૈન તીર્થ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૫. ભીની ક્ષણોનો વૈભવ (સચિત્ર) | વિજયશીલચંદ્રસૂરિ |
| ૬. ભીની ક્ષણોનો વૈભવ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૭. વાત્સલ્યનિધિ સંઘનાયક | વિજયશીલચંદ્રસૂરિ |
| ૮. ગુરુગુણકીર્તન | વિજયશીલચંદ્રસૂરિ |
| ૯. સાગરવિહંગમઃ (સંસ્કૃત) | કીર્તિત્રયી |
| ૧૦. હાસ્યમેવ જયતે (સંસ્કૃત) | કીર્તિત્રયી |
| ૧૧. પંચસૂત્રકમ્ (સંસ્કૃત) | સં.અનુ.: ઉપા. ભુવનચંદ્રજી |
| ૧૨. મૃગમૃગેન્દ્રાન્યોક્તિશતકમ્ (સંસ્કૃત) | કર્તા : ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર |
| ૧૩. ધર્મતત્ત્વચિન્તન ભાગ-૧ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૧૪. હેમચન્દ્રાચાર્ય (સંસ્કૃત) (જીવનચરિત્ર) | કર્તા : મુનિકલ્યાણકીર્તિવિજય |
| ૧૫. અભિરાજગીતા | કર્તા : ડૉ. અભિરાજ રાજેન્દ્ર મિશ્ર |
| ૧૬. ધર્મતત્ત્વચિન્તન ભાગ-૨ | વિજયશીલચંદ્રસૂરિ |
| ૧૭. સદ્ધર્મસંરક્ષક (હિન્દી) (પૂ. બૂટેરાયજી મ.નું જીવનચરિત્ર) | હીરાલાલ દુગ્ગડ |
| ૧૮. આદર્શ ગચ્છાધિરાજ (પૂ. મૂલચંદજી મ.નું જીવનચરિત્ર) | મુનિદર્શનવિજયજી (ત્રિપુટી) |
| ૧૯. પંજાબરત્ન ગુરુદેવ (પૂ. વૃદ્ધિચંદ્રજી મ.નું જીવનચરિત્ર) | પં. કુંવરજી આણંદજી |
| ૨૦. સિદ્ધાર્થ (સંસ્કૃત) | કર્તા : મુનિકલ્યાણકીર્તિવિજય |